

પેજ-08

જેકલીનની મુશ્કેલીમાં વધારો : 200 કરોડની ખંડણી કેસમાં આરોપ નક્કી થશે...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

સુમિત અંતિલે કોચના વર્તન સામે સવાલ ઉઠાવ્યા



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 39.00 | 27.00 |
| વડોદરા | 39.00 | 28.00 |
| સુરત | 35.00 | 29.00 |

પેજ 5



1 જૂનથી રૂની આયાત ડ્યૂટી પાંચ મહિના માટે નાબુદ કરવામાં આવી

01 JUNE-2026 MONDAY

યુરોપના પરમાણુ મથક પર હુમલાથી વિશ્વમાં ફફડાટ



પેજ 10

.....સુવિચાર.....

વાણી અને પાણી બંનેમાં એક છબી દેખાય છે. જો પાણી સ્વચ્છ હોય, તો છબી દેખાય છે. અને જો વાણી મીઠી હોય, તો ચારિત્ર્ય દેખાય છે.

વર્ષ-15 । અંક-200 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ - 01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# હિમાચલમાં બેંગલુરુના 8 પ્રવાસીઓના મોત

## ગાડી ખીણમાં ખાબકી, મૃતદેહો બહાર કાઢવામાં આવશે; બરફ જોવા સાચ પાસ જતી વખતે અકસ્માત

(એજન્સી) ચંબા । તા. 31

હિમાચલ પ્રદેશના ચંબાના 'બૈરાગઢ-સાચ પાસ-કિલાડ' માર્ગ પર શુક્રવારે રાત્રે એક ગાડી દુર્ઘટનાગ્રસ્ત થતાં બે બાળકો સહિત આઠ લોકોના મોત થયા. તેમાં બેંગલુરુથી આવેલા પ્રવાસીઓ સવાર હતા. તેમની ગાડી રસ્તા પરથી લગભગ 500 મીટર નીચે ઊંડી ખીણમાં પડી હતી. પોલીસે કેસ નોંધી તપાસ શરૂ કરી દીધી છે.

માહિતી અનુસાર- બેંગલુરુથી આવેલા પ્રવાસીઓના બે પરિવારોએ ચંબાના ડલહૌઝીથી શુક્રવારે એક ટેક્સી (મારુતિ અર્ટિગા કાર) બુક કરાવી. બંને પરિવારો બપોરે 12 વાગ્યાની આસપાસ સાચ પાસ જોત વિસ્તારમાં બરફ અને પહાડોનો આનંદ લેવા નીકળી પડ્યા.

ઘણા સમય પછી જ્યારે ટેક્સી ડલહૌઝી પાછી ન ફરી, ત્યારે ગાડીના માલિકને આશંકા થઈ. ચિંતિત માલિકે ગાડીની GPS લોકેશન ચેક કરી. GPS અનુસાર - વાહન કાલાવન વિસ્તાર પાસે એક જ જગ્યાએ સ્થિર દેખાઈ રહ્યું હતું. તેમાં કોઈ પણ પ્રકારની હલચલ જોવા મળી રહી ન હતી.



### હ્યુમન ચેઈન બનાવી અને દોરડાના સહારે મૃતદેહોને બહાર કાઢવામાં આવી રહ્યા છે

**આથી મૃતકોના મૃતદેહોને આજે ખીણમાંથી બહાર કાઢવામાં આવશે અને પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહો પરિવારજનોને સોંપવામાં આવશે. સ્થાનિક પ્રશાસને મૃતદેહોને બહાર કાઢવા માટે અભિયાન શરૂ કરી દીધું છે. મૃતદેહોને ખીણમાંથી હ્યુમન ચેઈન બનાવી અને દોરડા બાંધીને બહાર કાઢવામાં આવી રહ્યા છે.**

*ત્યારબાદ સ્થાનિક સ્તરે શોધખોળ કરવામાં આવી. શનિવારે બપોર પછી અકસ્માતની જાણ થઈ. ત્યારે સ્થાનિક પ્રશાસનને જાણ કરવામાં આવી. પરંતુ અતિ દુર્ગમ વિસ્તાર, ઊંચી અને ખતરનાક પહાડી અને ખરાબ હવામાનને કારણે ગઈકાલે મૃતદેહોને ખીણમાંથી બહાર કાઢી શકાયા ન હતા.*

# બે દિવસમાં 100 મીટર દોડનો નેશનલ રેકોર્ડ ત્રણ વખત તૂટ્યો

## મોદીએ કહ્યું- ગરમીથી બચવા માટે છાશ, લસ્સી જેવા દેશી પીણાં પીતા રહો

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

રવિવારે તેમના મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરમી વિશે વાત કરી હતી. પીએમએ કહ્યું, આપણા દેશમાં ગરમીનો સામનો કરવાની રીત ઘણીવાર રસોડામાં જોવા મળે છે. તમે જોયું હશે કે જેમ જેમ ગરમી વધે છે તેમ તેમ ઘરની રસોઈના સ્વાદમાં પણ ફેરફાર થાય છે. મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રમતવીરો વિશે વાત કરી. પીએમએ કહ્યું, મિત્રો, દેશભરમાં એક એવી ઘટના જેની ચર્ચા થઈ રહી છે તે છે 100 મીટર દોડ. ફક્ત બે દિવસમાં, પુરુષોની 100 મીટર દોડમાં રાષ્ટ્રીય રેકોર્ડ ત્રણ વખત તૂટ્યો. આ સિદ્ધિ મેળવનારા બે રમતવીરો ગુરિન્દરવીર સિંહ અને અનિમેષ કુજુર છે. 23 મેના રોજ રાંચીના બિરસા મુંડા સ્ટેડિયમ ખાતે આયોજિત ફેડરેશન કપ સિનિયર નેશનલ એથ્લેટિક્સ ટુર્નામેન્ટમાં ગુરિન્દરવીર સિંહે પુરુષોની 100 મીટર દોડ 10.09 સેકન્ડમાં પુરી કરી. તે ભારતના સૌથી ઝડપી દોડવીર બન્યા. ગુરિન્દરવીરએ તેમના હરીફ અનિમેષ કુજુરને પાછળ ધકેલી દીધો, જેના નામે અગાઉ આ રેકોર્ડ હતો.

આપણે સંગીતમાં જુગલબંધી જોઈ છે, પરંતુ આ જુગલબંધી ખાસ છે કે એક પડકાર આપે છે અને બીજો તે પડકારને ઉઠાવી લે છે. પછી, તેઓ ત્રીજી વખત તે કરે છે. તમારો વિષય ખૂબ જ રસપ્રદ રહ્યો છે. હું ઈચ્છું છું કે 'મન કી બાત'ના શ્રોતાઓ તમારા વિશે અને તમે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તે વિશે જાણે.



### ગભરામણ થવાની ફરિયાદ કરી; સીસીટીવી, શરીર પર ઈજાના નિશાન અંગે જવાબ માંગ્યા

# CBIના સવાલોથી ગભરાયા પૂર્વ જજ ગિરિબાલા સિંહ

(એજન્સી) ભોપાલ । તા. 31

એક્ટ્રેસ ટ્વિશા શર્માના મોત કેસની તપાસ કરી રહેલી સીબીઆઈએ પૂર્વ જિલ્લા જજ ગિરિબાલા સિંહની પૂછપરછ દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર જવાબો માંગ્યા છે. તપાસનું મુખ્ય ધ્યાન કથિત ક્રાઈમ સીન સાથે ચેડાં, સીસીટીવી ફૂટેજ અને ડિજિટલ પુરાવાઓને સુરક્ષિત રાખવા સંબંધિત પાસાઓ પર છે.

સૂત્રો અનુસાર, સીબીઆઈની કસ્ટડીમાં ગિરિબાલા સિંહે ચિંતા અને ગભરામણની ફરિયાદ કરી છે. એવું કહેવાય છે કે તેઓ સતત બેચેનીની વાત કહીને પૂછપરછ ટાળવાનો પ્રયાસ કરી રહ્યા છે. જોકે, સીબીઆઈ તરફથી એક મહિલા ડીએસપી તેમની સતત પૂછપરછ કરી રહ્યા છે.

સૂત્રો અનુસાર, તપાસ એજન્સીએ પૂર્વ જજને પૂછ્યું કે તેમની વિરુદ્ધ નોંધાયેલી FIR માં લગાવવામાં આવેલા ગંભીર આરોપો પર તેમની શું સ્પષ્ટતા છે અને ફરિયાદકર્તા પક્ષના આરોપો છતાં તેમની ભૂમિકાને મર્યાદિત કેમ માનવામાં આવે?

એજન્સીએ એ પણ સવાલ ઉઠાવ્યો કે ટ્રાયલ કોર્ટે કેસ ડાયરી, સાક્ષીઓના નિવેદનો અને મૃતકના પરિવારજનો દ્વારા લગાવવામાં આવેલા આરોપો પર વિચાર કેમ ન કર્યો.

### સ્થાનિકો બોલ્યા- હવે શાંતિથી સૂઈ શકીશું, બાંગ્લાદેશીઓ અમારા પાક કાપી શકશે નહીં

# બંગાળમાં બોર્ડર પર ફેન્સિંગ લગાવવા પહોંચી BSF

(એજન્સી) પશ્ચિમ બંગાળ । તા. 31

પશ્ચિમ બંગાળ બોર્ડરનો 600 કિલોમીટરનો એક એવો ભાગ છે, જ્યાં બાંગ્લાદેશ સાથેની સરહદ સંપૂર્ણપણે ખુલ્લી છે. કોઈ ફેન્સિંગ નથી. અહીં થોડા દિવસો પહેલા જ્યારે BSFની ટીમ બોર્ડર માપવા પહોંચી ત્યારે ગામના લોકોએ મીઠાઈઓ વહેંચી. આ વિસ્તાર મુર્શિદાબાદ જિલ્લાના જલંગી બજારમાં ઝીરો લાઇન પર આવેલું સકારપાડા ગામ છે.

4 હજારની વસ્તી અને 2500 મતદારો. તેમાંથી 95% લોકો ખેતી પર નિર્ભર છે. ગામનો ભૂગોળ અત્યંત સંવેદનશીલ છે. ઘર પૂરા થતાં જ ખેતરો આવી જાય છે અને ખેતરો પૂરા થતાં જ બાંગ્લાદેશ. ગ્રામ પંચાયત સભ્ય પિન્ટુ મંડલનું ઘર ગામમાં સૌથી છેલ્લે છે. પરિવાર પાસે 30 વીઘા જમીન છે.

સ્થાનિક પિન્ટુ મંડળે જણાવ્યું કે અમને સાંજે 5 વાગ્યા પછી અમારા ખેતરોમાં જવાની પરવાનગી નથી, પરંતુ બાંગ્લાદેશના લોકો ગમે ત્યારે અમારા ખેતરોમાં ઘૂસી આવે છે અને પાક કાપીને લઈ જાય છે. છેલ્લા 30 વર્ષમાં એવો કોઈ મહિનો નથી ગયો, જ્યારે તેમની સાથે વિવાદ ન થયો હોય, પરંતુ હવે આવું નહીં થાય, કારણ કે BSFએ ફેન્સિંગ લગાવવાનું શરૂ કરી દીધું છે.

### બે તબક્કામાં લાગુ કરવાનો પ્રસ્તાવ; પહેલા 20 રાજ્યોની ચૂંટણી એકસાથે કરાવવા પર વિચાર

# વન નેશન, વન ઈલેક્શન પર સરકારને સુરક્ષિત માર્ગની શોધ

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

કેન્દ્ર સરકાર વન નેશન વન ઈલેક્શન માટે સુરક્ષિત માર્ગ શોધી રહી છે. આ માટે રચાયેલી JPC સાથે સંકળાયેલા સૂત્રો અનુસાર, સમિતિ 'ટુ-ફેઝ ટ્રાન્ઝિશન મોડેલ' પર વિચાર કરી રહી છે, જેથી રાજ્યોમાં વારંવાર ચૂંટણી કરાવવાની કે વિધાનસભાના કાર્યકાળમાં બહુ મોટો ઘટાડો કરવાની જરૂર ન પડે.

સમગ્ર દેશને એકસાથે ચૂંટણી ચક્રમાં લાવવાને બદલે બે તબક્કામાં - 2029 અને 2034માં આગળ વધવાનો વિકલ્પ સૌથી વ્યવહારુ માનવામાં આવી રહ્યો છે. પ્રથમ તબક્કામાં 2029ની લોકસભા ચૂંટણી સાથે લગભગ 20 રાજ્યોની વિધાનસભા ચૂંટણી કરાવી શકાય છે.

સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ની અવધિ 2026ના ચોમાસુ સત્ર સુધી લંબાવવામાં આવી છે. આવી સ્થિતિમાં, 2029થી ચૂંટણી ચક્ર એક કરવાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે. જ્યારે, 2034 સુધીમાં સમગ્ર દેશને સામાન્ય ચૂંટણી ચક્રમાં લાવવાનું લક્ષ્ય છે.

લો કમિશનના પૂર્વ સભ્ય અને મોહનલાલ સુખાડિયા યુનિવર્સિટીના લો કોલેજના ડીન આનંદ પાલીવાલે જણાવ્યું કે 'એક દેશ-એક ચૂંટણી'ને તબક્કાવાર રીતે લાગુ કરવા માટે બંધારણીય વિકલ્પો ઉપલબ્ધ છે.




# પંજાબમાં AAP સરકારે 65 હજારથી વધુ આઉટસોર્સના કર્મચારીઓને સરકાર હસ્તક લેવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો: પ્રવીણ રામ AAP

## ગુજરાત સરકાર આઉટસોર્સિંગના કર્મચારીઓ માટે પંજાબની AAP સરકાર જેવો નિર્ણય લે



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવિણ રામે એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે પંજાબમાં ભગવંત માન સાહેબની AAP સરકારે 65 હજારથી વધુ આઉટસોર્સના કોન્ટ્રાક્ટ કર્મચારીઓને સરકાર હસ્તક લેવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. આ કર્મચારીઓને પીએફ અને નિવૃત્તિ સહિતના લાભ આપવાનો પણ સરકારે નિર્ણય લીધો છે. હું આ નિર્ણયને આવકારું છું. પંજાબની આમ આદમી પાર્ટીની સરકારે આ નિર્ણય લઈને સમગ્ર દેશમાં એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આપણા ગુજરાતમાં 5 લાખની આસપાસ આઉટસોર્સિંગના અને કોન્ટ્રાક્ટના કર્મચારીઓ કામ કરી રહ્યા છે, તેમનું શોષણ થઈ રહ્યું છે. સરકારી તિજોરીઓના પૈસાઓ કર્મચારીઓના નામે સરકારના મળતીયાઓ ઉપાડી જાય છે, કટકી કરી જાય છે અને ગુજરાતનો યુવાન આઉટસોર્સ અને કોન્ટ્રાક્ટના નામે પીસાતો જાય છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, ગુજરાતની સરકારે ગુજરાતના યુવાનોનું શોષણ કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. આઉટસોર્સિંગમાં પોતાની માનીતી એજન્સીઓને સરકારી તિજોરીના પૈસા આપવાના અને તેમાંથી કટકી કરવાનું કામ ગુજરાતમાં ભાજપની સરકાર કરી રહી છે. તો હવે ગુજરાતની જનતાએ પણ આમ આદમી પાર્ટીની સરકાર અને ભાજપની સરકારના તફાવતને સમજવાની જરૂરત છે. ગુજરાતના આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટના કર્મચારીઓ વતી હું સરકાર સમક્ષ માંગણી કરું છું કે જેમ પંજાબની આમ આદમી પાર્ટીની સરકાર દ્વારા જે નિર્ણય લેવાયો છે.

# AAPને ખતમ કરવાના વારંવાર ષડયંત્ર થઈ રહ્યા છે: મનોજ સોરઠીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વડોદરા શહેર પ્રમુખ પર ખોટી રીતે પોલીસ કેસ કરીને સમગ્ર ઘટનામાં આમ આદમી પાર્ટીને બદનામ કરવા બાબતે પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આજે ગુજરાતમાં ખેડૂતો, યુવાનો, મહિલાઓ સહિત તમામ લોકો ભાજપના 30 વર્ષના શાસન અને તેની તાનાશાહીથી પરેશાન છે. એવા સમયમાં હવે આમ આદમી પાર્ટી ધીરે ધીરે લોકોની પસંદ બની રહી છે અને આમ આદમી પાર્ટીનું સંગઠન વધી રહ્યું છે. ગત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના 500થી વધારે ઉમેદવારો ચૂંટાયા અને ગુજરાતના ઈતિહાસમાં એવું પહેલી વાર બન્યો કે ભાજપ અને કોંગ્રેસ સિવાય ત્રીજો પક્ષ આટલા મોટા પ્રમાણમાં સફળ થયો. આ તમામ ઘટનાઓ ભાજપ માટે પરેશાનીનું મોટું કારણ છે. ભાજપને એ બાબતે પરેશાની નથી કે ગુજરાતના લોકોને સુવિધાઓ નથી મળતી, ખેડૂતોને ડીઝલ નથી મળતું, મોંઘવારી વધી છે, લોકો પરેશાન છે, નીટના પેપર લીક થાય છે, આવી કોઈ બાબતથી ભાજપ પરેશાન નથી. પણ જો સામે પક્ષે કોઈ બોલવાવાળું વ્યક્તિ હોય તો ભાજપ માટે એ પરેશાની છે. આજે ખેડૂતો આંદોલન કરી રહ્યા છે કારણ કે ખેડૂતોના ખેતરોમાં વીજ લાઈનની પરમિશન વગર વીજ લાઈન નાખવાનું કામ થઈ રહ્યું છે. આવી પરિસ્થિતિમાં ભાજપને જે ચેલેન્જ આપે છે.

# જે ફોન થયો હતો તે ફોન મેં આઈબીને કર્યો હતો એ પૂછવા માટે કે "તમારે શું જરૂરિયાત છે": અશોક ઓઝા AAP

## મને એક રૂમમાં બેસાડીને ફક્તને ફક્ત પાર્ટીના જુના અને નવા સંગઠન તથા ફંડ વિશે પૂછવામાં આવ્યું: અશોક ઓઝા AAP



અમદાવાદ | આમ આદમી પાર્ટીના વડોદરા શહેર પ્રમુખ અશોક ઓઝાને આરોપી દર્શાવીને કેસ કરવામાં આવ્યો હતો. જે મુદ્દા પર તેમણે આજે ખુલાસો કરતા જણાવ્યું હતું કે, આખી હકીકત ઉપજાવી કાઢેલી છે, મને પોલીસ લઈ ગઈ અને મારો વિડીયો બનાવવામાં આવ્યો. હું એક જ વાત કહું છું કે જે ફોન થયો હતો તે ફોન મેં આઈબીને કર્યો હતો એ પૂછવા માટે કે "તમારે શું જરૂરિયાત છે" અને તેની અંદર જે અમારા પદાધિકારી કેશવ ચૌહાણ છે, એ પોતે પણ કોન્ફરન્સ કોલમાં હાજર હતા. મેં એવું કહેવા માટે ફોન નહોતો કર્યો કે "તમે આમ કરો અને આઈબી બનીને ફોન કરો".વધુમાં આમ આદમી પાર્ટીના નેતા અશોક ઓઝાએ જણાવ્યું હતું કે, આ બધી બાબત બાજુમાં રાખીએ અને આપણે જોઈએ કે મને જ્યારે લઈ જવામાં આવ્યો ત્યાં એક મેડમ આવે છે, તેઓ એક રૂમમાં, પોતાની જાતને પીઆઇ બતાવીને મારી સાથે બે કલાક સુધી ચર્ચાઓ કરે છે. એ ચર્ચામાં તેઓ ફક્ત અને ફક્ત પાર્ટીના જુના સંગઠન અને નવા સંગઠન પૂછે છે. તો શું મને ત્યાં એટલા માટે લઈ જવામાં આવ્યો હતો કે પાર્ટીનું સંગઠન કેવું છે, જૂનું શું હતું અને નવું શું છે? એ બેન દ્વારા મને પૂછવામાં આવ્યું કે તમારું ગુજરાતમાં ફંડ ક્યાંથી આવે છે? તમારું વડોદરાનું ફંડ ક્યાંથી આવે છે? 24થી 26 તારીખ સુધી કેજરીવાલજી રોકાયા એનું ફંડ ક્યાંથી આવ્યું? હું આજે હર્ષ સંઘવીને સીધું પૂછવા માંગુ છું કે, લોકોને પકડવા, લોકોને ધમકાવવા, લોકો પર ખોટા ખોટા કેસ કરવા, આવી રાજનીતિ કરવામાં માંગો છો? એ પરમાર મેડમ કોણ હતા? મને કોઈપણ એન્ગલથી એ પીઆઈ નહોતા લાગતા.

## ડાકોરમાં રાજાધિરાજ રણછોડરાયના દર્શન કરવા ભક્તોની ભીજ જોવા મળી હતી

# પૂનમે રાજ્યના મંદિરોમાં ઉમટ્યું ભક્તોનું ઘોડાપૂર, વહેલી સવારથી શ્રદ્ધાળુઓની લાગી લાંબી કતારો

ગુજરાત | ગુજરાતભરમાં આજે અધિક (પુરુષોત્તમ) માસની પવિત્ર પૂર્ણિમાના અવસરે આધ્યાત્મિક અને ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. રાજ્યના સુપ્રસિદ્ધ મંદિરોમાં વહેલી સવારથી જ ભગવાનના દર્શન કરવા માટે લાખો માઈભક્તો અને શ્રદ્ધાળુઓનું ભવ્ય ઘોડાપૂર ઉમટ્યું છે. વિવિધ મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, શણગાર અને મનોરથના આયોજન સાથે સમગ્ર વાતાવરણ જયઘોષથી ગુંજી ઉઠ્યું છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે અધિક માસ જેઠ મહિનાની પવિત્ર પૂનમના દિવસે ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ મા અંબાના દર્શનનો લાભ લેવા માટે શ્રદ્ધાળુઓની કિલોમીટરો લાંબી લાઈનો લાગી હતી. અંબાજી મંદિર પરિસરમાં 'બોલ મારી અંબે, જય જય અંબે' ના ગગનભેદી નાદ ગુંજી ઉઠ્યા હતા, અને ભાવિકોએ માના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી.

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ ધામ ડાકોરમાં રાજાધિરાજ રણછોડરાયના દર્શન કરવા ભક્તોની ભીજ જોવા મળી હતી. વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓએ કતારબદ્ધ થઈને પ્રભુના દર્શન કર્યા હતા, જેના કારણે સમગ્ર ડાકોર નગરી 'જય રણછોડ' ના નાદ સાથે ભક્તિના રંગમાં રંગાઈ ગઈ હતી. ભક્તોની અસાધારણ ભીડને ધ્યાનમાં રાખીને મંદિર પરિસર તેમજ પવિત્ર ગોમતી તળાવના કિનારે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. આ સાથે જ શહેરમાં ટ્રાફિક નિયંત્રણ માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ રૂટની વ્યવસ્થા કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે પૂર્ણિમાના પાવન અવસરે આજે વહેલી સવારથી જ હજારો ભક્તો ભગવાન શામળિયાના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. પુરુષોત્તમ (અધિક) માસ દરમિયાન ભગવાન વિષ્ણુની આરાધના અને દર્શનનું વિશેષ મહત્ત્વ હોવાથી રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ શામળાજી ધામ પહોંચ્યા હતા. ભગવાન શામળિયાના નિજ મંદિરને રંગબેરંગી અને સુગંધિત ફૂલોથી ભવ્ય રીતે સજાવવામાં આવ્યું છે.






### શામળાજીમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો ભવ્ય 'કેરી મનોરથ'

અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે પૂર્ણિમાના પાવન અવસરે આજે વહેલી સવારથી જ હજારો ભક્તો ભગવાન શામળિયાના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. પુરુષોત્તમ (અધિક) માસ દરમિયાન ભગવાન વિષ્ણુની આરાધના અને દર્શનનું વિશેષ મહત્ત્વ હોવાથી રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ શામળાજી ધામ પહોંચ્યા હતા. ભગવાન શામળિયાના નિજ મંદિરને રંગબેરંગી અને સુગંધિત ફૂલોથી ભવ્ય રીતે સજાવવામાં આવ્યું છે.

પૂનમના પવિત્ર દિવસે મંદિરમાં પરંપરાગત રીતે ભવ્ય 'કેરી મનોરથ'ની ઉજવણી કરાઈ રહી છે, જે દર્શનાર્થીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સમગ્ર પરિસર 'જય શામળિયા' ના જયઘોષથી ગુંજી ઉઠ્યું છે.

દ્વારકાધીશની નગરીમાં અધિક માસની પૂનમે ગોમતી નદીમાં સ્નાન કરવાનું અનેરૂં પુણ્ય હોઈ, ભક્તો વહેલી સવારે જ નદી કાંઠે પહોંચ્યા હતા.

# રાજુલા ના ધારાસભ્ય દ્વારા પ્રિ મોન્સુન કામગીરી અને પ્રજાલક્ષી વિકાસકાર્યો અંગે અધિકારીઓ પદાધિકારીઓ સાથે બેઠક યોજાઈ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આજરોજ રાજુલા ખાતે ધારાસભ્ય દ્વારા પ્રાંત કલેક્ટરની અધ્યક્ષતામાં અધિકારીઓ, પદાધિકારીઓ અને આગેવાનો સાથે બેઠક યોજી વિવિધ પ્રજાલક્ષી પ્રશ્નો, પ્રિ-મોન્સૂન કામગીરી તેમજ નવા વિકાસકાર્યો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન વિવિધ સ્થળોની મુલાકાત લઈ જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે રાજુલા શહેરમાં પીવાના પાણીની સુવિધા માટે GUDC દ્વારા ચાલી રહેલી વિવિધ પાઈપલાઈન કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ ચોમાસા પહેલા છતડીયા રોડ સહિત પાઈપલાઈન માટે ખોદવામાં આવેલા રસ્તાઓનું તાત્કાલિક રિપેરિંગ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મામલતદાર કચેરી પાછળ આવેલી સિડ ફાર્મની જમીન પર નવી નગરપાલિકા કચેરી, ફાયર સ્ટેશન અને આધુનિક ઓડિટોરિયમ હોલના નિર્માણ માટે સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. રેલવેની જમીનમાંથી હોસ્પિટલ સુધી નવો માર્ગ કાઢવાની યોજનાને લઈને સ્થળ મુલાકાત કરી જરૂરી કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી. રાજુલાની શાન સમા આંબેડકર સર્કલથી જાફરાબાદ રોડ સુધી નિર્માણાધીન નવા માર્ગની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.રાજુલા-બાઢડા રોડ પર અસરગ્રસ્ત ખેડૂતોને વળતર ચુકવવા બાબતે અધિકારીઓ સાથે ચર્ચા કરી વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

આ પ્રસંગે નગરપાલિકાના સત્તાધીશો, ચીફ ઓફિસર, સહકારી ક્ષેત્રના આગેવાનો, વેપારીઓ તેમજ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં વિકાસકાર્યોને વધુ ગતિ આપવા અને ચોમાસા પૂર્વે જરૂરી કામગીરી પૂર્ણ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

## News Brief

### રાજુલામાં પાણીની પાઈપલાઈન અને સીસી કામમાં ગેરરીતિની ફરિયાદ, તપાસની માંગ ઉઠી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા શહેરમાં ચાલી રહેલી પાણીની પાઈપલાઈન યોજનાના કામમાં ગંભીર ગેરરીતિઓ થયાનો આક્ષેપ સામે આવ્યો છે. અંદાજે 30 કરોડ રૂપિયાની યોજનામાં પાઈપલાઈન આડેધડ નાખવામાં આવી હોવાનું તેમજ જરૂરી સીસી (સિમેન્ટ કોંક્રીટ) અને લોકિંગની કામગીરી યોગ્ય રીતે કરવામાં આવી ન હોવાનું જણાવવામાં આવ્યું છે, જેના કારણે સમગ્ર યોજનાની ગુણવત્તા અંગે સવાલો ઊભા થયા છે. આ મામલે પાલિકા પ્રમુખના પ્રતિનિધિ મયુરભાઈ દવે દ્વારા રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે રાજુલા-છતડીયા રોડ પર પાઈપલાઈનના ખોદકામ બાદ કરવામાં આવેલ સીસી કામ અત્યંત નબળી ગુણવત્તાનું છે. અનેક સ્થળોએ સિમેન્ટના બદલે કાંકરી દેખાઈ રહી છે અને સીસી તૂટી જવાની સ્થિતિમાં પહોંચી ગયું છે.રજૂઆતમાં કામ કરનાર પેટા કોન્ટ્રાક્ટરના બિલો તાત્કાલિક અસરથી અટકાવવા, સીસીનું કામ ફરીથી કરાવવા તેમજ તેમાં કેટલું સિમેન્ટ અને રેતી વપરાઈ છે તેની તકનિકી તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ સમગ્ર પાઈપલાઈન અને સીસી કામનું ગુણવત્તા ચકાસણી ઓડિટ કરાવવા પણ માંગ કરવામાં આવી છે.ધારાસભ્ય દ્વારા પણ મામલાને ગંભીરતાથી લઈને સંબંધિત અધિકારીઓ સમક્ષ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ગુરુવારે GUDCના અધિકારીઓ રાજુલા ખાતે રૂબરૂ મુલાકાત લઈને પાણીની પાઈપલાઈન તેમજ સીસી કામની સ્થળ તપાસ કરશે તેવી માહિતી મળી રહી છે.સ્થાનિક આગેવાનો અને નાગરિકોમાં માંગ ઉઠી છે કે જાહેર નાણાંમાંથી કરવામાં આવતા વિકાસકામોમાં કોઈપણ પ્રકારનો ભ્રષ્ટાચાર કે બેદરકારી સહન કરવામાં ન આવે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

### વડોદરામાં પાણીની સમસ્યાથી કંટાળેલા સ્થાનિકોએ માટલા ફોડ્યા

વડોદરા | વડોદરા શહેરના ડભોઈ રોડ સ્થિત શાંતિનગર વિસ્તારના રહીશોએ લાંબા સમયથી ચાલતી પાણીની સમસ્યાથી કંટાળી ગઈકાલે શનિવારે એકત્ર થઈ મ્યુનિ. કોર્પોરેશન વિરૂધ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો છે. પાણીની સમસ્યાથી કંટાળેલા સ્થાનિકો માટલા ફોડી રોષ વ્યક્ત કર્યો હતો.

વોર્ડ નંબર-16માં આવેલ, શાંતિનગર વિસ્તારના રહીશોના જણાવ્યા મુજબ શક્તિ નગર, શાંતિનગર-1 અને 2, હીરાબાનગર, વિશ્વકર્માનગર તથા પંચમુખીનગર સહિતના વિસ્તારોમાં છેલ્લા આઠ મહિનાથી પાણીની ગંભીર સમસ્યા છે. અંદાજે એક હજાર મકાનો ધરાવતા આ વિસ્તારોમાં ખૂબ ઓછા પ્રમાણમાં અને દૂષિત પાણી મળી રહ્યું હોવાનો સ્થાનિકોએ દાવો કર્યો છે.

વધુમાં રહીશોએ આરોપ કર્યો છે કે, 'નિયમિત રીતે વેરો ભરવા છતાં શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં પાણી મળતું નથી. પાણી માટે મ્યુનિ.કોર્પોરેશન સમક્ષ ભીખ માગવા જેવી સ્થિતિ સર્જાઈ છે. વોર્ડ કચેરી તેમજ સ્થાનિક આગેવાનો સમક્ષ અનેક વખત રજૂઆત કરવા છતાં સમસ્યાનો કોઈ ઉકેલ આવી રહ્યો નથી. પાણીની અછતને કારણે અન્ય વિસ્તારોમાં પાણી ભરવા જવું પડે છે.' પરંતુ ત્યાં પણ એક-બે વખત પાણી ભરવા દઈ બાદમાં મનાઈ કરવામાં આવતી હોવાથી અપમાનજનક સ્થિતિનો સામનો કરવો પડે છે.

### અમદાવાદીઓ સાવધાન! ગાયનું ઘી, પનીર, બટર, ચીઝ, સોસ સહિતના 28 નમૂના ફેલ

અમદાવાદના શહેરીજનોના પેટમાં બેરોકટોક હાનિકારક પદાર્થ ઠાલવાઈ રહ્યો હોય તેમ એક મહિનામાં ગાયનું ઘી, કેરીનો રસ, પનીર, બટર, ચીઝ, સોસ, મસાલા, આઈસક્રિમ સહિતના ખાદ્ય પદાર્થોના 28 નમૂના અપ્રમાણિત જાહેર થયા છે.

આ સિવાય પાણીપુરીના પાણીના 7 નમૂનામાં ફૂડ ગ્રેડ કલર મળ્યો છે. જોકે છેલ્લા 12 દિવસમાં તંત્રએ 599 ખાદ્ય એકમોની તપાસ કરીને 202 લોકોને નોટિસ આપી બિન આરોગ્યપ્રદ ખોરાક વેચવા બદલ 5.16 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. અમદાવાદ મ્યુનિસિપલના ફૂડ વિભાગે જ જાહેર કરેલા આંકડા અનુસાર મે મહિના દરમિયાન કુલ 862 નમૂના લેવાયા હતા. જે પૈકી બળેલું તેલ, પાણીપુરીનું પાણી, ગાયનું ઘી, રગડો, હળદર, સોયા મસ્તી, માખણ, મિલ્કશેક, મરચા પાવડર, મન્ચુરિયન, જ્યુસ વગેરે જેવા ખાદ્ય પદાર્થોના જુદા જુદા એકમોમાંથી લેવામાં આવેલા 28 નમૂના અપ્રમાણિત જાહેર થયા છે.

પરિણામે 7 કિસ્સામાં કોર્ટમાં, જ્યારે 21 સામે એજ્યુડિકેટિંગ ઓફિસર સમક્ષ કેસ દાખલ કરવામાં આવશે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી છેલ્લા 12 દિવસમાં કુલ 290 નમૂના લેવામાં આવ્યા હતા. જેમાંથી 6 નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર કરાયા છે. અમદાવાદ શહેરમાં ત્રણ માસ દરમિયાન 27 રેસ્ટોરન્ટ મિલ્ક પનીરના બદલે એનાલોગ પનીરનો ઉપયોગ કરતા પકડાયા છે. જેની સામે કાર્યવાહી હાથ ધરાઈ છે. એનાલોગ પનીરનો ગેરકાયદે ઉપયોગ કરતા હોટેલ-રેસ્ટોરન્ટને સીલ કરવા સુધીની કાર્યવાહી કરાશે.

### શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે 'અધિક જેઠ માસ' (પુરુષોત્તમ માસ) પૂનમ નિમિત્તે દાદાને દિવસમાં ત્રણ વખત દિવ્ય વાઘાનો શણગાર અને નાળિયેરની થીમનો દિવ્ય શણગાર સાથે અન્નકૂટ ધરાવવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૧ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુરધામ ખાતે પવિત્ર 'અધિક જેઠ માસ' એટલે કે 'પુરુષોત્તમ માસ' નિમિત્તે શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી પ્રેરણાથી તારીખ 31-05-2026, રવિવાર (સુદ પૂનમ) ના પવિત્ર દિવસે દાદાને દિવસમાં ત્રણ વખત દિવ્ય વાઘાનો શણગાર તથા નાળિયેરની થીમનો દિવ્ય શણગાર સાથે અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. મંગળા આરતી સવારે ૦૫:૩૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા, શણગાર આરતી સવારે ૦૭:૦૦ કલાકે કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી,રાજોપચાર પૂજનનુ સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. શ્રીકષ્ટભંજનદેવ દાદાનો દાદાને દિવસમાં ત્રણ પ્રકારના દિવ્ય શણગાર દર્શન યોજાયા, જેમાં દેવદિવાળી, રક્ષા બંધન, હનુમાન જયંતી અને ગુરુ પૂર્ણિમા જેવા પવિત્ર ઉત્સવોના ભાવો પ્રગટ કરતો એમ્બ્રોઇડરી વર્કવાળા વાઘા, રાખડીઓના વાઘા, સિલ્વર ડાયમંડ જડીત મયૂરાકાર મુગટ અને વાઘાનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો.મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞનું આયોજન કારવમાં આવ્યું હતું. પવિત્ર પૂનમ ના દિવસે મંદિર પરિસરમાં વહેલી સવારથી જ ભક્તિમય માહોલ ભક્તોનુ ઘોડાપૂર ઉમટી પડયું હતુ. મંદિરના પટાંગણમાં પવિત્ર અધિકમાસ નિમિત્તે પારિવારિક શાંતિ માટે શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.17 મે થી 15 જૂન 2026 સુધી સવારે 9 થી 12 અને સાંજે 3 થી 6:30 દરમિયાન કરવામાં આવ્યું છે.

### જાફરાબાદ મચ્છી માર્કેટ માં પ્રથમ વરસાદી ઝાપટા થી પાણી ભરાયા : મચ્છી માર્કેટમાં પાણી ભરાતા પાથરણાવાળા વાળાની મુશ્કેલી વધી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તા/૩૧/૦૫/૨૦૨૬ ના રોજ વહેલી સવારે વરસાદ ની એન્ટ્રી થઈ હતી ૨૦ મીની સુધી વરસેલા વરસાદે નગરપાલિકા ની વિકાસ ગાથા ની પોલ ખોલી નાખી હતી બસ સ્ટેશન ના મેન ગેટ પાસે જ મસમોટા તણાવનું નિર્માણ થયું અહીં બનેલો આરસીસી રોડ ની એક ઝલક જોવા મળી હતી આ પાણી નું તણાવ ભરાતા મુસાફરો આ તણાવના પાણી માંથી પસાર થતા પાલિકા ના વિકાસ ની ખુશી વ્યક્ત કરી હતી તો બીજી બાજુ મચ્છી માર્કેટની અંદર નો નજારો જોતા અને વહેલી સવારે મહિલાઓ આ માર્કેટમાં ખરીદી માટે આવતા અને આ વરસાદી પાણી ભરાઈ જતાં તે પાણી દુર્ગંધ મારતું હોવા છતાં ના છુટકે ચાલવા મજબુર પરંતુ આ મચ્છી માર્કેટમાં પ્રથમ વરસાદ પડતાં ની સાથે પાણી ના તણાવો ભરાઈ જતાં પાથરણાવાળા ની મુશ્કેલી વધી કારણકે જ્યાં વરસાદી પાણી ભરાતા પોતાની રોજીરોટી પણ પાણી ફરી વળ્યા જ્યાં બેઠી પોતાનો ધંધો ચલાવતા ત્યાંજ વરસાદી પાણી ભરાઈ જતાં લારીઓમાં સામાન હોવા છતાં ગ્રાહકો આ વરસાદી પાણી ના કારણે આવતા ન હોવાથી પાલિકા સામે રોષ ભભુકી ઉઠયો હતો પ્રથમ વરસાદ ના ઝાપટા એ પાલિકા ની પ્રિ- મોન્સુન કામગીરી ની લોલમલોલ ની પોલ ખોલી નાખી હતી મચ્છી માર્કેટમાં પ્રથમ વરસાદી પાણી ભરાઈ જતા કાદવકીચડ ના કારણે લપસીને ન પડી જવાય તે માટે અમુક પાથરણાવાળા લારી નાખી પોતાનો વેપાર હલાવતા લોકો દ્વારા પોતાના હાથમાં પાવડા લઈને પાણી બહાર કાઢવા ના પ્રયાસો કરવા આવ્યા હતા પરંતુ જેની જવાબદારી છે. તે પાલિકા ના કોઈ કર્મચારી કે ક્લીન ઈમેજની શેખી મારતાં સદસ્યો પણ ડોકાવા પણ આવ્યા નથી આ વિકાસ ની પ્રથમ વરસાદી ઝાપટા એ પાલિકા ની કામગીરી ની લોલમલોલ પોલ ખોલી નાખી હતી આ વરસાદી પાણી ભરાઈ જતાં પાથરણાવાળા લારી ધરાવતા વેપારીઓ દ્વારા પાલિકા સામે આક્રોશ વ્યકત કર્યો હતો અને પાલિકા દ્વારા ઠેકઠેકાણે દોરેલા સ્વચ્છતા ના ચિત્રો જેવી કામગીરી હાથ ધરવા આવશે..? કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે મચ્છી માર્કેટ માં પોતાનો વેપાર ચલાવતા પાથરણાવાળા ધારકો લારી ધરાવતા વેપારીઓ અને રાહદારીઓ માંથી માંગ ઉઠી છે કે આ પ્રથમ વરસાદ માં જ તણાવો ભરાઈ ગયા હોય તો ચોમાસા દરમિયાન કેવી હાલત થઈ જશે આના કારણે અમારા રોજગાર ધંધા મોટી અસર પડે તે પહેલા પાલિકા દ્વારા જ્યાં જ્યાં વરસાદી પાણી ભરાઈ જતા હોય ત્યાં ત્યાં પાણી ના નિકાલ માટે ની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ પાથરણાવાળા વાળા લારીધરોકો માંથી માંગ ઉઠી છે.

### વલસાડ જિલ્લામાં મેઘરાજાની પધરામણી, ચાર તાલુકામાં ધોધમાર વરસાદથી ગરમીમાં રાહત

વલસાડ | ગુજરાતભરમાં કાળઝાળ ગરમી વચ્ચે પ્રિ-મોન્સૂન એક્ટિવિટીનો દોર શરૂ થયો છે, ત્યારે દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના વાતાવરણમાં પણ મોડી રાત્રે અચાનક પલટો આવ્યો હતો. છેલ્લા ઘણાં દિવસોથી પડી રહેલી આગ ઝરતી ગરમી અને અસહ્ય ઉકળાટથી સેકાતા લોકો માટે મેઘરાજા આશીર્વાદ બનીને વરસ્યા છે. જિલ્લાના વાપી, વલસાડ, ધરમપુર અને કપરાડા સહિતના ચાર તાલુકાઓમાં વરસાદ પડતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે. આ વરસાદી માહોલને કારણે અસહ્ય ગરમીથી તોબા પોકારી ઉઠેલા સ્થાનિક નાગરિકોએ થોડે અંશે રાહત અનુભવી છે.

શનિવારે (30મી મે) મધરાતે જિલ્લાના વાતાવરણમાં એકાએક પલટો આવ્યા બાદ વાપી, વલસાડ અને ધરમપુરમાં જોરદાર વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. વાપી શહેરમાં રાત્રિના સમયે અંદાજે 15 મિનિટ સુધી મુશળધાર વરસાદ ખાબક્યો હતો, જેના કારણે મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. ટૂંકા ગાળાના પરંતુ જોરદાર વરસાદી ઝાપટાને લીધે નીચાણવાળા વિસ્તારો અને ઠેર-ઠેર રસ્તાઓ પર પાણી પાણી થઈ ગયું હતું.

# નેપાળથી ગાંધીનગર સુધી ગાંજાના નેટવર્કનો પર્દાફાશ : એન્ટી નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સે જેઠલજ રેલ્વે નાળા પાસેથી 4.68 કિલો ગાંજા સાથે ત્રણને દબોચ્યા

ગાંધીનગર | ગાંધીનગર એન્ટી નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સ ની ટીમે એક સફળ ઓપરેશન હાથ ધરી આંતરરાજ્ય ગાંજાના હેરાફેરીના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. નેપાળથી ટ્રેન માર્ગે બિહાર અને ત્યારબાદ ગાંધીનગર સુધી પહોંચાડવામાં આવેલા ગાંજાના જથ્થાને પોલીસે જેઠલજ ગામની સીમમાં રેલ્વે નાળા પાસેથી પકડી પાડ્યો છે. પૂર્વ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી રૂ.2.34 લાખની કિંમતનો 4 કિલો 680 ગ્રામ ગાંજાના જથ્થા સાથે ત્રણ ઈસમોને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એન્ટી નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સ ધ્વારા નેપાળથી ગાંધીનગર સુધી ગાંજાના નેટવર્ક પર્દાફાશ કરી સપાટો બોલાવી દેવામાં આવ્યો છે.પોલીસે બાતમી મળી હતી કે,સાંતેજ પોલીસ મથકની હદ વિસ્તારના જેઠલજ ગામની સીમમાં રેલ્વે નાળા પાસે ગાંજાના જથ્થાની ડિલિવરી થવાની છે. જે બાતમી આધારે પોલીસે વોચ ગોઠવીને ત્રણ ઈસમોને દબોચી લીધા હતા. જોકે સ્થળ પર આરોપીની પૂછતાછ શકય નહીં હોવાથી તેઓને જેઠલજ પંચાયત કચેરી લઈ જવાયા હતા.



પરંતુ પોલીસ કાર્યવાહી દરમિયાન પંચાયત કચેરીનો વીજ પુરવઠો કલાકો સુધી ખોરવાઈ જતા ટીમ મુઝવણમાં મુકાઈ ગઈ હતી.આથી નાછૂટકે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ મુદ્દામાલ સાથે આરોપીઓને લઈને સાંતેજ પોલીસ મથકે પહોંચી હતી.

આ અંગે પોલીસ સૂત્રોએ કહ્યું કે, તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલા આરોપીઓ પૈકી ચંદ્રેશ્વર પ્રસાદ યોગેન્દ્ર મહતો અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર થોડા દિવસો પૂર્વે જ નેપાળથી અજાણ્યા વ્યક્તિ પાસેથી આ ગાંજો ટ્રેનમાં બિહાર લાવ્યા હતા. તેઓ ટ્રેનમાં વગર ટિકિટે મુસાફરી કરી આ માદક પદાર્થ જેઠલજ ગામના શુભમ દેવાભાઈ સેનવાને પહોંચાડવા આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ જથ્થો શુભમ અન્ય બે વોન્ટેડ આરોપીઓ સુધી પહોચતો કરવાનો હતો.

વધુમાં સૂત્રોએ ઉમેર્યું કે, એફએસએલ અધિકારી દ્વારા સ્થળ પર જ ગાંજાનું પરીક્ષણ કરવામાં આવતા તે માદક પદાર્થ હોવાની પુષ્ટિ થઈ હતી. ટીમ ધ્વારા સ્થળ પરથી ગાંજા ઉપરાંત બે મોબાઈલ ફોન ,8040 રૂપિયાની રોકડ, ડ્રાઈવિંગ લાયસન્સ, એક મોટર સાયકલ મળી કુલ 3.47 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

શુભમ સેનવાએ અગાઉ પણ વોન્ટેડ આરોપીઓને ગાંજાનો જથ્થો સપ્લાય કર્યો હતો. જેઓ વચ્ચે વોટ્સએપ કોલથી વાતચીત થતું હોવાનું સામે આવ્યું છે. હાલમાં આ નેટવર્કની વધુ તપાસ ચાલી રહી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## વસૂલાત રૂ. 8.52 કરોડને પાર, એક વર્ષમાં 388 સ્થળે સઘન તપાસ

# સૌરાષ્ટ્રમાં ખનીજચોરી પર ખાણ વિભાગની લાલ આંખ

(એજન્સી) રાજકોટ । તા. 31

સૌરાષ્ટ્રમાં ગેરકાયદે ખનીજ પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા માટે ખાણ ખનીજ વિભાગે કડક વલણ અપનાવ્યું છે. રાજકોટ ઝોન ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા હાથ ધરવામાં આવેલી સઘન ચેકિંગ ઝુંબેશના પરિણામે ગેરકાયદેસર રીતે ખનીજ ખનન, વહન અને સંગ્રહના કેસોમાં ધરખમ વધારો નોંધાયો છે. વિભાગ દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી મુજબ, ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે દંડની વસૂલાતમાં ૧૦૬ ટકાનો સીધો ઉછાળો જોવા મળ્યો છે.

### કેસો અને દંડની વસૂલાતમાં બમણો વધારો

ખાણ ખનીજ વિભાગના આંકડાઓ અનુસાર, વર્ષ ૨૦૨૪-૨૫ માં કુલ ૧૮૭ કેસ નોંધીને ૪.૧૩ કરોડ રૂપિયાની દંડની વસૂલાત કરવામાં આવી હતી. જોકે, ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માં આ કામગીરી વધુ વેગવંતી બનતા ખનીજચોરીના કેસોની સંખ્યા ૧૮૭ થી વધીને ૩૮૮ પર પહોંચી ગઈ છે. આ સાથે જ દંડની વસૂલાત પણ રૂ. ૪.૧૩ કરોડથી વધીને રૂ. ૮.૫૨ કરોડને પાર કરી ગઈ છે. ફ્લાઈંગ સ્ક્વોડની આ કાર્યવાહીમાં ૩૪૦ જેટલા ઓવરલોડ અને બિનઅધિકૃત વાહનો પણ ઝડપાયા છે, જે ગેરકાયદેસર પરિવહન સામેની કડક



કાર્યવાહીનો પુરાવો આપે છે.

સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ, મોરબી, દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદર જિલ્લાઓમાં ગેરકાયદે ખનીજ પ્રવૃત્તિઓનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે. નદીઓમાંથી રેતીચોરી કરીને તેનો ઉપયોગ બાંધકામ ઉદ્યોગમાં, જ્યારે બ્લેક ટ્રેપ ખનન કરીને ક્રશર પ્લાન્ટ્સ અને રોડ કન્સ્ટ્રક્શનમાં ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત, લાઈમસ્ટોન, ચોક ખનીજ, સાદી માટી અને મોરમ જેવા ખનીજોનું પણ બેરોકટોક ગેરકાયદે ખનન થતું હોવાનું વિભાગના ધ્યાન પર આવ્યું છે.

રાજકોટ ઝોન ખાણ ખનીજ વિભાગના નાયબ નિયામકે જણાવ્યું હતું કે, આ સફળતા પાછળ ડ્રોન સર્વેલન્સ, આધુનિક ટેકનોલોજી અને અચાનક કરવામાં આવતા સરપ્રાઈઝ ચેકિંગ મુખ્ય કારણો છે. આગામી દિવસોમાં આ ડ્રાઈવને વધુ તેજ કરવામાં આવશે. ખાણ ખનીજ વિભાગ દ્વારા હવે તમામ લીઝ પર સીસીટીવી કેમેરા ફરજિયાત કરવાની અને વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમ લાગુ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય રોયલ્ટી ચોરીના આંકડાઓને શૂન્ય પર લાવવાનો અને સરકારી તિજોરીને થતું નુકસાન અટકાવવાનો છે.

ભૂમાફિયાઓ પરની આ તવાઈથી સૌરાષ્ટ્રના ખનીજ વિસ્તારોમાં ખળભળાટ મચી ગયો છે. વિભાગના અધિકારીઓએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે નિયમોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ તત્વને છોડવામાં આવશે નહીં. ખાણ ખનીજ વિભાગની આ સઘન કામગીરીથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં ઘટાડો થવાની અને મહેસૂલી આવકમાં વધુ વૃદ્ધિ થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

## અકસ્માતમાં મહિલાનું મોત થતાં ઉશ્કેરાયેલા લોકોએ ડમ્પર સળગાવ્યું



શાપુર (વંથલી) | વંથલીના સાંતલપુર નજીક એક હૃદયદ્રાવક અકસ્માતમાં મહિલાનું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને ઉશ્કેરાયેલા ટોળાએ અકસ્માત સર્જનાર રેતી ભરેલા ડમ્પરને આગના હવાલે કરી દીધું હતું. આ બનાવને પગલે વિસ્તારમાં તંગદિલી સર્જાઈ હતી અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. વંથલીના કણઝા વિસ્તારમાં રહેતા ઉમેશ કિશોરભાઈ ગોહેલ, તેમના માતા સવિતાબેન કિશોરભાઈ ગોહેલ અને ઉમેશભાઈનો પુત્ર શિવમ બાઈક પર ખેતરેથી ઘરે પરત ફરી રહ્યા હતા. સાંતલપુર નજીક સામેથી આવતા ડમ્પરને જોઈને ઉમેશભાઈએ પોતાનું બાઈક રોડની સાઈડમાં ઉભું રાખી દીધું હતું. તેમ છતાં, બેફામ ડમ્પર ચાલકે બાઈકને અડફેટે લેતા સવિતાબેનને ગંભીર ઈજાઓ થઈ હતી, જેમાં તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. પુત્રની નજર સામે જ માતાનું અવસાન થતા સમગ્ર વિસ્તારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. અકસ્માતના સમાચાર મળતા જ આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા.

## વિદેશ જવાની લાલચ આપી 72 લાખની છેતરપિંડી કરનાર મહિલાની ધરપકડ

(એજન્સી) પોરબંદર । તા. 31

પોરબંદર પોલીસે ઠગાઈ અને હુમલાના વિવિધ ગુનાઓમાં લાંબા સમયથી ફરાર ત્રણ આરોપીઓને ઝડપી પાડી મોટી સફળતા મેળવી છે. પોલીસની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી રાજસ્થાન, મુંબઈ અને હરિયાણા સુધી જાળ બિછાવી આ આરોપીઓને દબોચી લીધા છે.

### વિદેશ જવાની લાલચ આપી લાખોની ઠગાઈ

પોરબંદરના યુવાનોને વિદેશ મોકલવાની લાલચ આપી ખોટા વિઝાના બહાને ૭૨.૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરનાર શુભ્રા આચાર્ય (રહે. જયપુર, રાજસ્થાન) ને પોલીસે મુંબઈના અંધેરી વેસ્ટ વિસ્તારમાંથી ઝડપી લીધી છે. લાંબા સમયથી પોલીસને થાપ આપી રહેલી આ મહિલા આરોપીની ધરપકડ કરીને તેને રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### અન્ય બે વોન્ટેડ આરોપીઓ પણ ઝબ્બે

૧. ડિમોલિશન કેસમાં હુમલો: પોરબંદરમાં દરગાહના ડિમોલિશન સમયે ફરજ પરના પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવાના ગુનામાં છેલ્લા ૪ વર્ષથી ફરાર હાજી સલીમ કરીમભાઈ મુકાદમ (ઉ.વ. ૬૦) ને પણ પોલીસે પકડી પાડ્યો છે. આ આરોપી ઘણા સમયથી કાયદાની પકડથી દૂર હતો.

૨. પ્લોટમાં રોકાણના નામે ઠગાઈ: પોરબંદરમાં પ્લોટમાં રોકાણ કરાવવાની લાલચ આપી ૬૦ લાખથી વધુની છેતરપિંડી આચરવાના કેસમાં એક વર્ષથી ફરાર આરોપી તરુણ યોગેન્દ્રભાઈ છાબરા (ઉ.વ. ૪૪) ને પોરબંદર પોલીસે હરિયાણાના ગુડગાંવ ખાતેથી બાતમીના આધારે ઝડપી લીધો છે.

પોરબંદર પોલીસની આ સઘન કામગીરીથી ગુનાખોરી આચરનાર તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.



## વડોદરાના સમા પોલીસ સ્ટેશનમાં ટોળાનો હલ્લાબોલ

(એજન્સી) વડોદરા । તા. 31

અટલાદરા પોલીસ સ્ટેશનમાં થયેલા હુમલાના બનાવ બાદ બીજા જ દિવસે વડોદરાના સમા પોલીસ સ્ટેશનમાં પણ આરોપીને છોડાવવા માટે ટોળાએ હલ્લાબોલ મચાવતા તંગદિલી સર્જાઈ હતી. દારૂના કેસમાં પકડાયેલા આરોપીના પરિવારજનો અને સ્થાનિક લોકોએ પોલીસ સ્ટેશન પર ધસી આવીને ભારે ધાંધલ મચાવી હતી. પોલીસે આ મામલે આરોપીના બે પુત્રો સહિતના ટોળા સામે સરકારી ફરજમાં રુકાવટ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમા પોલીસે સંજય નગર નજીક રણછોડનગર-૧ વિસ્તારમાંથી રમણ ઉર્ફે શિયાળ મઈજીભાઈ માળીને ૧૪ હજાર રૂપિયાની કિંમતના દારૂના ૩૨ ક્વાર્ટરિયા સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસ સ્ટેશનમાં પૂછપરછ દરમિયાન આરોપીએ પોલીસ સાથે ઉદ્ધત વર્તન કર્યું હતું અને પોતાની જાતે જ ટેબલ સાથે માથું પછાડીને પોલીસ પર માર માર્યાના ખોટા આક્ષેપો કર્યા હતા. આ સમયે બહાર એકત્ર થયેલા આરોપીના પુત્રો દિલીપ અને મેહુલ સહિત ૧૫ થી ૨૦ લોકોના ટોળાએ બારી-બારણાંની ખેંચતાણ કરી પોલીસ સ્ટેશનમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો.

સમા વિસ્તારમાં પોલીસ પર હુમલાની આ કોઈ પ્રથમ ઘટના નથી. અગાઉ ઓગસ્ટ ૨૦૧૮માં જુગારીઓને છોડાવવા માટે થયેલી ઝપાઝપી હોય કે એપ્રિલ ૨૦૨૨માં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ પર થયેલો પથ્થરમારો, આ વિસ્તારમાં પોલીસની કામગીરી સામે સતત અવરોધ ઊભા કરવામાં આવે છે.

## જૂનાગઢમાં મ્યુલ એકાઉન્ટના આધારે 39.53 લાખનું સાયબર ફ્રોડ, SOGએ 18 લોકો સામે પણ ગુનો દાખલ કર્યો

(એજન્સી) જૂનાગઢ । તા. 31

જૂનાગઢમાં મ્યુલ એકાઉન્ટ (Mule Account) ના ઉપયોગ દ્વારા સાયબર ઠગાઈ કરનાર એક યુવાનની ધરપકડ થતા મોટો પર્દાફાશ થયો છે. આ યુવાને અલગ-અલગ લોકો પાસેથી ૧૮ બેંક ખાતા વેચાતા લઈને તે ખાતાઓના આધારે દેશભરના ૧૭ જેટલા લોકો સાથે કુલ ૩૯.૫૩ લાખ રૂપિયાની સાયબર ઠગાઈ કરી હોવાનું સામે આવ્યું છે.

### કેવી રીતે ચાલતું હતું આ કૌભાંડ?

જૂનાગઢના ઝાંઝરડા રોડ પર રહેતા કેવિન રમેશ દેકીવાડીયા નામના શખ્સ સામે અગાઉ શીલ પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડનો ગુનો દાખલ હતો. અમદાવાદના ગુરૂકુળ રોડ પરથી ઝડપાયેલા આ શખ્સની એસઓજી (SOG) દ્વારા તપાસ કરતા તેની પાસેથી ૯૧ જેટલી વાંધાજનક વસ્તુઓ મળી આવી હતી, જેમાં બેંક પાસબુક, ચેકબુક, ક્રેડિટ કાર્ડ અને સીમકાર્ડનો સમાવેશ થાય છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે કેવિને જરૂરિયાતમંદ લોકોને પૈસાની લાલચ આપી તેમના બેંક ખાતા વેચાતા લીધા હતા અને આ ખાતાનો ઉપયોગ અન્ય ગઠિયાઓને ભાડે આપી સાયબર ફ્રોડમાં કર્યો હતો.

સાયબર ક્રાઈમ સેલ દ્વારા એનસીસીઆરપી (NCCRP) પોર્ટલ પર તપાસ કરતા આ એકાઉન્ટમાં ઝારખંડ, રાજસ્થાન, હરિયાણા, તેલંગાણા, પંજાબ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, દિલ્હી, મેઘાલય અને ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોના ૧૭ જેટલા ફરિયાદીઓના ૩૯.૫૩ લાખ રૂપિયા જમા થયા હતા, જે કેવિને વિડ્રો કરીને સગેવગે કરી દીધા હતા.

### પોલીસની કડક કાર્યવાહી

જૂનાગઢ એસઓજીએ આ સમગ્ર મામલે મુખ્ય આરોપી કેવિન દેકીવાડીયા અને તેને પોતાના બેંક ખાતા ભાડે આપનાર ૧૮ શખ્સો સામે જૂનાગઢ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો છે. સાયબર ફ્રોડ માટે નિર્દોષ લોકોના બેંક ખાતા ભાડે આપવા અથવા વેચવા એ એક ગંભીર ગુનો છે, જેની સામે હવે પોલીસે લાલ આંખ કરી છે.

## વડોદરામાં આંગણવાડીના બાળકોના એડમિશન અટકતા વાલીઓ દ્વારા હોબાળો




વડોદરા | આગામી ૮ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, પરંતુ વડોદરા શહેરમાં સ્થાનિક આંગણવાડીના ૩૦થી ૪૦ બાળકોના પ્રવેશ અટવાતા વાલીઓમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. તમામ કાયદેસરના દસ્તાવેજો અને સરકારી પ્રમાણપત્રો હોવા છતાં બાળકોને એડમિશન ન મળતા આક્રોશિત વાલીઓએ આજે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ પહોંચીને ઉગ્ર રજૂઆત કરી હતી. પીડિત વાલી અનીસખાન પઠાણે મીડિયા સમક્ષ પોતાના પુરાવા રજૂ કરતા જણાવ્યું હતું કે, વારંવાર રજૂઆત કરવા છતાં શિક્ષણ વિભાગના અધિકારીઓ આ બાબતે કોઈ સંતોષકારક જવાબ આપી રહ્યા નથી અને પોતાની જવાબદારીમાંથી હાથ અધ્ધર કરી રહ્યા છે. વાલીઓએ શિક્ષણ વિભાગ પર ભ્રષ્ટાચારનો ગંભીર આક્ષેપ કરતા કહ્યું હતું કે, ગરીબ પરિવારના બાળકો પાસે શિક્ષણ મેળવવા માટેના તમામ સહી-સિક્કાવાળા દસ્તાવેજો હોવા છતાં તેમને શાળામાં પ્રવેશ આપવામાં આવી રહ્યો નથી. વાલીઓની મુખ્ય ચિંતા એ છે કે જો સમયસર બાળકોને પ્રવેશ નહીં મળે, તો તેમનું આખું શૈક્ષણિક વર્ષ બગડી જશે.

## સાડા ત્રણ વીઘામાં લાખોનું ઉત્પાદન

# કેન્સરથી પિતા ગુમાવ્યા બાદ દીકરાની પ્રાકૃતિક ખેતી



(એજન્સી) સુરત । તા. 31

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ ગામના એક પ્રગતિશીલ ખેડૂત કલ્પેશ પટેલ આજે સમગ્ર દેશના ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે. જીવનમાં આવેલી એક દુઃખદ ઘટનાને તેમણે હકારાત્મક વળાંકમાં ફેરવીને પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રે સફળતાના નવા શિખરો સર કર્યા છે. વર્ષ ૨૦૧૯ થી કેમિકલયુક્ત ખેતીનો સંપૂર્ણ ત્યાગ કરીને તેમણે પ્રાકૃતિક ખેતી અપનાવી છે, જેનું પરિણામ આજે તેમની કેળાની વાડીમાં ૫૦ થી વધુ જાતોના સફળ વાવેતર તરીકે જોવા મળે છે.

કલ્પેશ પટેલના પિતા રમણભાઈ પટેલનું કેન્સરના કારણે અવસાન થયું, જે તેમના જીવનનો સૌથી મોટો વળાંક સાબિત થયો. કલ્પેશભાઈ જણાવે છે કે તેમના પિતા ખેતીમાં અતિશય જંતુનાશક દવાઓનો ઉપયોગ કરતા હતા. પિતાના દેહમાંથી આવતી દવાની તીવ્ર દુર્ગંધ તેમને હમેશા વિચારમાં મૂકતી હતી. પિતાના કેન્સરના નિદાન બાદ કલ્પેશ પટેલે દ્રઢ નિશ્ચય કર્યો કે તેઓ હવે ક્યારેય ખેતરમાં રાસાયણિક ખાતર કે ઝેરી જંતુનાશક દવાઓનો ઉપયોગ નહીં કરે. તેમણે ધરતી માતાને આ ઝેરમાંથી મુક્ત કરવાનો સંકલ્પ કર્યો.

ગુજરાત સરકારના ખેતીવાડી વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમ લીધા બાદ કલ્પેશ પટેલે જીવામૃતના ઉપયોગથી નવી શરૂઆત કરી. તેમની પાસે વારસામાં મળેલી આઠ વીઘા જમીનમાંથી તેમણે સાડા ત્રણ વીઘામાં કેળાની વિવિધ જાતોનું વાવેતર કર્યું છે. જેમાં પુવન, આધાપુરી, રસ થલી, લાલ કેળ, બ્લુ જાવા, બસરાઈ, મહાલક્ષ્મી અને એલચી કેળા જેવી ૫૦ થી વધુ જાતોનો સમાવેશ થાય છે. આ પ્રયોગોને કારણે આજે સમગ્ર દેશમાંથી ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો તેમની ખેતી જોવા માટે સરસ ગામ આવી રહ્યા છે.

પ્રાકૃતિક ખેતી અપનાવ્યા બાદ કલ્પેશ પટેલને આર્થિક રીતે પણ મોટો ફાયદો થયો છે. તેઓ જણાવે છે કે એક વીઘા દીઠ કેમિકલ ફર્ટિલાઇઝર અને દવાનો ૧૫ થી ૨૦ હજાર રૂપિયાનો ખર્ચ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. બીજી તરફ, જમીનની ફળદ્રુપતા વધતા ઉત્પાદન પણ અનેકગણું વધ્યું છે. સામાન્ય રીતે કેળાની એક લૂમનું વજન ૨૦ થી ૩૦ કિલો હોય છે, જ્યારે કલ્પેશભાઈની વાડીમાં એક લૂમનું વજન ૭૩ કિલો સુધી નોંધાયું છે. હાલમાં તેઓ સાડા ત્રણ વીઘા જમીનમાંથી વાર્ષિક ૧૦ થી ૧૨ લાખ રૂપિયાની આવક મેળવી રહ્યા છે.

કલ્પેશ પટેલની આ સિદ્ધિ માત્ર એક ખેડૂતની સફળતા નથી, પરંતુ તે કેમિકલયુક્ત ખેતી સામે એક મજબૂત સંદેશ છે. એક ફેક્ટરીમાં કેમિકલ ઓપરેટર તરીકે નોકરી કરતા હોવા છતાં, તેમણે પોતાની પરંપરાગત વાડીમાં જે આધુનિક અને પ્રાકૃતિક પ્રયોગો કર્યા છે તે અદભૂત છે. તેમના આ પ્રયોગોએ સાબિત કરી દીધું છે.

## સૌરાષ્ટ્રમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટી શરૂ, દ્વારકાના દરિયામાં 10થી 15 ફૂટ મોજાં

# સૌરાષ્ટ્રમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટીનો માહોલ

(એજન્સી)રાજકોટ । તા. 31

સૌરાષ્ટ્રમાં છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલી અસહ્ય ગરમી અને ઉકળાટ વચ્ચે આજે વાતાવરણમાં મોટો પલટો જોવા મળ્યો છે. આકાશમાં વાદળોની અવરજવર અને ફૂંકાયેલા તેજ પવનને કારણે લોકોને આકરા તાપમાંથી આંશિક રાહત મળી છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ, પ્રિ-મોન્સુન એક્ટિવિટી સક્રિય થતા આગામી ૨-૩ દિવસમાં સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં વરસાદની શક્યતા છે.

રાજકોટ, જામનગર, મોરબી, જૂનાગઢ અને અમરેલી સહિતના સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે વહેલી સવારથી જ આકાશ વાદળછાયું રહ્યું હતું. સૂર્યનારાયણ વાદળોની પાછળ સંતાકૂકડી રમતા જોવા મળ્યા હતા, જેના લીધે મહત્તમ તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. જોકે, ભેજનું પ્રમાણ વધુ હોવાથી હજુ પણ બફારાનો અનુભવ



થઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, અરબી સમુદ્રમાં સર્જાયેલી ટ્રફ સિસ્ટમને કારણે આગામી દિવસોમાં ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે અને ક્યાંક હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ચોમાસાની સિસ્ટમની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. યાત્રાધામ દ્વારકાના દરિયામાં આજે જબરદસ્ત કરન્ટ જોવા મળ્યો હતો. ગોમતી ઘાટ, ભડકેશ્વર બીચ અને લાઈટ હાઉસ જેવા વિસ્તારોમાં ૧૦ થી ૧૫ ફૂટ ઊંચા મોજાં ઉછળતા જોવા મળ્યા હતા. અસહ્ય ગરમીથી બચવા માટે પ્રવાસીઓ મોટી સંખ્યામાં દરિયાકિનારે પહોંચ્યા હતા અને દરિયાના આ વિકરાળ રૂપનો લુત્ફ ઉઠાવતા જોવા મળ્યા હતા.

### તંત્ર દ્વારા સતર્કતા

દરિયામાં ઊંચા મોજાં અને તેજ પવનની શક્યતાને પગલે સ્થાનિક વહીવટી તંત્ર પણ એલર્ટ મોડ પર છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં આવતા પ્રવાસીઓને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. માછીમારોને પણ દરિયો ન ખેડવા માટેની સલાહ આપવામાં આવી શકે છે. હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાયેલી આગાહી મુજબ, ચોમાસું હવે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી આગળ વધી રહ્યું છે, જે સૌરાષ્ટ્ર માટે સારા સમાચાર છે.

**જૂનાગઢમાં કેસર કેરીના ભાવમાં મોટો ઘટાડો**

## આવક વધતાં કેસર કેરી હાલ શાકભાજી કરતાં પણ સસ્તી

(એજન્સી) જૂનાગઢ । તા. 31

આ ઉનાળાની સિઝનમાં કેસર કેરીના શોખીનો માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવકમાં થયેલા જંગી વધારાને પગલે તેના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. હાલ પરિસ્થિતિ એવી છે કે, બજારમાં મળતા શાકભાજી કરતાં પણ કેસર કેરી સસ્તા ભાવે ઉપલબ્ધ છે.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં આજે એકસાથે ૨૩,૯૫૦ જેટલા કેરીના બોક્સની આવક નોંધાઈ હતી. હરાજી દરમિયાન ૧૦ કિલોના બોક્સના ભાવ ૩૫૦ થી ૭૫૦ રૂપિયા સુધી બોલાયા હતા, જે મુજબ ગ્રાહકોને કેરી કિલો દીઠ ૩૫ થી ૭૫ રૂપિયાના ભાવે મળી રહી છે. સિઝનની શરૂઆતમાં જે કેરી ૧૦ કિલોના ૧૦૦૦-૧૨૦૦ રૂપિયાના ભાવે વેચાતી હતી, તેમાં હવે મોટો ઘટાડો આવતા સામાન્ય લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

હાલમાં છૂટક બજારમાં ચોળી, ભીંડો, ગુવાર અને ટામેટાં જેવા સામાન્ય શાકભાજી



કિલોના ૮૦ રૂપિયા સુધી વેચાઈ રહ્યા છે. તેની સામે ગુણવત્તાસભર કેસર કેરી ખૂબ જ સસ્તા ભાવે મળી રહી હોવાથી ગૃહિણીઓ અને કેરીના પ્રેમીઓ માટે આ સોદો ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ રહ્યો છે. જૂનાગઢના મુખ્ય રસ્તાઓ પર ઠેર-ઠેર ફેરીયાઓની કતાર જોવા મળી રહી છે, જ્યાંથી લોકો મન ભરીને કેસર કેરીની ખરીદી કરી રહ્યા છે.

શરૂઆતમાં એવી ભીતિ સેવાઈ હતી કે વાદળછાયા વાતાવરણને કારણે કેરીના ઉત્પાદન પર માઠી અસર પડશે અને ભાવ ઊંચા રહેશે.

**જૂનાગઢ મનપામાં સ્પીડબ્રેકર ખરીદીમાં કૌભાંડના આક્ષેપ**

## જૂનાગઢ મનપામાં પ્લાસ્ટિકના સ્પીડબ્રેકર ખરીદીમાં કૌભાંડનો આક્ષેપ

(એજન્સી)જૂનાગઢ। તા. 31

જૂનાગઢ મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારના આક્ષેપોનો સિલસિલો યથાવત છે. હવે આક્ષેપના દાયરામાં મનપા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં લગાવવામાં આવતા પ્લાસ્ટિકના સ્પીડબ્રેકર આવ્યા છે. મુક્ત બજારમાં મળતા ભાવ કરતા બમણા ભાવ ચૂકવીને હલકી ગુણવત્તાના સ્પીડબ્રેકર ખરીદવામાં આવતા હોવાની ફરિયાદ કમિશનર સુધી પહોંચી છે.

મળતી માહિતી મુજબ, મુક્ત બજારમાં ફિટિંગ ચાર્જ સાથે પ્રતિ મીટર સ્પીડબ્રેકરનો ભાવ આશરે ૯૫૦ રૂપિયા છે. તેની સામે જૂનાગઢ મનપા દ્વારા એક મીટર સ્પીડબ્રેકર માટે ૨૨૦૦ થી ૨૩૦૦ રૂપિયા સુધીની રકમ ચૂકવવામાં આવે છે. આટલી મોટી રકમ ખર્ચવા છતાં લગાવવામાં આવતા સ્પીડબ્રેકરની ગુણવત્તા એટલી હલકી હોય છે કે થોડા જ સમયમાં તે તૂટી જાય છે, જેના કારણે પ્રજાના પરસેવાની કમાણીનો વેડફાટ થઈ રહ્યો છે.



વોર્ડ નં. ૪ અને ૬ જેવા વિસ્તારોમાં નવા બનેલા રસ્તાઓ પર થોડા સમય પહેલા જ આ સ્પીડબ્રેકરો લગાવવામાં આવ્યા હતા, જે હાલ તૂટી ગયા છે. સ્થાનિક રહીશોનું માનવું છે કે નગરસેવકો દ્વારા ફાળવવામાં આવેલી ગ્રાન્ટનો ઉપયોગ કરીને અધિકારીઓ આડેધડ સ્પીડબ્રેકર નાખી દે છે અને બાદમાં ખોટા બિલ બનાવી નાણાંની ઉચાપત કરવામાં આવે છે. એકના એક સ્પીડબ્રેકર માટે વારંવાર બિલ બનાવીને તપાસ વગર જ ચુકવણું કરવામાં આવતું હોવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

સ્વાસ્થ્ય સારૂં રહેશે. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો- આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

**મિથુન : ક. છ. ઘ.**

કંઈપણ કરતા પહેલા તમારા વર્તનના પ્રત્યાઘાતો વિશે વિચારજો. શક્ય હોય તો તમારો મૂડ બદલવા ક્યાક બહાર જતા રહો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે.

**કર્ક : ડ. હ.**

તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારૂ જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે.

**સિંહ : મ. ટ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે. બહેનથી દૂર થવાના વિચારમાત્રથી તમને દુ:ખની લાગણી થવાની શક્યતા છે.

**તુલા : ર. ત.**

મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે.

**મકર : ખ. જ.**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો- આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. મનોરંજન અથવા કૉસ્મેટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.

કાળઝાળ ગરમી વચ્ચે લુણાવાડામાં માનવતા મહેકી

# રક્તની ભારે અછત વચ્ચે 'વિકાસ સંસ્થા બાવન પાટીદાર સમાજ' અને રેડક્રોસ સોસાયટી દ્વારા યોજાયો ભવ્ય રક્તદાન કેમ્પ...

જગદીશ ત્રિવેદી મહીસાગર | તા.16

સમગ્ર ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી કાળઝાળ ગરમી પડી રહી છે. ઉનાળુ વેકેશન અને અસહ્ય તાપના કારણે સામાન્ય રીતે યોજાતા રક્તદાન કેમ્પની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે, જેના લીધે રાજ્યભરની બ્લડબેંકોમાં લોહીની ભારે અછત ઊભી થઈ છે. અકસ્માત, ઓપરેશન કે થેલેસેમિયા પીડિત દર્દીઓ માટે લોહી મેળવવું અત્યંત મુશ્કેલ બન્યું છે અને દર્દીઓના પરિવારજનો પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આવી કપરી પરિસ્થિતિ વચ્ચે મહીસાગરના લુણાવાડા ખાતે માનવતા મહેકી ઊઠી છે.લુણાવાડાના જાણીતા અને સેવાભાવી ડૉક્ટર આર. બી. પટેલના સક્રિય પ્રયાસોથી એક સરાહનીય પહેલ કરવામાં આવી છે. તેમના માર્ગદર્શન હેઠળ 'વિકાસ સંસ્થા બાવન પાટીદાર સમાજ' અને મહીસાગર રેડક્રોસ સોસાયટી દ્વારા લુણાવાડા ખાતે એક બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



ભીષણ ગરમી હોવા છતાં આ કેમ્પમાં લુણાવાડા અને આસપાસના વિસ્તારના યુવાનો તેમજ મહિલાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અંદાજે ૨૫૦ થી વધુ જાગૃત રક્તદાતાઓએ ગરમીની પરવા કર્યા વગર સ્વૈચ્છિક રીતે રક્તદાન કર્યું હતું. આ એકત્રિત કરાયેલું રક્ત જરૂરિયાતમંદ દર્દીઓ સુધી પહોંચાડવામાં આવશે, જેથી અનેક લોકોના કિંમતી જીવ બચાવી શકાશે. લુણાવાડાના રક્તદાતાઓએ સાબિત કરી દીધું કે ગમે તેવી ઋતુ હોય, પણ સેવાભાવના આગળ બધું જ નાનું છે.આ રક્તદાન શિબિરમાં રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે અધિક નિવાસી કલેક્ટર સી. વી. લટા, ડીવાયએસપી જે. જી. ચાવડા, તાલુકા પંચાયત પ્રમુખ, વિકાસ સંસ્થાના પ્રમુખ અને મંત્રી સહિતના તમામ હોદ્દેદારો તેમજ રેડક્રોસ સોસાયટીની ટીમે હાજર રહીને રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.આ પ્રસંગે ડૉ. આર. બી. પટેલે જણાવ્યું હતું કે, "હાલ વેકેશન અને ગરમીના લીધે બ્લડ બેંકોમાં લોહીની ભારે અછત છે અને દર્દીઓ હેરાન થઈ રહ્યા છે. આ પરિસ્થિતિને જોઈને અમારા બાવન પાટીદાર સમાજ અને વિકાસ સંસ્થાએ નક્કી કર્યું કે આપણે કેમ્પ કરવો જ જોઈએ. આજે લોકોએ જે રીતે ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપ્યો છે અને ૨૫૦થી વધુ બોટલ લોહી એકઠું થયું છે, તે ખરેખર સરાહનીય છે."કાળઝાળ ગરમીમાં જ્યાં લોકો બપોરે ઘરમાંથી બહાર નીકળવાનું ટાળે છે, ત્યારે લુણાવાડાના બાવન પાટીદાર સમાજના રક્તદાતાઓ અને ડૉ. આર. બી. પટેલની આ ઉત્કૃષ્ટ કામગીરી સમાજની અન્ય સંસ્થાઓ માટે એક પ્રેરણાદાયી દીવાદાંડી સમાન સાબિત થઈ છે.

પ્રશ્નો હલ કરવા માંગ

# રાજસ્થળી ફિડરની જર્જરીત લાઈનમાં છાસવારે વીજફોલ્ટ સર્જાતા હાલાકી

ભાવનગર : ઉમરાળાના રતનપર ૬૬ કે.વી.નવું સબસ્ટેશન કાર્યાન્વિત થયાને ૭ વર્ષ વીતી ગયાં છતાં રતનપર અને ઉમરાળાની કાળુભાર નદીના સામા કાંઠાની જમીનના ખેતીવાડી વીજ જોડાણોને છેક વલભીપુરથી આવતી વર્ષો જૂની, જર્જરિત વીજળી લાઈનના રાજસ્થળી ફીડર સાથે જોડી રખાતા આ ફીડરની જર્જરિત લાઈનમાં છાશવારે વીજ ફોલ્ટ સર્જાતા રહેવાની સમસ્યા બારેય મહિના રહે છે.દરેક ફોલ્ટ વખતે વલભીપુર અથવા ધોળા સબ-ડિવિઝનમાં ફરિયાદ નોંધાવવાની જોગવાઈ તથા ત્યાંથી ફોલ્ટ નિવારણ ટીમ ઉપલબ્ધ થાય ત્યારે ફોલ્ટગ્રસ્ત લાઈન પર પહોંચે અને ફોલ્ટ શોધીને દૂર કરે ત્યાં સુધીમાં પિયત આપવાનો સમય ચૂકી જવાથી ખેતઉત્પાદન પર ખૂબ માઠી અસર થાય છે. નદીના સામા(ઉત્તર) કાંઠા સુધી રતનપર ૬૬ કે.વી.ની લાઈન આગામી ચોમાસા અગાઉ નાખીને આ પરિસ્થિતિનો કાયમી ઉકેલ લાવવા ખેડૂતોની માંગ છે. તેમજ ઉમરાળા- ચોગઠ રોડની ઉત્તર બાજુની વીજળી લઈન રતનપર-ચોગઠ વચ્ચે રોડ કાંઠે નાખવાના બદલે રોડ નજીકના ખેતરોમાં નાખેલી છે.આ લાઈનના કેટલાક પોલ તિરાડો પડેલા,જર્જરિત થઈ ગયેલા કે નમેલા અને તાર ઢીલા પડી ગયેલા છે. જર્જરિત કે નમેલા પોલ તૂટી પડવાની અને ઢીલા વાયરોમાંથી તણખા ઝરી ખેતરોમાં ઊભા પાકમાં આગ લગાડવાની ભીતિ કાયમ રહે છે.

# અક્ષરપાર્કમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો, શખ્સ ફરાર

ભાવનગર : શહેરના અક્ષરપાર્ક વિસ્તારમાંથી બોરતળાવ પોલીસે પીકઅપ વાહનમાં છૂપાવેલો વિદેશી દારૂનો જથ્થો બાતમીના આધારે ઝડપી લઈ બોરતળાવ પોલીસ મથકમાં એક શખ્સ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.શહેરના અક્ષરપાર્ક રાણી લક્ષ્મીબાઈ સ્કુલની પાછળની ૪૦ ફુટ રોડ પર સાંઈનાથ પાનના ગલ્લા સામે મુકેશ ઉર્ફે જોન્ટી ઉધમશીભાઈ મહેરા (રહે.અક્ષરપાર્ક)એ તેની ટેક્સી પાસિંગના જીજે-૦૪-એડબલ્યુ-૬૨૭૨ નંબરના બોલેરો પીકઅપ વાહનની પાછળની બોડીમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂ છૂપાવ્યો હોવાની બાતમીના આધારે બોરતળાવ પોલીસે તપાસ કરતા પીકઅપ વાહન મળી આવ્યું હતું. જેની પાછળની બોડીના પડખામાં રિવેટ મારેલું લોખંડનું પતરું મજબૂતાઈથી ફીટ કરેલું હોવાથી પીકઅપ વાહનને ગઢેચી પોલીસ ચોકી લાવી પતરા તોડીને જોતાં તેમાં છૂપાવેલી



ભારતીય બનાવટની વિદેશી દારૂની ૪૩૨ બોટલ કિંમત રૂ.૬૦૯૧૨ મળી આવતા પોલીસે મુકેશ ઉર્ફે જોન્ટી ઉધમશીભાઈ મહેરા સામે બોરતળાવ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સાળંગપુર મારૂતીધામ ગેટ નજીક અકસ્માતમાં યુવકનું મોત નિપજ્યું

ભાવનગર : બરવાળાના સાળંગપુર મારૂતીધામ ગેટ પાસે કારે અડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલક યુવકને ગંભીર ઈજા પહોંચતા યુવકનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે કાર ચાલક સામે બરવાળા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.બોટાદના પાંચ પડા નારણનગર-૨માં રહેતા ભરતભાઈ બચુભાઈ સોલંકીએ બરવાળા પોલીસ મથકમાં જીજે-૦૫-આરબી-૭૦૦૧ નંબરની કારના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમનો દિકરો કરણકુમાર સોલંકી (ઉ.વ.૨૭) ગત રોજ સાંજના તેનું જીજે-૦૧-એલઈ-૧૧૦૬ નંબરની મોટર સાયકલ લઈને સાળંગપુર કષ્ટભંજન મંદિરે કેરીનું બોક્સ પ્રસાદમાં ધરાવવા માટે ગયો હતો અને પરત આવતી વખતે સાળંગપુર મારૂતીધામના ગેટ પાસે ઉક્ત કારના ચાલકે તેમની બાઈક સાથે અકસ્માત સર્જતા કરણકુમારને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે બોટાદ સોનાવાલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે બરવાળા પોલીસે ગુનો નોંધ્યો છે.



હોસ્પિટલના તબીબો દ્વારા ઓપરેશન

# ભાવનગરની મહિલાના પેટમાંથી સર્જરી કરી 8 કિલોની ગાંઠ કાઢવામાં આવી



(એજન્સી) ભાવનગર | તા.31

ભાવનગરની એક મહિલા પેટ સતત ફુલી રહ્યું હોવાની અને પેટમાં દુ:ખાવાની તકલીફ સાથે સર ટી.હોસ્પિટલ કેમ્પસમાં આવેલી કેન્સર હોસ્પિટલમાં સારવાર લેવા માટે આવી હતી. પ્રારંભીક રિપોર્ટમાં પેટમાં ગાંઠ હોવાનું નિદાન થતાં કેન્સરની ગાંઠ હોવાની શક્યતાના લીધે ઓપરેશન કરી ગાંઠ કાઢવાનું નક્કી કરાયું હતું. સર ટી. અને કેન્સર હોસ્પિટલના તબીબો દ્વારા સર્જરી કરી પેટમાંથી ૮ કિલોની ગાંઠ કાઢી હતી. બાદમાં એક સપ્તાહની સારવાર બાદ મહિલા સ્વસ્થ થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો.

ભાવનગરની એક ૫૦ વર્ષિય મહિલા પેટ સતત ફુલી રહ્યું હોવાની અને પેટમાં સતત દુ:ખાવો થઈ રહ્યો હોવાની ફરિયાદ સાથે સર ટી.હોસ્પિટલ કેમ્પસમાં આવેલી કેન્સર હોસ્પિટલમાં સારવાર માટે આવી હતી. જ્યાં પ્રારંભીક રિપોર્ટમાં મહિલાના ડાબા અંડાશયમાં ૨૮*૧૩*૧૫ સેમી સાઈઝની ગાંઠ હોવાનું નિદાન થયું હતું. તેમજ આ ગાંઠ કેન્સરની ગાંઠ હોવાની શક્તાને લીધે કેન્સર હોસ્પિટલ અને સર ટી. હોસ્પિટલના તબીબો દ્વારા ઓપરેશન કરી ગાંઠ કાઢવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મહિલાન પેટમાંથી ગાંઠ કાઢવા માટે ઓપરેશન ૭થી ૮ કલાક સુધી ચાલ્યું હતું અને આ સર્જરી બાદ મહિલાના પેટમાંથી ૩૪*૧૭ સેમી સાઈઝની ૮ કિલોની ગાંઠ કાઢવામાં આવી હતી. જો આ ગાંઢ મહિલાના પેટલમાં લાંબા સમય સુધી રહી હોત તો તેના જીવનું જોખમ હતું પરંતુ ગાંઠ સમયસર સર્જરી કરીને કાઢી લેવામાં આવી હતી, બાદમાં એક સપ્તાહની સારવાર બાદ મહિલા સંપૂર્ણપણે સ્વસ્થ થઈ જતાં ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. આવી ગાંઠ સામાન્ય રીતે અંડાશય, સ્વાદુપિંડ કે એપેન્ડિક્સમાં થાય છે.

ગામના લોકો પર ગાડી ચડાવી દેવાનો પ્રયાસ

# ભુજના રાયધણપર ગામે ધોકા-પાઈપો વડે ટોળાનો હિંસક હુમલો: પોલીસ વાહનો પર કર્યો પથ્થરમારો, 20ની અટકાયત



(એજન્સી) ભુજ | તા.31

ભુજ તાલુકાના રાયધણપર ગામે શુક્રવારે (29 મે) મોડી રાત્રે અચાનક હિંસા ભભૂકી ઉઠતાં સમગ્ર પંથકમાં અને પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ છે. નજીવી બાબતે શરૂ થયેલી બોલાચાલીએ જોતજોતામાં હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેમાં વરનોરા ગામના હથિયારધારી યુવકોના ટોળાએ રાયધણપર ગામના લોકો પર ગાડી ચડાવી દઈ જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. લોખંડના પાઈપો, ધોકા અને પથ્થરો સાથે તૂટી પડેલા ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ વાહનો પર પણ પથ્થરમારો કરી મોટું નુકસાન પહોંચાડ્યું છે. સમગ્ર ઘટનામાં એક યુવક ગંભીર અને અન્ય 3 જેટલા શખસો ઈજાગ્રસ્ત થયા હોવાનું જણાય છે. રાયધણપર ગામના દર્શન મોહનભાઈ બરાડિયા (ઉં.વ. 21) નામના યુવકે માધાપર પોલીસ સ્ટેશનમાં 23 શખસો સામે નામજોગ અને અન્ય અજાણ્યા 5 થી 7 લોકોના ટોળા વિરૂદ્ધ હત્યાના પ્રયાસ અને રાયોટિંગની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં દર્શન અને તેના મિત્રો ગામના નાકે બેઠા હતા ત્યારે વરનોરા ગામના સલીમ મામદ મોખા, અબુ સુફિયાન મોખા, સાહિલ સિદ્દીક મોખા, અબ્બાસ મામદ મોખા અને સમીર અબ્દુલ મમણ ત્યાં આવ્યા હતા. તેઓએ 'અમારી સામે કેમ જુઓ છો?' તેમ કહીને જેમતેમ ગાળો ભાંડી બબાલ શરૂ કરી હતી. આ દરમિયાન રઝાક સિદ્દીક મેર નામનો શખસ ત્યાં બોલેરો પિકઅપ ગાડી લઈને ધસી આવ્યો હતો.

રાષ્ટ્રનિર્માણ, જનભાગીદારી અને સમાજસેવાના સંદેશને આત્મસાત કરવાનો સંકલ્પ

# નખત્રાણા નગર મધ્યે ગૌ સેવા કેન્દ્ર ખાતે ભાજપ કાર્યકર્તાઓએ 'મન કી બાત' કાર્યક્રમનું કર્યું સામૂહિક શ્રવણ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા નગરપાલિકાના વોર્ડ નં. 7 ખાતે આવેલ ગૌ સેવા કેન્દ્રમાં ભારતના લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી 'મન કી બાત' કાર્યક્રમનું સ્થાનિક આગેવાનો, ભાજપના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત કાર્યકર્તાઓએ પ્રધાનમંત્રીશ્રીએ દેશના વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અભિયાન, આત્મનિર્ભર ભારત,



યુવાનોની ભૂમિકા તથા જનભાગીદારી જેવા મહત્વપૂર્ણ વિષયો પર વ્યક્ત કરેલા વિચારોને ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા.આ પ્રસંગે નખત્રાણા તાલુકા ભાજપ સંગઠનના મહામંત્રી હરિસિંહ રાઠોડે જણાવ્યું હતું કે 'મન કી બાત' કાર્યક્રમ દેશના નાગરિકોને પ્રેરણા આપતું એક સશક્ત માધ્યમ છે. પ્રધાનમંત્રીશ્રીના સંદેશાઓ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા તેમજ રાષ્ટ્રનિર્માણમાં સક્રિય ભાગીદારી માટે માર્ગદર્શન પૂરું પાડે છે. તેમણે કાર્યકર્તાઓને સમાજસેવા અને રાષ્ટ્રહિતના કાર્યોમાં વધુ સમર્પિત ભાવથી જોડાવા અપીલ કરી હતી.

કાર્યક્રમ અંતે ઉપસ્થિત તમામ આગેવાનો અને કાર્યકર્તાઓએ દેશના સર્વાંગી વિકાસમાં પોતાનું યોગદાન આપવા તથા પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પોને જનજન સુધી પહોંચાડવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમ રાષ્ટ્રભાવના અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# પાટણા (ભાલ)માં બસ સ્ટેશનના અભાવે લોકોને ભારે હાલાકી

વલ્લભીપુર : ભાવનગર-અમદાવાદ હાઈવે ઉપર વલ્લભીપુર તાલુકાના પાટણા (ભાલ)માં બસ સ્ટેશનના મકાનના અભાવે સ્થાનિક મુસાફરોને ઉનાળાના કાળઝાળ ગરમીના માહોલમાં રોડ પર બસની પ્રતિક્ષા કરવાનો વખત આવતા બસ સ્ટેન્ડનું નવુ મકાન બનાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામેલ છે. પાટણા ગામે રોડની બન્ને બાજુ પેસેન્જરોને તાપ, વરસાદ અને ઠંડીથી રક્ષણ મળે તે માટે બસ સ્ટેન્ડ બનાવાયા હતા.રોડથી પૂર્વ દિશામાં આવેલ બસ સ્ટેન્ડનુ મકાન પોલીસ ખાતાએ કબજે કર્યુ છે. જયારે ભાવનગર-અમદાવાદ રોડ ફોર લાઈન બનતા રોડની પશ્ચિમ દિશાનું બસ સ્ટેન્ડનુ મકાન પાડી દેવાયુ છે. આમ રોડની બન્ને બાજુ બસ સ્ટેન્ડ ધરાવતા તાલુકાનાં સૌથી મોટા ગામને એક પણ બસ સ્ટેન્ડ રહ્યુ નથી. અત્રે પાટણા, ઉજળવાવ, રાજગઢ અને ચકમપરના પેસેન્જરો પણ આવે છે.

# કચ્છ બોર્ડર પર ફરજ બજાવતા BSF જવાનોને લંડન સ્થિત દાતાશ્રી દ્વારા 2000 લિટર ડીપ ફ્રીઝની ભેટ

| મહેશ એલ. સોની | નખત્રાણા

દેશની સુરક્ષા માટે કચ્છ બોર્ડર પર ખડેપગે ફરજ બજાવતા આર્મી (BSF) ના જવાનોને જીવન જરૂરિયાતની વસ્તુઓની જરૂરિયાત હોવાની જાણ થતા, ભારાસર ગામના વતની અને હાલ લંડન સ્થિત દાતા શ્રી રવજીભાઈ મુરજીભાઈ વરસાણી દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. શ્રી રવજીભાઈ વરસાણી દ્વારા બોર્ડર પર ફરજ બજાવતા BSF સૈનિકો માટે 1,11,111/- (અંકે રૂપિયા એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર પુરા) ની કિંમતનું 2000 લિટરનું ડીપ ફ્રીઝ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યું છે. આ ડીપ ફ્રીઝથી બોર્ડર પર તૈનાત જવાનોને ઉનાળાની કાળઝાળ ગરમીમાં ખોરાક, દૂધ, શાકભાજી તથા અન્ય ખાદ્ય સામગ્રી લાંબા સમય સુધી સાચવવામાં ખૂબ મદદ મળી રહેશે.દાતાશ્રી રવજીભાઈ વરસાણીએ જણાવ્યું હતું કે, "દેશની રક્ષા કરતા જવાનો માટે કંઈ પણ કરવું



એ આપણા સૌની ફરજ છે. તેઓ પરિવારથી દૂર રહીને 50 ડિગ્રી ગરમીમાં પણ દેશનું રક્ષણ કરે છે. તેમની સેવામાં નાનકડો ફાળો આપી હું ધન્યતા અનુભવું છું."

સ્થાનિક સામાજિક આગેવાનો તથા ગ્રામજનો દ્વારા દાતાશ્રી રવજીભાઈ વરસાણીનો આ ઉમદા કાર્ય બદલ હૃદયપૂર્વક ખુબ ખુબ આભાર માનવામાં આવ્યો હતો.

મોટા અંગિયા ગામે તાલુકા કક્ષાના સમર યોગ કેમ્પનું સફળ સમાપન

# 15 દિવસીય યોગ શિબિરમાં બાળકોને યોગ, પ્રાણાયામ અને સ્વસ્થ જીવનશૈલીનું માર્ગદર્શન અપાયું

| જગદીશ પી. દવે |દેશલપર (ગુંતલી)

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત નિ:શુલ્ક તાલુકા કક્ષાના સમર યોગ કેમ્પનું મોટા અંગિયા ગામની જૈન સમાજવાડી ખાતે સફળ આયોજન કરવામાં આવ્યું હતું. 15 દિવસ સુધી ચાલેલા આ યોગ કેમ્પના સમાપન પ્રસંગે ભવ્ય સમારોહ યોજાયો હતો, જેમાં કેમ્પમાં ભાગ લેનાર બાળકોને પ્રમાણપત્રો એનાયત કરીને તેમની સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ઈકબાલભાઈ, ગામના સરપંચ ગરવા ગોપાલભાઈ, પૂજ્ય નાથબાવા શંકરનાથ ઉમરનાથ, પરેશભાઈ શાહ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ બાળકોને યોગ અને પ્રાણાયામના મહત્વ અંગે માર્ગદર્શન આપતાં નિયમિત યોગાભ્યાસ દ્વારા સ્વસ્થ અને શિસ્તબદ્ધ જીવન જીવવા પ્રેરણા આપી હતી.આ સમર યોગ કેમ્પ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલ સરની પ્રેરણા અને પશ્ચિમ કચ્છ ઝોન કો-ઓર્ડિનેટર વિજયભાઈ શેઠના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કેમ્પ દરમિયાન બાળકોને વિવિધ યોગાસનો, પ્રાણાયામ તેમજ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. કેમ્પના સફળ સંચાલનમાં યોગ સંચાલક ચંદ્રકાંત મકવાણા, સહ-સંચાલક ભારતીબા મોખા, સહ-સંચાલક નીરૂબેન ચૌધરી તથા દયારામભાઈ રૂડાણીનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. ગામના આગેવાનો અને વાલીઓના સહકારથી સમગ્ર કેમ્પ સુચારૂ રીતે સંપન્ન થયો હતો.સમાપન પ્રસંગે આયોજકોએ તમામ મહેમાનો, વાલીઓ, બાળકો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ યોગ દ્વારા સ્વસ્થ, તંદુરસ્ત અને સંસ્કારી સમાજના નિર્માણ માટે ભવિષ્યમાં પણ આવા લોકોપયોગી કાર્યક્રમો સતત યોજાતા રહે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.



# છોટા ઉદેપુર: બોડેલીમાં ભારે પવન સાથે વરસાદ, રેલવે ટ્રેક પર વૃક્ષ પડતાં વીજ લાઈન તૂટી, ટ્રેન વ્યવહાર ખોરવાયો

(એજન્સી) છોટા ઉદેપુર | તા.31

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં (31મી મે) વહેલી સવારે વાવાઝોડા જેવા જોરદાર પવન અને ગાજવીજ સાથે તૂટી પડેલા વરસાદના કારણે બોડેલી પંથકમાં વ્યાપક નુકસાન થયું હતું. બોડેલી અને જબુગામ વચ્ચે રેલવે લાઈન પર એક તોતિંગ વૃક્ષ ધરાશાયી થવાને કારણે રેલવેની ઓવરહેડ વીજ લાઈન (OHE) તૂટી ગઈ હતી. આ દુર્ઘટનાના પગલે બોડેલીથી છોટા ઉદેપુર વચ્ચેનો ટ્રેન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. મળતી માહિતી અનુસાર, ટ્રેક પર વૃક્ષ પડવાની અને હાઈટેન્શન વીજ લાઈન તૂટવાની ઘટનાને પગલે રેલવે તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સુરક્ષાના પગલાં રૂપે કંટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક અસરથી આ રૂટની ટ્રેનોને જે-તે સ્ટેશને રોકી દેવાનો આદેશ કરાયો હતો. ડભોઈ તરફથી આવતી ટ્રેનને તાત્કાલિક બોડેલી રેલવે સ્ટેશન ખાતે જ રોકી દેવામાં આવી હતી. અલીરાજપુર તરફથી આવતી ટ્રેનને છોટા ઉદેપુર રેલવે સ્ટેશન પર ઊભી રાખી દેવામાં આવી હતી. ટ્રેનો અધવચ્ચે રોકાઈ જતાં સવારના સમયે મુસાફરી કરી રહેલા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને રેલવેના ટેકનિકલ સ્ટાફ અને આપત્તિ વ્યવસ્થાપનની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પાટા પર આડા પડેલા વૃક્ષને કાપીને હટાવવાની તેમજ તૂટી ગયેલી રેલવે વીજ લાઈનને રિપેર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

## ઊંચા ભાવને પગલે વિશ્વ બજારમાં સ્પર્ધાત્મક રહેવાનું ટેકસટાઈલ ક્ષેત્ર માટે પડકારરૂપ હતું

# 1 જૂનથી રૂની આયાત ડયૂટી પાંચ મહિના માટે નાબુદ કરવામાં આવી



(એજન્સી) મુંબઈ | તા.31

ટેકસટાઈલ ઉદ્યોગની લાંબા સમયની માગણીને ધ્યાનમાં રાખી સરકારે રૂની આયાત ડયૂટીને ઓકટોબર સુધી નાબુદ કરવાની શનિવારે જાહેરાત કરી હતી. સરકારનો આ નિર્ણય ૧ જૂનથી લાગુ થશે. રૂની આયાત ડયૂટી પાંચ મહિના માટે માફ કરવામાં આવી છે. ઘરઆંગણેના ટેકસટાઈલ ઉદ્યોગને વ્યવહારિક ભાવે રૂ ઉપલબ્ધ બની રહે તે હેતુસર તેના પરની બેઝિક કસ્ટમ્સ ડયૂટી તથા એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ડેવલપમેન્ટ સેસ નાબુદ કરાયો છે. રૂનો પૂરવઠો વધારવા તથા ટેકસટાઈલ ઉદ્યોગને કાચા માલ સસ્તામાં મળી રહે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું નાણાં મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. રૂનો ખાસ વેપાર ન થતો હોય તેવા ચોમાસાના સમયગાળામાં ડયૂટીમાં માફી આપવામાં આવતા ખેડૂતોને સ્પર્ધાનો સામનો કરવો નહીં પડે.

૧લી જાન્યુઆરીથી રૂ પર ૧૧ ટકા ડયૂટી વસૂલવામાં આવી રહી હતી. વિશ્વ બજારમાં સ્પર્ધાત્મક બની રહેવા ટેકસટાઈલ ક્ષેત્ર લાંબા સમયથી ઈમ્પોર્ટ ડયૂટી નાબુદ કરવા માગણી કરી રહ્યું હતું. ઘરઆંગણે નીચા ઉત્પાદનને કારણે રૂના ભાવમાં તાજેતરમાં વધારો થયો હતો જેને પરિણામે નિકાસ બજારમાં સ્પર્ધામાં ઊભા રહેવાનું પડકારરૂપ બની ગયું હોવાનું ઉદ્યોગના સુત્રોએ અગાઉ જણાવ્યું હતું. ઘરઆંગણે રૂના ભાવ ઊંચકાતા ગારમેન્ટ તથા ટેકસટાઈલ ઉદ્યોગમાં માર્જિન પર અસર પડી હતી એટલુ જ નહીં નિકાસ બજારમાં સ્પર્ધાત્મકતા ઘટી ગઈ હતી. ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે સિન્થેટિક ફાઈબર્સના ભાવ વધી ગયા છે.

જેને કારણે મિલોએ કુદરતી કાચા માલ તરફ વળવું પડયું છે પરિણામે રૂના ભાવમાં ૧૦થી ૧૨ ટકા જેટલો વધારો થયો હતો. યુદ્ધને કારણે પણ ભાવમાં વધારો થયો છે. ગારમેન્ટની નિકાસ માટે ભારતના ઉત્પાદકોએ લોન્ગ આયાતી સ્ટેપલ તથા રૂ પર આધાર રાખવો પડે છે. ટેકસટાઈલની ૭૦ ટકા મૂલ્ય સાંકળ રૂ પર આધાર રાખતી હોવાથી રૂની આયાત પર કસ્ટમ ડયૂટી પાંચથી છ મહિના સુધી રદ કરવા સરકાર સમક્ષ ઉદ્યોગ દ્વારા અગાઉ રજૂઆત કરાઈ હતી.

## ખેત બચાઓ અભિયાનનો ૧ જૂનથી પ્રારંભ, ખાતર-બળતણની સ્થિતિ સામાન્ય

નવી દિલ્હી : કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ ૧ જૂનથી દેશવ્યાપી 'ખેત બચાઓ અભિયાન'નો પ્રારંભ કરવા જઈ રહ્યા છે. વડાપ્રધાનના રાસાયણિક ખાતરના અતિશય ઉપયોગને ઘટાડવાના આહ્વાનને પગલે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ એક મહિનો એટલે કે ૩૦ જૂન સુધી ચાલશે, જેની શરૂઆત મધ્યપ્રદેશના રાયસેન જિલ્લાના રામસિયા ગામથી થશે. કૃષિ મંત્રીએ દેશના તમામ મુખ્યમંત્રીઓને પત્ર લખીને આ અભિયાનમાં સહયોગ આપવા વિનંતી કરી છે.

આ અભિયાન દરમિયાન કૃષિ મંત્રી પોતે એક મહિના સુધી દેશભરના પ્રવાસે રહેશે. તેઓ સીધા ખેડૂતો સાથે સંવાદ કરશે અને ખેતરોની મુલાકાત લઈ સંતુલિત ખાતરના ઉપયોગ, જમીનની તંદુરસ્તીનું વ્યવસ્થાપન તથા નેનો-યુરિયા અને જૈવિક ખાતર જેવા વિકલ્પો અપનાવવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરશે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની અસર વૈશ્વિક સપ્લાય ચેઈન પર પડી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને ખાતરના સ્ટોકની સમીક્ષા કરવામાં આવી હતી. રક્ષા મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય છે. નાગરિકોને અફવાઓથી દૂર રહી પેનિક બાઈંગ (ગભરાટમાં ખરીદી) ન કરવા અનુરોધ કરાયો છે.

સરકારી આંકડા મુજબ, પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો દેશની જરૂરિયાત મુજબ પૂરતો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ વૈશ્વિક કિંમતોમાં થયેલા વધારાની અસર સામાન્ય ગ્રાહકો સુધી ન પહોંચે તે માટે દરરોજ આશરે ૫૫૦ કરોડ રૂપિયાનું નુકસાન સોસી રહી છે.

વધુમાં, ખરીફ ૨૦૨૬ માટે ખાતરની જરૂરિયાત ૩૯૦.૫૪ લાખ મેટ્રિક ટન અંદાજવામાં આવી છે, જેમાંથી ૫૧ ટકાથી વધુ જથ્થો હાલ ઉપલબ્ધ છે. પશ્ચિમ એશિયાના સંકટ બાદ ૧૨૨.૪ લાખ મેટ્રિક ટન વધારાનો જથ્થો આયાત અને સ્થાનિક ઉત્પાદન દ્વારા ઉમેરવામાં આવ્યો છે. ભારત મે-જૂન દરમિયાન ૧૫ લાખ મેટ્રિક ટન ડીએપી અને ૧૦ લાખ મેટ્રિક ટન એનપીકેના જથ્થાની અપેક્ષા રાખી રહ્યું છે.

## News Brief

### ભારતની વિકાસગાથાના બે મુખ્ય એન્જિન: માળખાગત સુવિધાઓ અને કૃત્રિમ બુદ્ધિમત્તા

નવીદિલ્હી : ભારત જ્યારે તેના આર્થિક વિકાસના આગામી તબક્કા માટે તૈયાર થઈ રહ્યું છે, ત્યારે વિશ્વસ્તરીય માળખાગત સુવિધાઓ અને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) એ દેશના ભવિષ્યના વિકાસ માટેના બે સૌથી મહત્વપૂર્ણ પરિબળો તરીકે ઉભરી આવ્યા છે. આ બંને ક્ષેત્રોના સુમેળથી ભારત વૈશ્વિક અર્થતંત્રમાં નેતૃત્વ કરી શકે છે. અગાઉના સમયમાં પહેલા માર્ગો, બંદર અને વીજળી જેવી પાયાની સુવિધાઓ બનાવવામાં આવતી અને ત્યારબાદ તેમાં ટેકનોલોજીનો ઉમેરો કરવામાં આવતો હતો. પરંતુ હવે એક નવું મોડેલ અમલમાં આવી રહ્યું છે, જેમાં ભૌતિક અને ડિજિટલ માળખાનો વિકાસ એકસાથે કરવામાં આવે છે. અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ આ નાણાકીય વર્ષના તેમના સંદેશમાં જણાવ્યું હતું કે, જે દેશો ભૌતિક માળખાને ડિજિટલ બુદ્ધિમત્તા સાથે જોડી શકશે, તેઓ આગામી દાયકાઓમાં વૈશ્વિક અર્થતંત્રનું નેતૃત્વ કરશે.કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ને ઘણીવાર સોફ્ટવેર ક્રાંતિ તરીકે જોવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તે મજબૂત ભૌતિક માળખા પર નિર્ભર છે. ડેટા સેન્ટરોને કામ કરવા માટે વિશ્વસનીય વીજળી, ટ્રાન્સમિશન નેટવર્ક, અત્યાધુનિક કુલિંગ સિસ્ટમ અને હાઈ-સ્પીડ કનેક્ટિવિટીની જરૂર હોય છે. ભારત પાસે એવી અનન્ય તક છે કે તે જૂના માળખાના બોજ વગર અત્યાધુનિક સિસ્ટમ શૂન્યથી બનાવી શકે છે. રિન્યુએબલ એનર્જી, લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશન જેવા ક્ષેત્રોને અલગ રાખવાને બદલે એક સંકલિત ઈકોસિસ્ટમ તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે.

## રશિયાથી તેલની, અમેરિકાથી ગેસની આયાત રેકોર્ડ સ્તરે

# મેમાં દેશની ક્રૂડ ઓઈલની આયાત 4.9 મિલિયન બેરલ પહોંચી ગઈ

(એજન્સી) અમદાવાદ | તા.31

પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિમાં સુધારો થવાના કોઈ નક્કર સંકેતો નથી. આ સંદર્ભમાં, ભારતે છેલ્લા ૯૦ દિવસમાં તેની ઇંધણ પુરવઠા વ્યૂહરચનામાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. રશિયાથી ક્રૂડ ઓઈલની આયાત વધારવા ઉપરાંત, તે બ્રાઝિલ, વેનેઝુએલા અને અંગોલા જેવા દેશોથી પણ ક્રૂડ ઓઈલ મેળવી રહ્યું છે. વધુમાં, અમેરિકામાંથી એલએનજી અને એલપીજીનો પુરવઠો વધારવામાં આવ્યો છે, કારણ કે પશ્ચિમ એશિયામાં પરંપરાગત સપ્લાયર્સ હાલમાં પૂરતો જથ્થો પૂરો પાડી રહ્યા નથી.કેપ્લરના ડેટા અનુસાર, મે મહિનામાં ભારતની ક્રૂડ ઓઈલની આયાત પાછલા મહિનાની સરખામણીમાં ૧૦ ટકા વધીને ૪.૯ મિલિયન બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ હતી, જેમાં રશિયા કુલ શિપમેન્ટનો ૩૮.૬૦ ટકા હિસ્સો ધરાવે છે. ૨૮ મે સુધીમાં રશિયાથી ક્રૂડ ઓઈલની આયાત વધીને ૧.૯ મિલિયન બેરલ પ્રતિદિન થઈ, જે જાન્યુઆરીના સ્તર (પશ્ચિમ



એશિયામાં સંઘર્ષ શરૂ થયો તે પહેલાં) ની તુલનામાં લગભગ ૮૦ ટકાનો વધારો દર્શાવે છે.રસોઈ માટે ઉપયોગમાં લેવાતા એલપીજીની આયાત, મે મહિનામાં પાછલા મહિનાની તુલનામાં વધી, પરંતુ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ટ્રાફિક વિક્ષેપને કારણે યુદ્ધ પહેલાના સ્તરની તુલનામાં ૫૦ ટકાથી વધુ ઘટી ગઈ હતી. એલપીજીની આયાત મે મહિનામાં ૧૧ ટકા વધીને ૧.૦૮ મિલિયન ટન થઈ હતી, જે મુખ્યત્વે અમેરિકામાંથી પુરવઠા દ્વારા સંચાલિત હતી, જે કુલ આયાતના અડધાથી વધુ હિસ્સો ધરાવે છે.અમેરિકા મે મહિનામાં ભારતના સૌથી મોટા એલપીજી સપ્લાયર તરીકે ઉભરી આવ્યું હતું, ઈરાન અને યુએઈ બે સૌથી મોટા સપ્લાયર હતા, જે અનુક્રમે ૧.૪ લાખ ટન અને ૧.૧ લાખ ટન સપ્લાય કરતા હતા.

## શાંગ્રી-લા ડાયલોગમાં ભારતનું વર્ચસ્વ: ન્યુઝીલેન્ડ અને સિંગાપોર સાથે મજબૂત સંરક્ષણ સંબંધો

સિંગાપોર : સિંગાપોરમાં આયોજિત 'શાંગ્રી-લા ડાયલોગ ૨૦૨૬' નામના વૈશ્વિક સંરક્ષણ મંચ પર ભારત તેની વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યું છે. ભારતના સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંઘે આ મંચ પર ન્યુઝીલેન્ડ અને સિંગાપોરના ટોચના નેતાઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજીને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સુરક્ષા અને સહકારને વધુ મજબૂત બનાવવાની કટિબદ્ધતા દર્શાવી છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સંરક્ષણ સચિવે ન્યુઝીલેન્ડના સંરક્ષણ મંત્રી ક્રિસ પેન્ક અને સિંગાપોરના સંરક્ષણ મંત્રી ચાન ચુન સિંગ સાથે અત્યંત ફળદાયી ચર્ચાઓ કરી હતી. આ બેઠકોનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો સાથે દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધોને ગાઢ બનાવવાનો હતો. ખાસ કરીને દરિયાઈ ક્ષેત્રમાં સહકાર વધારવા, માહિતીની આપ-લે માટેની નવી પ્રણાલીઓ વિકસાવવા અને એક સુરક્ષિત, સ્થિર તેમજ સર્વસમાવેશક ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના નિર્માણ માટે સહમતી સાધવામાં આવી હતી.શાંગ્રી-લા ડાયલોગના પ્રથમ દિવસે, સંરક્ષણ સચિવ સિંઘે સિંગાપોરના રાષ્ટ્રપતિ થર્મન શણમુગરત્નમ સાથે ખાસ મુલાકાત કરી હતી. ઈસ્તાના રિસેપ્શનમાં થયેલી આ ચર્ચામાં ભારત અને સિંગાપોર વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને વધુ વિસ્તૃત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની વધતી જતી ભૂમિકાના ભાગરૂપે, સિંઘે સ્વીડનના સંરક્ષણ મંત્રીના સ્ટેટ સેક્રેટરી પીટર સેન્ડવોલ સાથે પણ સંવાદ કર્યો હતો. જેમાં સંરક્ષણ ટેકનોલોજી અને નવા સંશોધનો (Innovation) ના ક્ષેત્રમાં ભારત-સ્વીડન વચ્ચે સહયોગ વધારવાની નવી તકો તપાસવામાં આવી હતી.

નેધરલેન્ડના ડિફેન્સ ચીફ, જનરલ ઓનો આઈચેલશેઈમ સાથેની બેઠકમાં સંરક્ષણ સચિવે સૈન્ય આદાનપ્રદાન કાર્યક્રમો અને દ્વિપક્ષીય તાલીમ અભ્યાસોને વધારવાની દિશામાં મહત્વના નિર્ણયો લીધા હતા. આ મંચ પર ભારતે ઓસ્ટ્રેલિયા અને યુરોપિયન યુનિયનના વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓ સાથે પણ મુલાકાત કરીને સુરક્ષા પડકારો અંગે વૈશ્વિક એકતા પર ભાર મૂક્યો હતો.

## સોના- ચાંદીમાં ઘટાડો

### મેમાં ક્રૂડ 20 ટકા તૂટતાં મંથલી ઘટાડામાં છ વર્ષનો રેકોર્ડ તૂટયો




મુંબઈ : મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. બંધ બજારે જોકે સોના- ચાંદીના ભાવ વધ્યા મથાળેથી ઘટયા હતા. નવી માગ ધીમી હતી. વિશ્વબજારના સમાચાર જોકે કિંમતી ધાતુઓમાં મિશ્ર હવામાન દર્શાવતા હતા. દરમિયાન, વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવમાં ધીમો ઘટાડો જોવા મળ્યો હતો. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઘટતાં મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટાડા પર રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૫૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૬૦૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૬૦૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૬૧૦૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૨૬૦૦૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૪૫૨૭થી ૪૫૨૮ ડોલવાળા વધી છેલ્લે ભાવ સપ્તાહના અંતે ૪૫૪૦થી ૪૫૪૧ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૭૫.૫૨થી ૭૫.૫૩ વાળા જોકે ઘટી છેલ્લે ભાવ ૭૫.૨૯થી ૭૫.૩૦ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ઘટી રૂ.૧૫૫૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૫૬૩૦૦ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ ઘટી જીએસટી વગર રૂ.૨૬૩૦૦૦ રહ્યા હતા. બંધ બજારે આજે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૫.૦૩ વાળા ઘટી રૂ.૯૪.૯૨થી ૯૪.૯૩ બોલાઈ રહ્યા હતા. વિશ્વબજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચામાં ૯૯.૧૪ રહ્યા પછી નીચામાં આ ઈન્ડેક્સ ૯૮.૭૫ થઈ ૯૮.૯૪ આસપાસ છેલ્લે રહ્યાના નિર્દેશો મળ્યા હતા.વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવમાં ધીમો ઘટાડો જોવા મળ્યો હતો. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૯૨ ડોલરવાળા નીચામાં ભાવ ૮૯.૯૩ થઈ છેલ્લે ભાવ ૯૧.૧૨ ડોલર રહ્યા હતા. જ્યારે યુએસ ક્રુડના ભાવ ૮૭.૪૧ વાળા ૮૬.૩૫ થઈ ૮૭.૩૬ ડોલર રહ્યા હતા.

# મેમાં સતત પાંચમાં મહિને એફપીઆઈ ભારતીય ઈક્વિટી કેશમાં નેટ વેચવાલ

### ૨૦૨૬માં વિદેશી રોકાણકારોએ અત્યારસુધીમાં રૂપિયા ૨,૯૬,૭૧૫ કરોડની જંગી વેચવાલી હાથ ધરી

મુંબઈ : ભારતીય ઈક્વિટીસમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)ની વેચવાલી સતત મેમાં પણ જળવાઈ રહી હતી. પ્રાપ્ત ડેટા પ્રમાણે મેમાં એફપીઆઈએ ઈક્વિટી કેશમાં રૂપિયા ૫૫૯૬૩.૩૩ કરોડની નેટ વેચવાલી કરી છે. વર્તમાન વર્ષના સતત પાંચમાં મહિનામાં એફપીઆઈ વેચવાલ રહેતા ૨૦૨૬માં અત્યારસુધીમાં કેશમાં નેટ વેચવાલીનો આંક રૂપિયા ૨,૯૬,૭૧૫ કરોડ સુધી પહોંચી ગયો છે જ્યારે આની સામે ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)એ રૂપિયા ૩,૮૪,૩૩૭.૦૨ કરોડની નેટ ખરીદી કરી હતી.મેના અંતે એફપીઆઈની વેચવાલી ૨૦૨૫ના સંપૂર્ણ વર્ષની રૂપિયા ૩,૦૬,૪૧૯ કરોડની વેચવાલીની નજીક પહોંચી ગયો છે. એફપીઆઈની વેચવાલી વર્તમાન ગતિએ ચાલુ રહેશે તો ૨૦૨૬ના અંત સુધીમાં એફપીઆઈનો ભારતીય ઈક્વિટીસમાં વેચવાલીનો આંક વિક્રમી રહેવાની ધારણાં મૂકવામાં આવી રહી છે. પશ્ચિમ એશિયામાં ચાલુ રહેલી તંગદિલીને કારણે ક્રુડ તેલના ઊંચા ભાવને પરિણામે ભારતના અર્થતંત્ર પર અસર પડવાની શકયતાએ વિદેશી રોકાણકારો વેચવાલીમાં આક્રમક બન્યા હોવાનું બજારના વિશ્લેષકે જણાવ્યું હતું.ભારતમાંથી પોતાના રોકાણ પાછા ખેંચી વિદેશી રોકાણકારો આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) પ્રેરિત ઈન્વેસ્ટમેન્ટ ચક્રમાંથી જેને લાભ થઈ રહ્યો છે તેવા ક્ષેત્રોમાં રોકાણ કરી રહ્યા છે. એફપીઆઈ ભારતને એઆઈ પર ધ્યાન આપતા મોટા બજાર મથક તરીકે નિહાળતા નથી. પશ્ચિમ એશિયાનું યુદ્ધ ફાટી નીકળ્યા બાદ માર્ચમાં એફપીઆઈએ કેશમાં નેટ રૂપિયા ૧,૨૨,૫૪૦ કરોડની વેચવાલી કરી હતી, જે વર્તમાન વર્ષના કોઈ એક મહિનાની સૌથી ઊંચી વેચવાલી રહી છે.જાણકારોના મત પ્રમાણે વિદેશી રોકાણકારોની મોટાભાગની વેચવાલી લાર્જ કેપ સ્ટોકસમાં રહી છે.

## ઈઝમાયટ્રીપની મજબૂત કામગીરી: Q4 FY26માં ૮.૯ ટકા આવક વૃદ્ધિ સાથે વિઝન 2030નો રોડમેપ જાહેર

નવી દિલ્હી : પ્રવાસન ક્ષેત્રની અગ્રણી કંપની 'ઈઝમાયટ્રીપ' (EaseMyTrip) એ નાણાકીય વર્ષ ૨૦૨૬ ના ચોથા ત્રિમાસિક ગાળામાં સતત ગતિ જાળવી રાખી છે. કંપનીની કામગીરીમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૮.૯ ટકા વધીને ૧૫૨ કરોડ રૂપિયા સુધી પહોંચી છે. હોટેલ્સ, હોલિડેઝ અને આંતરરાષ્ટ્રીય બજારોમાં મળેલી મજબૂત સફળતાને કારણે કંપની આ વૃદ્ધિ નોંધાવવામાં સફળ રહી છે. કંપની દ્વારા જારી કરવામાં આવેલા પ્રેસ રિલીઝ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે વાર્ષિક ગ્રોસ બુકિંગ રેવન્યુ (GBR) ૮,૩૭૬ કરોડ રૂપિયા રહી હતી. ચોથા ત્રિમાસિક ગાળામાં માત્ર ૨,૧૩૮ કરોડ રૂપિયાની GBR નોંધાઈ છે. કામગીરીમાંથી થયેલી આવક, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૧૩૯.૫ કરોડ રૂપિયા હતી, તે વધીને ૧૫૨ કરોડ રૂપિયા થઈ છે, જે પ્રવાસ માટેની વધતી જતી માંગ અને કંપનીની સેવાઓમાં ગ્રાહકોના વધતા વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. આ ત્રિમાસિક ગાળામાં કંપની માટે હોટેલ્સ અને પેકેજિસ સેગમેન્ટ સૌથી વધુ વિકાસનું એન્જિન સાબિત થયું છે. આ સેગમેન્ટની આવકમાં ૧૪૮ ટકાનો પ્રભાવશાળી વાર્ષિક વધારો નોંધાયો છે. હોટેલ રૂમ નાઈટ બુકિંગમાં પણ ૯૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે, જે આંકડો ૫.૫૨ લાખ સુધી પહોંચ્યો છે. એટલે કે, દરરોજ સરેરાશ ૬,૦૦૦ થી વધુ રૂમ નાઈટ્સ બુક કરવામાં આવી રહી છે. રિપબ્લિક ડે સેલ, વેલેન્ટાઈન ડે અને સમર સ્પેશિયલ સેલ્સ જેવી પહેલોએ ગ્રાહકોને વધુ જોડવામાં મદદ કરી છે.

## રૂપિયો મજબૂત થવા માટે આર્થિક પાયા મજબૂત, ઉચ્ચ વિકાસ દર માટે સુધારા જરૂરી: સુરજિત ભલ્લા

નવી દિલ્હી : ભારતના જાણીતા અર્થશાસ્ત્રી અને લેખક સુરજિત ભલ્લાએ તાજેતરમાં એક મહત્વપૂર્ણ નિવેદનમાં જણાવ્યું છે કે ભારતના આર્થિક પાયા (Fundamentals) રૂપિયાને વધુ મજબૂત બનાવવા માટે અનુકૂળ છે. જોકે, દેશમાં વધુ રોકાણ આકર્ષવા અને આર્થિક વિકાસ દરને વેગ આપવા માટે કેટલીક નીતિગત સુધારણાઓ અત્યંત આવશ્યક છે.એક વિશેષ મુલાકાતમાં ભલ્લાએ સ્પષ્ટ કર્યું હતું કે ભારતની વર્તમાન ખાતાની ખાધ (Current Account Deficit) ઓછી છે અને ફુગાવાનો દર પણ કાબૂમાં છે. આ બંને પરિબળો રૂપિયાના મૂલ્યને ટેકો આપવા માટે સક્ષમ છે, એટલે કે રૂપિયો નબળો પડવાને બદલે મજબૂત થવો જોઈએ. તેમણે ઉમેર્યું કે મજબૂત આર્થિક વૃદ્ધિ હોવા છતાં, રોકાણનો અભાવ એ ચિંતાનો વિષય છે. નીતિગત અનિશ્ચિતતાઓને કારણે રોકાણકારોનો ઉત્સાહ ઘટી રહ્યો છે, જેની અસર રૂપિયાના દેખાવ પર પણ જોવા મળી રહી છે. ભલ્લાએ સરકારને તાત્કાલિક અસરથી 'રેટ્રોસ્પેક્ટિવ ટેક્સેશન' (ભૂતકાળની અસરથી ટેક્સ ઉઘરાવવાની પદ્ધતિ) હંમેશા માટે બંધ કરવા આહ્વાન કર્યું છે. તેમણે આ પદ્ધતિને નૈતિક અને સૈદ્ધાંતિક રીતે ખોટી ગણાવતા કહ્યું કે, આવા પગલાં રોકાણકારોનો વિશ્વાસ ડગમગાવે છે અને ખાનગી રોકાણને ભારે નુકસાન પહોંચાડે છે.વધુમાં, તેમણે વિદેશી રોકાણકારો પરના ટેક્સના દર, ખાસ કરીને કેપિટલ ગેઈન્સ ટેક્સ ઘટાડવાની હિમાયત કરી છે. તેમના મતે, ભારતની સરખામણીએ અન્ય વિકસિત અર્થતંત્રોમાં વિદેશી રોકાણકારો માટે ટેક્સના દર ઓછા હોવાથી રોકાણકારો ત્યાં વધુ આકર્ષાય છે.

## ટ્રેડર્સ માટે ખુશખબર

### ઓગસ્ટથી વધી જશે સ્ટોક માર્કેટનો ટ્રેડિંગ ટાઈમ, NSEની મોટી જાહેરાત

મુંબઈ : શેરબજારના બંધ થવાના સમયમાં ફેરફાર થવા જઈ રહ્યો છે. આ ફેરફાર ફ્યુચર એન્ડ ઓપ્શન (F&O) ટ્રેડિંગ હેઠળ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે હવે આ સેગમેન્ટના ટ્રેડર્સને ટ્રેડિંગ માટે થોડો વધારે સમય મળી શકે તેમ છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)એ જાહેરાત કરી છે કે, ક્લોઝિંગ ઓક્શન સેશન (CAS)ની શરૂઆત હેઠળ ઈક્વિટી ડેરિવેટિઝ સેગમેન્ટ માટે બજાર બંધ થવાનો સામાન્ય સમય 10 મિનિટ વધારીને બપોરે 3:40 વાગ્યા સુધી કરવામાં આવશે. આ નવો નિયમ ઓગસ્ટ મહિનાથી લાગુ થઈ શકે છે.

CASએ દિવસના અંતનો એવો સમય છે, જેમાં બજારના ટ્રેડર્સ યોગ્ય કિંમત નક્કી કરવા માટે ખરીદી કે વેચાણના ઓર્ડર આપે છે. NSE દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા પત્ર મુજબ, ડેરિવેટિવ માર્કેટ ઓપરેટરને કેશ સેગમેન્ટમાં નવા ક્લોઝિંગ ઓક્શન તરીકે રાખવા માટે આ સમય વધારીને 3:40 વાગ્યાનો કરાયો છે. આ ફેરફાર માત્ર F&O માટે જ રહેશે, જ્યારે પ્રી-ઓપન સેશન, ટ્રેડ મોડિફિકેશન વિન્ડો અને કેશ સેગમેન્ટના સમયમાં કોઈ જ ફેરફાર થશે નહીં. એક્સચેન્જના જણાવ્યા અનુસાર, ક્લોઝિંગ ઓક્શન સેશન દરમિયાન લાગુ થતા પ્રાઈસ બેન્ડ અને પ્રી-ટ્રેડ રિસ્ક કંટ્રોલના નિયમો ઈક્વિટી ડેરિવેટિઝ સેગમેન્ટ પર પણ લાગુ થશે. આ પગલાનો ઉદ્દેશ્ય દિવસના અંતે ટ્રેડિંગ પ્રક્રિયા દરમિયાન કેશ અને ડેરિવેટિઝ માર્કેટ વચ્ચે તાલમેલ વધારવાનો છે. નવા ફેરફાર હેઠળ, કેશ માર્કેટમાં ક્લોઝિંગ ઓક્શન સેશન શરૂ થયા પછી જ્યારે પણ સ્ટોક ફ્યુચર કોન્ટ્રેક્ટ્સની ઓપરેશન વેલ્યુ લિમિટ ફરી નક્કી થશે ત્યારે તેની જાણકારી અપાશે. બદલાયેલા પ્રાઈસ બેન્ડની બહાર જતા બાકી ઓર્ડર્સ નિયમ મુજબ આપોઆપ રદ થઈ જશે. ડેરિવેટિવ કોન્ટ્રેક્ટના ક્લોઝિંગ પ્રાઈસની ગણતરી કરવાની પદ્ધતિમાં કોઈ ફેરફાર નહીં થાય. જો કે, ક્લોઝિંગ વેલ્યુ નક્કી કરવા માટે વપરાતી વોલ્યુમ-વેટેજ એવરેજ પ્રાઈસ (VWAP) વિન્ડોની ગણતરી હવે બપોરે 3:10 થી 3:40 વાગ્યા વચ્ચે થયેલા સોદાના આધારે કરવામાં આવશે.

## અદાણી ગ્રુપ | ભારતીય જીવન વીમા નિગમ દ્વારા ગંભીર આક્ષેપો

# પત્રકાર રવિ નાયર સામે અમદાવાદમાં અદાણી કેસમાં ફરિયાદ

અમદાવાદ : વિદેશી મીડિયામાં પ્રકાશિત થયેલા એક વિવાદિત સમાચારને પગલે અમદાવાદમાં મોટી કાનૂની કાર્યવાહી શરૂ થઈ છે. જાણીતા અખબારમાં અદાણી ગ્રૂપ અને ભારતીય જીવન વીમા નિગમ (LIC) વચ્ચેના અબજો ડોલરના રોકાણ અંગેના ભ્રામક અહેવાલના કારણે પત્રકાર રવિ નાયર મુશ્કેલીમાં મુકાયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કોઈ પણ અધિકૃત પુરાવા વિના જાહેર કરાયેલા આ સમાચારથી સંસ્થાઓની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચતા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો નોંધવામાં આવ્યો છે.ગત વર્ષે ઓક્ટોબર મહિનામાં એક આંતરરાષ્ટ્રીય સ્તરના અખબારના ડિજિટલ માધ્યમમાં એક લેખ છપાયો હતો. આ લેખમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારત સરકાર અને ભારતીય જીવન




વીમા નિગમ દ્વારા અદાણી જૂથની વિવિધ કંપનીઓમાં આશરે 3.9 અબજ ડોલરનું જંગી રોકાણ કરવામાં આવી રહ્યું છે. આ લેખમાં રોકાણની શરતો અને આંતરિક મંજૂરીઓ જેવા સંવેદનશીલ મુદ્દાઓનો ઉલ્લેખ કરીને વાચકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ લેખ રવિ નાયર નામના પત્રકાર દ્વારા લખવામાં આવ્યો હતો.

આ સમાચાર વાયુવેગે ફેલાતા ભારતીય જીવન વીમા નિગમ દ્વારા તાત્કાલિક અસરથી સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી હતી. નિગમે પોતાના સત્તાવાર માધ્યમો પર જણાવ્યું હતું કે, રોકાણ અંગેના આ સમાચાર તદ્દન પાયાવિહોણા અને સત્યથી વેગળા છે. નિગમની નીતિઓ પારદર્શક છે અને તમામ રોકાણો નિયમોને આધીન કરવામાં આવે છે. આ સ્પષ્ટતા બાદ પણ જ્યારે પત્રકારે પોતાના દાવાઓના સમર્થનમાં સોશિયલ મીડિયા પર દસ્તાવેજોના સ્ક્રીનશોટ રજૂ કર્યા, ત્યારે તે શંકાસ્પદ અને બનાવટી હોવાનું સામે આવ્યું હતું. આ બનાવટી અહેવાલના કારણે માત્ર અદાણી ગ્રૂપ જ નહીં, પરંતુ શેરબજારમાં રોકાણકારોના વિશ્વાસ પર પણ તેની અસર પડી હતી. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને, ભારતીય જીવન વીમા નિગમ દ્વારા બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જને અધિકૃત જાણકારી મોકલીને રોકાણના તમામ દાવાઓને ફગાવી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ, નવરંગપુરા સ્થિત અદાણી હાઉસના અધિકારીઓ દ્વારા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં આ મામલે લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે પત્રકારે જાણીજોઈને ખોટા અને બનાવટી દસ્તાવેજોનો સહારો લઈને ભ્રામક વાતાવરણ ઊભું કર્યું છે. હાલમાં પોલીસ આ મામલે ઝીણવટભરી તપાસ કરી રહી છે અને કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 01

# ખોટી ફરિયાદો બાબતે સુપ્રિમ કોર્ટ કડક

સુપ્રિમ કોર્ટે લગ્ન જીવનના વિવાદોમાં ખોટા અને દુર્ભાવનાપૂર્ણ ફોજદારી કેસોની વધતી સંખ્યા બાબતે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે કહ્યું છે કે, કોર્ટો અને વકીલો બંનેની જવાબદારી છે કે અંગત દ્વેષને કારણે ફોજદારી કાયદાનો દુરઉપયોગ થતો રોકે. જસ્ટીસ બીવી નાગરત્ના અને જસ્ટીસ ઉજ્જલ ભૂયીઆની બેંચે પતિ અને એમના કુટુંબીઓ વિરુદ્ધ કરવામાં આવેલી ૧૦થી વધુ ફોજદારી ફરિયાદોને રદ કરતા આ ટીપ્પણી કરી હતી. આ કેસોમાં પોક્સો કાયદો અને ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) હેઠળ દુષ્કૃત્યની ફરિયાદોનો સમાવેશ પણ થાય છે. કોર્ટે ટીપ્પણી કરી હતી કે, 'લગ્ન જીવનના વિવાદોમાં ખોટા આક્ષેપો અને દ્વેષપૂર્ણ કેસોને કોર્ટે ઉત્તેજન આપવું જોઈએ નહીં. વકીલો ઉપર સામાજીક જવાબદારી છે અને કુટુંબ જીવનના સામાજીક બંધનને તૂટતુ બચાવવું જોઈએ.મરાઠા અનામત માટે લડી રહેલા મનોજ જરાંગેએ ૯મી વખત આમરણાત ઉપવાસ શરૂ કર્યા છે. મહારાષ્ટ્રના જલના જિલ્લામાં તેઓ પોતાના ટેકેદારો સાથે ભૂખ હડતાળ પર ઉતર્યા છે. મહારાષ્ટ્રની ગઠબંધન સરકારને ખબર છે કે, મરાઠા અનામત બાબતે મહારાષ્ટ્રના મરાઠાઓ ખૂબ સંવેદનશીલ છે. ભૂતકાળમાં પણ જેતે સરકારે મનોજ જરાંગે સાથે વાતચીત કરવી પડી છે. મનોજ જરાંગે ભૂખ હડતાળ પર ઉતરતા જ મરાઠા અનામત કેબિનેટ સબ કમીટીના ચેરમેન અને મંત્રી રાધાકૃષ્ણ વીખે પાટીલ જરાંગેને મળવા દોડી ગયા હતા. પાટીલે જરાંગેને એમનું આંદોલન પરત ખેંચવા વિનંતી કરી હતી. જરાંગેએ અંતરવાલી સરાતી ગામમાં આંદોલન શરૂ કર્યું છે. ભારે ગરમી વચ્ચે કોઈ મંડપ બાંધ્યા વગર તેઓ ખુલ્લામાં ભૂખ હડતાળ કરી રહ્યા છે. એમણે સરકારને વારંવાર વિંનતી કરી હોવા છતાં પણ સરકારે ધ્યાન આપ્યું નહોતું.પશ્ચિમ બંગાળમાં જ્યારે સામ્યવાદીઓ સત્તામાં હતા ત્યારે ટાટા ગુરપને પ્લાન્ટ નાખવા માટે સિંગુરમાં જમીન ફાળવવામાં આવી હતી. એ વખતે મમતા બેનર્જીએ મોટુ આંદોલન ચલાવીને ટાટા ગુરપને બંગાળમાંથી પરત કર્યું હતું. દુભાયેલા ઉદ્યોગગૃહોએ ત્યાર પછી બંગાળમાં નવા ઉદ્યોગો સ્થાપવાનું માંડી વાળ્યું હતું. હવે બંગાળમાં ભાજપ સરકાર સત્તા પર આવ્યા પછી બંગાળના ભાજપ પ્રમુખ સમીક ભટ્ટાચાર્યએ ટાટા ગુરપને સિંગુરમાં પાછા આવવા આમંત્રણ આપ્યું છે. એમનું માનવું છે કે જો બંગાળમાં ટાટા ગુરપ ફરીથી પ્લાન્ટ નાખે તો રાજ્યમાં બીજા ઈન્વેસ્ટરો આવવા માટે પણ વિચારશે. એમના મતે રાજ્યમાં ટાટાને કોઈપણ હિસાબે પરત લાવવું આવશ્યક છે. હમણા રાજ્યની ઈમેજ ઉદ્યોગ વિરોધી છે. આ ઈમેજ બદલવી હોય તો ફરીથી વિવિધ ઉદ્યોગોને બંગાળમાં લાવવા પડશે.કર્ણાટકમાં કોંગ્રેસની નવી સરકાર બની રહી છે. ડી કે શિવકુમાર નવા મુખ્યમંત્રી બનશે. ડી કે શિવકુમારને જ્યોતિષીમાં ભારે વિશ્વાસ છે. શિવકુમારના જ્યોતિષી આરાધ્યએ કહ્યું છે કે શિવકુમાર ૩જી જૂને સાંજે ૫.૧૫ વાગ્યે મુખ્યમંત્રી પદના સોંગદ લેશે. આ સલાહ એમને આપવામાં આવી છે. કર્ણાટકમાં નવી સરકાર બને એ પહેલા કોંગ્રેસ મહામંત્રી કેસી વેણુગોપાલને અને કર્ણાટકના પ્રભારી રણદીપસિંહ સુરજેવાલા બેંગલુરુ પહોંચી ગયા છે. કોંગ્રેસ નેતા સતીષ જારકીહોલીએ કહ્યું છે કે, સિદ્ધારમૈયાએ શરૂ કરેલી કામગીરી ચાલુ રહેશે. આ જવાબદારી અમારા નવા મુખ્યમંત્રી નિભાવશે. સિદ્ધારમૈયાને કોંગ્રેસ હાઈકમાન્ડે રાજ્યસભાની બેઠક ઓફર કરી હતી. જોકે રિસાયેલા સિદ્ધારમૈયાએ આ ઓફર નકારી કાઢી છે. ઉપરછલ્લી રીતે ડી કે શિવકુમાર અને સિદ્ધારમૈયા એક બીજાને ગળે મળે છે, પરંતુ વખત આવે ત્યારે સિદ્ધારમેયા વળતો ઘા કરે એવી પૂરી શક્યતા છે.કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર દેશની શિક્ષણ વ્યવસ્થા બરબાદ કરવાનો આરોપ મૂક્યો છે. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકીને કહ્યું છે કે વિશ્વગુરુ બનવાના મોટા મોટા દાવા કરતી સરકાર એક પરીક્ષાનું આયોજન પણ યોગ્ય રીતે કરી શકવા સક્ષમ નથી. નેશનલ ટેસ્ટીંગ એજન્સી (એનટીએ)એ કહ્યું હતું કે શનિવારે દેશભરમાં લેવાનાર સીયુટી-યુજી ૨૦૨૬ પરીક્ષા કેટલાક કેન્દ્રો પર ટેક્નીકલ સમસ્યાને કારણે મોડી શરૂ થઈ હતી. કોંગ્રેસ નેતાએ સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે, 'નીટ, સીબીએસઈ, એસએસસી અને સીયુઈટી. ચાર પરીક્ષાઓ, એક પણ પરીક્ષા પ્રમાણીકતાથી થઈ નથી.' યુવાધન નીરાશ હોવાનું પણ એમણે કહ્યું હતું, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આકરી ટીકા કરતા રાહુલ ગાંધીએ આરોપ મૂક્યો હતો કે મોદીએ પુરી શિક્ષણ વ્યવસ્થાને બરબાદ કરી નાખી છે.




# નિરોણા ગામે દૈનિક મેઈન્ટેન થતા "નોટિસ બોર્ડ"ની અનોખી પહેલ

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નિરોણા ગામે ગ્રામ પંચાયત દ્વારા દૈનિક ધોરણે અપડેટ અને મેઈન્ટેન કરવામાં આવતા 'નોટિસ બોર્ડ'ની અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. ગ્રામજનોને સરકારી યોજનાઓ, જાહેર સૂચનાઓ, જન્મ-મરણ નોંધ, ગ્રામ વિકાસના કાર્યો તેમજ અન્ય મહત્વપૂર્ણ માહિતી સમયસર મળી રહે તે માટે પંચાયત દ્વારા નોટિસ બોર્ડનું નિયમિત સંચાલન કરવામાં આવે છે. નિરોણા ગ્રામ પંચાયતનો આ નોટિસ બોર્ડ માત્ર માહિતી પ્રસારનું સાધન જ નહીં પરંતુ ગ્રામજનો અને પંચાયત વચ્ચે સંવાદનું મહત્વપૂર્ણ માધ્યમ બની




રહ્યો છે. ગામમાં આવનાર દરેક વ્યક્તિને મહત્વની માહિતી એક જ સ્થળે સરળતાથી મળી રહે છે.

આ અંગે માહિતી આપતા સરપંચ શ્રી એન.ટી. આહીરે જણાવ્યું હતું કે ગ્રામજનો સુધી સચોટ અને સમયસર માહિતી પહોંચે તે માટે નોટિસ બોર્ડને દરરોજ અપડેટ કરવામાં આવે છે. પંચાયતની કામગીરીમાં પારદર્શિતા જળવાય અને લોકોને વિવિધ યોજનાઓની જાણકારી મળી રહે તે માટે આ વ્યવસ્થા ખૂબ ઉપયોગી સાબિત થઈ રહી છે. ખાસ નોંધનીય બાબત એ છે કે નિરોણા ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા 25 વર્ષના મરણ નોંધના રેકોર્ડનું સંરક્ષણ કરવામાં આવ્યું છે, જે કચ્છ જિલ્લાના ગામડાઓમાં એક અનોખું અને પ્રશંસનીય ઉદાહરણ છે. આ પ્રકારના વર્ષો જૂના રેકોર્ડને વ્યવસ્થિત રીતે સાચવી રાખવાની કામગીરી ભાગ્યે જ જોવા મળે છે. સરપંચ શ્રી એન.ટી. આહીરે જણાવ્યું હતું કે આ નોંધ અન્ય તમામ ગ્રામ પંચાયતો માટે પ્રેરણારૂપ છે અને દરેક ગામે પોતાના મહત્વપૂર્ણ દસ્તાવેજો તથા જન્મ-મરણ નોંધના રેકોર્ડનું યોગ્ય સંરક્ષણ કરવું જોઈએ. આવા રેકોર્ડો ગામના ઈતિહાસ, વસ્તી માહિતી અને નાગરિક સેવાઓ માટે અમૂલ્ય આધારરૂપ સાબિત થાય છે. નિરોણા ગામની આ પહેલ અન્ય ગ્રામ પંચાયતો માટે પણ પ્રેરણારૂપ બની છે. ડિજિટલ યુગમાં પણ નોટિસ બોર્ડ જેવા પરંપરાગત માધ્યમનું મહત્વ જળવાઈ રહ્યું છે, જે ગ્રામ્ય સ્તરે માહિતીના અસરકારક પ્રસાર માટે આજે પણ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે.

# દિલ્હીમાં યોજાયેલી રાષ્ટ્રીય કોન્ફરન્સમાં લખપતના યુવાને કચ્છના પ્રવાસન વિકાસની ઉઠાવી માંગ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

કોન્ફરન્સમાં કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત, મીડિયા જગતના અગ્રણી વક્તાઓ, પદ્મશ્રી સન્માનિત પ્રવાસન નિષ્ણાતો તેમજ કેન્દ્ર સરકારના પ્રવાસન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ભારતના એડવેન્ચર ટુરિઝમના વિકાસ, સુરક્ષા અને વૈશ્વિક સ્તરે તેની સંભાવનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન ઉપસ્થિત પ્રતિનિધિઓને કેન્દ્રીય મંત્રી સાથે સીધો સંવાદ કરવાની તક આપવામાં આવી હતી. આ અવસરે કચ્છના પ્રતિનિધિ તરીકે હાજર



રહેલા લિયાકતઅલી નોતિયારે કચ્છના મહાન કવિ તેજની પ્રસિદ્ધ પંક્તિઓ "રણ, ડુંગર ને દરીયો, જુદા વાણી ને વેશ, તેજ વતન તા વારી વેના એડો કચ્છડો મુંજો દેશ" સાથે પોતાના સંબોધનની શરૂઆત કરી હતી.

તેમણે જણાવ્યું કે કચ્છમાં રણ, ડુંગર, દરિયો, ઐતિહાસિક વારસો અને સમૃદ્ધ સંસ્કૃતિ જેવા અનેક આકર્ષણો હોવા છતાં કોરોના બાદ વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. લખપત જેવા સરહદી વિસ્તારોમાં પ્રવાસનને પ્રોત્સાહન મળે તે માટે વિદેશી પ્રવાસીઓ માટેની મુલાકાત પરવાનગીની પ્રક્રિયા સરળ બનાવવાની માંગ તેમણે કેન્દ્રીય મંત્રી સમક્ષ મૂકી હતી.

લિયાકતઅલી નોતિયારની આ રજૂઆતનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યો છે. રાષ્ટ્રીય સ્તરના મંચ પર કચ્છના પ્રવાસન મુદ્દાને અસરકારક રીતે રજૂ કરવામાં આવતા કચ્છના પ્રવાસન ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

# ગૌસેવામાં અગ્રેસર નીતિનભાઈ રાજદેને જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓનો વરસાદ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

નખત્રાણા લોહાણા મહાજનના સહમંત્રી તથા ગૌસેવાના ક્ષેત્રે વર્ષોથી નિઃસ્વાર્થ સેવા આપતા શ્રી નીતિનભાઈ રાજદેના જન્મદિવસ નિમિત્તે અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપના પ્રમુખ રાજેશભાઈ પલણે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. રાજેશભાઈ પલણે જણાવ્યું હતું કે નીતિનભાઈ રાજદે અને તેમનો સમગ્ર પરિવાર વર્ષોથી ગૌસેવામાં સક્રિય રીતે જોડાયેલો છે. રસ્તા પર રખડતી, અકસ્માતગ્રસ્ત અથવા બીમાર ગાયોની માહિતી મળતાં જ



તેઓ તાત્કાલિક છકડો ભાડે કરીને ગાયોને પ્રાગપર ચોકડી સહિત યોગ્ય સ્થળોએ પહોંચાડીને સારવાર અને સંભાળની વ્યવસ્થા કરે છે. ગૌમાતાની સેવા તેમના માટે માત્ર કાર્ય નહીં પરંતુ જીવનધર્મ બની ગયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નીતિનભાઈના પરિવારના દરેક સભ્યો આ સેવાકીય પ્રવૃત્તિમાં સહભાગી બને છે. તેમના મોટા પુત્ર શિવ અને નાના પુત્ર ઓમ પણ ગૌસેવાના કાર્યોમાં ઉત્સાહપૂર્વક જોડાયેલા રહે છે. રોજબરોજ દાતાઓના સહયોગથી રખડતી અને નિરાધાર ગાયોને લીલો ચારો પહોંચાડવાની કામગીરી પણ પરિવાર દ્વારા કરવામાં આવે છે. નીતિનભાઈના ભાઈ તરુણભાઈ રાજદે (વિરાણી) પણ સમાજસેવાના અનેક કાર્યો સાથે જોડાયેલા છે.

# ચાણસ્મા ખાતે ધી ચાણસ્મા તાલુકા રાવળ યોગી-કો સોસાયટીની સામાન્ય સભા મળી



નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા ખાતે ધી ચાણસ્મા તાલુકા રાવળ યોગી.કો સોસાયટીની પ્રથમ સામાન્ય સભા અધ્યક્ષ ચુનિભાઇ યોગી (રાવળ) ની અધ્યક્ષતા માં બેઠક મળી હતી જેમાં સ્વાગત ઉદ્બોધનમાં સોસાયટીના હોદેદાર દ્વારા સોસાયટીની રચનાનો હેતુ કાર્યશૈલી સહિત સામાન્ય સભાના એજન્ડાની જાણકારી આપી હતી જ્યારે સભાધ્યક્ષ ચુનિભાઈએ સમાજ માટે આર્થિક સહકાર મળી રહે તે માટે ચાણસ્મા તાલુકા રાવળ - યોગી કો સોસાયટી બનાવાઈ હોવાથી ચાણસ્મા તાલુકાના સમાજ ના વધારે - માં વધારે વ્યક્તિઓ (પરીવારો) સોસાયટી સાથે જોડાઈ સોસાયટી ને આર્થિક રીતે મજબૂત કરવા બેઠકમાં ઉપસ્થિત સૌ સમાજના પરિવારોને અપીલ કરી હતી આ પ્રસંગે સોસાયટીના ઉપપ્રમુખ રાજુભાઈ (રણાસર) સહમંત્રી બાબુભાઈ યોગી આંતરિક ઓડીટર રમેશભાઈ સેંધા સહિત ક્રેડીટ સોસાયટીના પદાધિકારીઓ સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.



રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના ઈન્દ્રાલ-વાલપુર વચ્ચે મુખ્ય માર્ગ પર ગત રાત્રે વાવાઝોડા અને ભારે પવન સાથે વરસાદના કારણે એક મોટું ઝાડ ધરાશાયી થયું હતું. આ ઘટનાને કારણે દેરોલીથી કીર્તિસ્તંભ જતી સરકારી એસટી બસ રસ્તામાં ફસાઈ ગઈ હતી.

બસ એક કલાકથી વધુ સમય સુધી રસ્તામાં અટવાયેલી રહી હતી. ઝાડ પડવાને કારણે માર્ગ અવરોધાઈ ગયો હતો, જેના પરિણામે બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

માર્ગ પરથી ઝાડ હટાવી રસ્તો ખુલ્લો કરવા માટે કોઈ જવાબદાર તંત્ર ઘટનાસ્થળે પહોંચ્યું નહોતું. સ્થાનિકોમાં પણ તંત્રની આ કામગીરી સામે નારાજગી જોવા મળી હતી અને તેમણે વહેલી તકે રસ્તો ખુલ્લો કરવાની માંગ કરી હતી.



નિતીન ઠાકર ચાણસ્મા

પાટણ તાલુકાના ચંદુમાણા ગામે અધિક જેઠ સુદ - ૧૫ ના રોજ પાટણ શહેરમાં વોર્ડ નં ૭ માં ચૂંટાઇ આવેલા કોર્પોરેટર અને ભાજપ કાર્યાલય મંત્રી નવિનભાઈ પ્રજાપતિ ગૌરી મૈયાના દર્શનાર્થે આવતાં શ્રી ગૌરી મૈયા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા નવિનભાઇ. આધ્યશક્તિ ગૌરી મૈયાના દર્શન કરી કૃતાર્થ થયા નો રાજીપો વ્યક્ત કર્યો હતો આ પ્રસંગે. ગૌરી માતા દેવસ્થાન ટ્રસ્ટના ભાનુપ્રસાદ વ્યાસ. લાલજીભાઈ પટેલ મૂળશંકરભાઈ વ્યાસ સૂનિલભાઈ વ્યાસ ભરતભાઈ ડી વ્યાસ ભાજપ ના યુવા પદાધિકારી વિરેશભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતાં.

## વસોના યુવક સાથે 92,000 રૂપિયાની સાયબર છેતરપિંડી

# અગોડા બુકિંગમાં નામ સુધારવા જતા ફોન હેક કરી પૈસા ઉપાડ્યા

(એજન્સી) ખેડા । તા. 31

ખેડા જિલ્લાના વસો પોલીસ સ્ટેશનની હદમાં ઓનલાઇન હોટલ બુકિંગ એપ પર નામ સુધારવાની પ્રક્રિયા દરમિયાન એક નાગરિક સાથે સાયબર છેતરપિંડી થવાનો કિસ્સો સામે આવ્યો છે. વસો તાલુકાના રૂણ ગામે પ્રજાપતિ નિવાસમાં રહેતા અને નડીયાદ ખાતે ખાનગી ઈન્સ્યોરન્સ કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા બ્રીજેશકુમાર હર્ષદકુમાર પ્રજાપતિએ આ અંગે વસો પોલીસ મથકે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

આગામી સમયમાં પરિવાર સાથે રાજસ્થાનના કુંભલગઢ ખાતે ફરવા જવા માટે ઓનલાઈન હોટલ બુકિંગ કરાવતી વખતે થયેલી ભૂલને સુધારવાના પ્રયાસમાં યુવકે પોતાની મહેનતની કમાણી ગુમાવવી પડી છે.

ઘટનાની વિગત મુજબ, બ્રીજેશકુમાર પ્રજાપતિએ આગામી અઠવાડિયે પરિવાર સાથે કુંભલગઢ પ્રવાસે જવા માટે અગોડા નામની ઓનલાઈન એપ્લિકેશન પરથી હોટલ બુકિંગ કરાવ્યું હતું. આ બુકિંગ પ્રક્રિયા દરમિયાન નામ લખવામાં ભૂલ થઈ ગઈ હોવાથી, તે નામ સુધારવા માટે તેમણે ગૂગલ સર્ચ એન્જિન પરથી અગોડા કંપનીનો હેલ્પલાઈન નંબર 18004198994 શોધ્યો હતો. ગત 17 મે 2026ના રોજ બપોરના આશરે સવા બે વાગ્યાની આસપાસ આ નંબર પર સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ હેલ્પલાઈન નંબર વ્યસ્ત આવતો હોવાથી તે સમયે કોઈ વાતચીત થઈ શકી નહોતી.

ત્યારબાદ તે જ દિવસે સાંજના આશરે પોણા પાંચ વાગ્યાની આસપાસ ફરિયાદીના મોબાઈલ ફોન પર સામેથી એક ફોન આવ્યો હતો. આ ફોન પર કોઈ અજાણ્યા ઈસમે હિન્દી ભાષામાં વાતચીત શરૂ કરી હતી અને પોતે અગોડા કંપનીના હેલ્પલાઈન સેન્ટર પરથી વાત કરતો હોવાની ઓળખ આપી હતી. ફરિયાદીએ હોટલ બુકિંગમાં નામ સુધારવાની વાત કરતા આ અજાણ્યા ઈસમે નામ સુધરી જશે તેવી ખાતરી આપી હતી અને જણાવ્યું હતું કે થોડીવારમાં એક વોટ્સએપ કોલ આવશે, જેમાં બુકિંગની વિગતો આપી દેવી.

## પાટણ પાલિકા કેમ્પસની પરબ બિસ્માર

# ઠંડા પાણીની પરબમાં નળ તૂટ્યા, ગ્લાસ ગાયબ, ગંદકીનું સામ્રાજ્ય

(એજન્સી) પાટણ । તા. 31



પાટણ નગરપાલિકા કેમ્પસની બહાર આવેલી પીવાના ઠંડા પાણીની પરબ તંત્રની ઘોર બેદરકારીના કારણે બિસ્માર હાલતમાં છે. આ પરબમાં નળ તૂટી ગયા છે, પાણી પીવાના ગ્લાસ ગાયબ છે અને ચારેય તરફ ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે, જેના કારણે લોકોને ભારે હાલાકી પડી રહી છે.

પાલિકા કેમ્પસની બહાર પ્રજાના ઉપયોગ માટે પીવાના ઠંડા પાણીની આ પરબ બનાવાઈ છે, જેમાં વોટર કુલર પણ મુકાયેલું છે. જોકે, જાળવણીના અભાવે આ સુવિધા હાલમાં મુશ્કેલીનું કારણ બની છે. પરબની બહાર મુકાયેલી કુલ બે ચકલીઓ પૈકી એકને કાયમી ધોરણે બંધ કરી દેવાઈ છે, જ્યારે બીજી ચકલીનું નાળચું આડું થઈ ગયું છે.

પાલિકા કેમ્પસની બહાર પ્રજાના ઉપયોગ માટે પીવાના ઠંડા પાણીની આ પરબ બનાવાઈ છે, જેમાં વોટર કુલર પણ મુકાયેલું છે. જોકે, જાળવણીના અભાવે આ સુવિધા હાલમાં મુશ્કેલીનું કારણ બની છે. પરબની બહાર મુકાયેલી કુલ બે ચકલીઓ પૈકી એકને કાયમી ધોરણે બંધ કરી દેવાઈ છે, જ્યારે બીજી ચકલીનું નાળચું આડું થઈ ગયું છે.

## માનવીય સંવેદના...

# મહિલા આરોપીએ બાળકને જન્મ આપ્યો, કોઈ લેવા ન આવતા પોલીસ મધ્યપ્રદેશ મૂકવા ગઈ

(એજન્સી) નડિયાદ । તા. 31

નડિયાદ બિલોદરા જેલમાં રહેલી એક શ્રમિક પરિવારની મહિલા આરોપીએ બાળકને જન્મ આપ્યો ત્યારે તેને તેણીના પરિવારમાંથી કોઈ લેવા આવ્યું ન હતુ.આ બાદ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (આણંદ) અને નડિયાદ જિલ્લા જેલ દ્વારા એક વિશેષ વાહનની વ્યવસ્થા કરી બે પોલીસ કર્મી સાથે મધ્ય પ્રદેશ પોતાના વતનમાં મોકલી તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતુ.

આણંદ જિલ્લાના ખંભાત ખાતે પોક્સો એક્ટ અન્વયે એક ગુનો નોંધાયો હતો.જેમાં મહિલાનાં દિયર સગીરાને ભગાડી જતા મહિલાના પતિ અને દિયર સામે ગુનો નોંધાયો હતો મહિલા તેમાં સહ-આરોપી હતા.મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના વતની આ પરિવાર સ્થળાંતર કરી મજુરી માટે આણંદ જિલ્લામાં આવ્યા હતા.આ ગુનામાં એક સહ-આરોપી સગર્ભા મહિલા નડિયાદ જિલ્લા જેલમાં બે વર્ષનો એક બાળક સાથે આવી હતી ત્યારે તે સગર્ભા હતી.તા.21 મેના રોજ આ મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા નડિયાદ સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડયા ત્યાં તેને પુત્રને જન્મ આપ્યો હતો.

સારવાર પૂર્ણ થયા બાદ મહિલા કેદીને તેના નવજાત શિશુ સાથે પરત નડિયાદ જિલ્લા જેલમાં લઈ જવામાં આવી હતી.જે બાદ આ મહિલા કેદી (કાચા કામના કેદી) તેના બે વર્ષનાં બાળક અને ચાર દિવસના નવજાત શિશુ સાથે જેલમાં રહેતા હતા. સ્થાનિક અદાલતમાંથી જામીન મળી ગયા પરંતુ તેને મુક્ત કરાવવા માટે તેના સગા આવ્યા ન હતા કારણ કે મહિલાના પતિ અને દિયર જેલમાં હતા અને પરિવારની દારૂણ પરિસ્થિતિ હતી.

આ પરિસ્થિતિમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ આ મહિલા આરોપીને કાનૂની મદદ કરી નડિયાદ જિલ્લા જેલનાં અધિકારીઓને આ મહિલાની આરોગ્યની સ્થિતિ ધ્યાનમાં રાખી તેના વતન મધ્ય પ્રદેશ સુધી પહોંચાડવા કહ્યું હતુ.જે બાદ નડિયાદ જિલ્લા જેલ પોલીસે વિશેષ વાહનની વ્યવસ્થા કરી અને આ મહિલા આરોપીને તેના વતન મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લામાં પહોંચાડી પરિવાર સાથે મિલન કરાવ્યું હતુ.

# ઉઢેલા સીમમાં બે મોપેડ સામ સામે ભટકાતા આધેડનું મોત

(એજન્સી) માતર । તા. 31

માતરના ઉંઢેલા ગામની સીમમાં શુક્રવાર સવારે 10 વાગે બે મોપેડ ભટકાતા અકસ્માત સર્જાયો હતો.જે બાદ ગંભીર રીતે ઘવાયેલા દંપતીને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં આઠ કલાકની સારવાર બાદ આધેડનું મોત નિપજ્યું હતુ ત્યારે દંપતિ સારવાર હેઠળ છે. દંપતિ મોપેડ લઈ માતર જતા અકસ્માત નડયો હતો.આ બનાવ અંગે માતર પોલીસે ફરિયાદ નોંધી છે. માતર તાલુકાના માલાવાડા ગામના મહાદેવ ફળિયામાં રહેતા યાસીનમીયા નનુમીયા શેખ પરિવાર સાથે રહીને મહેલજ-ત્રાજ રોડ પર આવેલી કંપનીમાં વોચમેન તરીકે નોકરી કરતા હતા.તા.28 મેના રોજ યાસીન તેના પત્ની હમીદાબાનુને મોપેડ પર બેસાડી માતર જવા નીકળ્યા હતા. આ દરમિયાન શુક્રવારે સવારે 10:00 વાગ્યાના અરસામાં દંપતિ માતર-ઉંઢેલા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા.

## નડિયાદમાં રીક્ષામાં સવાર યુવકના 40,000 ચોરાયા

# રીક્ષામાં સવાર ગેંગે ઉલ્ટી કરવાનો ઢોંગ કરી ખિસ્સામાંથી રોકડ સેરવી લીધી

(એજન્સી) નડિયાદ । તા. 31

નડિયાદના સંતરામ મંદિર લેબોરેટરી પાસે રોડ પરથી એક શ્રમિક યુવક અને તેના બનેવીને રીક્ષામાં બેસાડી નજર ચુકવી ખિસ્સામાંથી રૂપિયા 40,000 ની રોકડ રકમની ચોરી કરી રીક્ષા ચાલક અને તેની સાથેના અજાણ્યા ઈસમો નાસી છૂટ્યા હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ભોગ બનનાર યુવકે નડિયાદ ટાઉન પોલીસ મથકે રીક્ષા ચાલક સહિતના શ્રમિકો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના ડુંગલા તાલુકામાં આવેલા મંગલવાડી વિજળીઘર પાસે રહેતા અને મજૂરી કામ કરતા અનીલ ઓમપ્રકાશ નક્ષત્રમલ પીતલીયા નામના 34 વર્ષીય યુવકની મોટી બહેનને કીડનીની તકલીફ હોવાથી છેલ્લા છ મહિનાથી નડિયાદ કીડની હોસ્પિટલમાં તેમનો ઈલાજ ચાલી રહ્યો છે. બહેનની કીડનીનું ઓપરેશન કરવાનું હોવાથી અનીલભાઈ, તેમની બહેન, બનેવી મનોજકુમાર અને ભાણી સાથે નડિયાદ આવ્યા હતા અને હોસ્પિટલમાં રોકાયા હતા.

દરમિયાન ગત રોજ બપોરના સમયે અનીલભાઈ અને તેમના બનેવી મનોજકુમાર નડિયાદ સંતરામ મંદિરમાં જમવા માટે આવ્યા હતા. જમીને પરત કીડની હોસ્પિટલ જવા માટે તેઓ નીકળ્યા ત્યારે અનીલભાઈના ટ્રેકના ખિસ્સામાં બહેનની સારવાર અને ઓપરેશન માટે લાવેલા રોકડા રૂપિયા 40,000 મુકેલા હતા. તેઓ સંતરામ મંદિરની પાછળ સંતરામ લેબોરેટરી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક રીક્ષા ચાલક તેમની પાસે આવ્યો હતો.

રીક્ષા ચાલકે આ બંને લોકોને ક્યાં જવું છે તેમ પૂછતા તેમણે નજીકમાં જ જવું હોવાનું જણાવ્યું હતું. જેથી રીક્ષા ચાલકે નજીકમાં છોડી દેવાનું કહી બંનેને રીક્ષામાં બેસાડ્યા હતા. તે સમયે રીક્ષાની પાછળની સીટમાં અન્ય બે માણસો પહેલેથી જ બેઠેલા હતા. ગરમી વધુ હોવાથી મનોજકુમાર પાછળ બેસવા જતા હતા પરંતુ રીક્ષા ચાલકે અનીલભાઈને પાછળ બેસવા કહ્યું અને મનોજકુમારને આગળ ડ્રાઈવરની સીટ પાસે બેસાડી દીધા હતા.

# ગુમથયેલી વસ્તુઓ શોધી માલિકોને પરત કરાઈ

(એજન્સી) પાટણ । તા. 31

પાટણ જિલ્લા પોલીસે લોકો ને વ્યાજખોરીના વિષચક્રમાંથી મુક્તિ અપાવવા અને ગુમાવેલી મિલકત ફરી સોંપી વિશ્વાસ મજબૂત કરવા અનોખો જનસહાય કેમ્પ યોજ્યો હતો. યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં 'તેરા તુજકો અર્પણ' અભિયાન અંતર્ગત અંદાજે રૂ.40 લાખની કિંમત ની ચોરાયેલી તેમજ ગુમ થયેલી ચીજવસ્તુઓ તેનાં મૂળ માલિકોને પરત કરવામાં આવી હતી. સાથે જ આર્થિક જરૂરિયાત ધરાવતા લોકો ને ગેરકાયદેસર વ્યાજખોરોના ચંગુલમાંથી બચાવવા માટે રાષ્ટ્રીયકૃત બેંકો મારફતે રૂ.5 કરોડથી વધુની લોનના ચેકનું વિતરણ પણ કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન પાટણ ડિવિઝનના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા સાયબર ગુનાઓમાં ગુમાવેલી રકમ પૈકી રૂ.14.82 લાખ ફરિયાદીઓના બેંક ખાતામાં સફળતાપૂર્વક પરત જમા કરાવવામાં આવ્યા હતા.

### ખાણ ખનીજ વિભાગે તપાસ શરૂ કરી

# રાધનપુરમાં ખેડૂતની જાણ બહાર જ રાતોરાત ખેતર ખોદી માટીચોરી હજારો ટન માટી ઓહિયા કરી ગયા

(એજન્સી) પાટણ । તા. 31

પાટણના રાધનપુરમાં ખેડૂતની જાણ બહાર રાતોરાત ખેતીની જમીનમાંથી હજારો ટન માટી ખોદી લઈ જવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. ભારે મશીનરી વડે કરવામાં આવેલા ખોદકામથી ખેતર તળાવ જેવું બની ગયું હોવાનું ખેડૂતોએ જણાવ્યું છે. માટી અન્યત્ર પુરાણ માટે લઈ જવાતી હોવાની રજૂઆત બાદ ખાણ-ખનીજ વિભાગે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે,

જેના કારણે સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે. રાધનપુર ની ખેતીની જમીનમાંથી ગેરકાયદેસર રીતે માટી ખોદી લઈ જવામાં આવી રહી છે. જેમાં ખોદકામ થયેલી જમીન સંબંધિત વિવાદ ચાલી રહ્યો હોવા છતાં કેટલાક શખ્સો રાત્રીના સમયે ભારે મશીનરી વડે ખોદકામ કરી રહ્યા છે.દરરોજ રાત્રે અંદાજે 8:00 થી સવારે 6:00 સુધી JCB, હિટાચી અને ટર્બો જેવા વાહનોની મદદથી માટી કાઢી તેને ગંગેશ્વર તળાવ અને નર્મદા કોલોની પાછળ પુરાણ માટે લઈ જવાઈ રહી છે.

આ સમગ્ર પ્રવૃત્તિ લાંબા સમયથી ચાલતી હોવાનો પણ દાવો કરાયો છે.આ મામલે વારાહીના અરજદાર ઈકબાલ ખાન કરીમ ખાન મલેક એ આ મામલે તંત્રમાં રજૂઆત કરી છે જેમાં કેટલાક શખ્સોના નામ સાથે રજૂઆત કરી કાયદેસર કાર્યવાહી કરવાની માંગ કરી છે. રજૂઆત બાદ તંત્રએ સ્થળ પર તપાસ શરૂ કરી આ અંગે મદદનીશ ખાણ ખનીજ અધિકારી મહર્ષિ વ્યાસે જણાવ્યું હતું કે રજૂઆત ને પગલે ખોદકામ થયેલ સ્થળ પર અને પુરાણ થયેલ સ્થળ પર તપાસ કરવામાં આવી છે

જેમાં ખોદકામ થયું હોય તેવું જણાઈ રહ્યું છે. જોકે હવે ખોદકામ થયેલ સ્થળે માપણી થશે અને જમીનની માલિકી નક્કી થશે. જેમાં જવાબદારને નોટિસ આપી આગળની કાર્યવાહી થશે.

જો આ માલિકી ની જમીન માં ખોદકામ થતું હતું.તો માલિકે પોલીસ માં કેમ ફરિયાદ કરી નથી તે સવાલ છે. ખનીજચોરોએ ખેતરમાંથી માટી ચોરી ખેતરને તળાવ બનાવી દીધું હતુ.રજૂઆત બાદ ખનીજ વિભાગે તપાસ હાથ ધરી છે.

# વાપી GIDCનો ઇસમ વેપારીનો 19 લાખના કાજુ-બદામ ખાઈને ફરાર

(એજન્સી) વાપી । તા. 31

વાપીના વેપારી પાસેથી 19.38 લાખનો કાજુ-બદામ અને કિસમિસ મંગાવી આરટીજીએસથી રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહી ઠગાઇ કરનાર ઈસમ સામે ટાઉન પોલીસમાં ફરિયાદ કરાઇ છે. વાપી ગુંજન ખાતે સનરાઇઝ સોસાયટીમાં રહેતા અને જલા ડ્રાય ફ્રુટ્સ એન્ડ સ્પાઇસીસના નામે ધંધો કરતા દેવભાઇ કલ્પેશકુમાર ઠક્કરે શનિવારે વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરતા જણાવ્યું કે, મિત્ર વસનારામ માલીના જીઆઇડીસી સ્થિત ગોડાઉનમાં તેઓ માલ રાખે છે. વસનારામ થકી ભાવેશ પ્રજાપતિ સાથે સંપર્કમાં આવ્યા બાદ શરૂઆતમાં ભાવેશે જણાવ્યું કે, ધરમપુરમાં તે મોલ ખોલવાનો છે અને રાજસ્થાનમાં પ્રસાદીરૂપે મોકલવાના છે.

શરૂઆતમાં 40 કિલો કાજુની ખરીદી કરી રૂ. 35 હજાર ચૂકવ્યા હતા. જે બાદ 500 કિલો કાજુ લઇ 2.50 લાખ આપ્યા હતા. એપ્રિલ 2026માં ફોન કરી ભાવેશે જણાવેલ કે, ધરમપુરના મોલ માટે વધારે માલની જરૂર છે. મારો માણસ આવશે તેને આપી દેજો કહી ટુકડે ટુકડે કાજુ, બદામ અને કિસમિસ મળી કુલ રૂ. 19,38,000નો માલ મોકલવા છતાં તે રૂપિયા ચૂકવતો ન હોય અને પાછળથી ફોન પણ બંધ બતાવતા તેની સામે ફરિયાદ કરાઇ છે. વાપીના વેપારીને રૂપિયા ન મળતા તપાસમાં જાણવા મળ્યું કે, આરોપી ભાવેશ પ્રજાપતિનો અસલી નામ કમલેશ ગેનારામ પ્રજાપતિ છે અને તેણે આ રીતે ઘણા વેપારીઓ પાસેથી માલ ખરીદ કરીને પૈસા આપ્યા ન હતા.

### પોડિયમ સુધીની સફર...

# વાપીના રાહુલે ડેકાથલોનમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો

(એજન્સી) વાપી । તા. 31



વાપીના એક સ્થાનિક મેદાનમાં ખેલાડીઓને તાલીમ લેતા જોઈ ઉત્સુકતાથી શરૂ થયેલી સફર આજે ભારતીય એથ્લેટિક્સના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ છે. ગુજરાતના વલસાડ જિલ્લાના ચરવાડા ગામના 18 વર્ષીય રાહુલ જાખરે હોંગકોંગ (ચીન) ખાતે યોજાયેલી 22મી એશિયન યુ-20 (અન્ડર 20) એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ડેકાથલોન સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતી ઈતિહાસ રચ્યો છે. રાહુલે દસ ઈવેન્ટની આ કઠિન સ્પર્ધામાં કુલ 7,185 પોઈન્ટ મેળવી ખિતાબ પોતાના નામે કર્યો અને સાથે જ અંડર-20 વર્ગમાં ભારતનો નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ સ્થાપ્યો.

આ સિદ્ધિ માત્ર રાહુલ માટે જ નહીં પરંતુ ભારતીય એથ્લેટિક્સ માટે પણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ પ્રદર્શન સાથે રાહુલ એશિયાનાં શ્રેષ્ઠ યુ-20 ડેકાથલિટ બન્યા છે અને વૈશ્વિક ક્રમમાં પણ ટોચના આઠ ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું છે. મૂળ રાજસ્થાનના સિકર જિલ્લાના રહેવાસી અને 30 વર્ષ પહેલા વલસાડ જિલ્લાનાં વાપીમાં આવી સ્થાયી થઈ બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા પરિવારના પુત્ર રાહુલની આ સફળતા પ્રતિભા, સંકલ્પ અને અથાક પરિશ્રમની પ્રેરણાદાયક ગાથા છે.

રાહુલ જાખરનાં કોચનાં જણાવ્યા મુજબ, રાહુલની સફળતા પાછળ વર્ષોની મહેનત, વૈજ્ઞાનિક તાલીમ, નિષ્ણાત માર્ગદર્શન અને ગુજરાતમાં વિકસતું રમતગમતનું મજબૂત માળખું જવાબદાર છે. તાજેતરમાં ધોરણ 11ની પરીક્ષા પાસ કરનાર રાહુલ હાલમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાતના નડિયાદ સ્થિત હાઈ-પરફોર્મન્સ સેન્ટર ખાતે તાલીમ લઈ રહ્યો છે, જ્યાં તેમને અદ્યતન કોચિંગનો સહયોગ મળે છે.

હોંગકોંગથી ફોન પર વાત કરતાં રાહુલે જણાવ્યું, "મારી સમગ્ર સફરમાં મને માર્ગદર્શન અને સહયોગ આપનારા મારા તમામ કોચનો હું આભારી છું.

### ગેટનું લોક તોડી ચોરો અંદર ઘૂસી ચોરીને અંજામ આપ્યો

# 1.26 લાખના કેબલ વાયર,સ્ટીલ પાઇપ અને બોલ્ટની ચોરી

(એજન્સી) પાટણ । તા. 31

પાટણ તાલુકાના બાલીસણા ગામે નિર્માણાધીન કંપનીને તસ્કરોએ નિશાન બનાવી રૂ.1.26 લાખથી વધુની મત્તાની ચોરી કરી ફરાર થઈ જતા વિસ્તારમાં ચકચાર મચી છે. તસ્કરોએ કંપનીના મુખ્ય ગેટ પાસેનો દરવાજાનો તાળો તોડી અંદર થી કેબલ વાયર, સ્ટીલની ગડર-પાઈપ અને જી.આઈ. બોલ્ટ સહિતનો મુદ્દામાલ ચોરી કર્યો હોવાનું સામે આવ્યું છે.

બાલીસણા-ચડાસણા રોડ પર આવેલી 'સિગ્નેચર કલર' નામની નિર્માણાધીન કંપનીમાં 26 મે, 2026ના રોજ સાંજે કંપનીના કારીગરે કામગીરી પૂર્ણ થયા બાદ કંપનીના દરવાજા બંધ કરી તાળું મારી દીધું હતું.જોકે બીજા દિવસે 27 મેના રોજ સવારે ફરિયાદીના સંબંધીઓ કંપની પર પહોંચ્યા ત્યારે મુખ્ય ગેટની જમણી બાજુના દરવાજાનું લોક તૂટેલી હાલતમાં જોવા મળ્યું હતું. કંપનીની અંદર તપાસ કરતાં અંદાજે 500 મીટર કોપર કેબલ વાયર, 300 કિલો જી.આઈ. ગેલ્વેનાઈઝ બોલ્ટ તેમજ આશરે 1000 કિલો વજન ધરાવતી સ્ટીલની ગડર અને પાઈપ સહિતનો મુદ્દામાલ ચોરાઈ ગયો હોવાનું સામે આવ્યું હતું.

આ ઉપરાંત અલગ-અલગ માપના કેબલ વાયરોની પણ ચોરી થઈ હતી. કુલ મળીને રૂ.1,26,902ની મત્તાની ચોરી થઈ હતી.મનીષકુમાર હરીલાલ પટેલે બાલીસણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### અધિક માસની પૂનમે શક્તિપીઠોમાં ભક્તોનું ઘોડાપુર

# અમદાવાદના મેયર મા અંબાના શરણે, અક્ષય પુણ્ય મેળવવા ઉમિયાધામમાં લાંબી લાઈનો

(એજન્સી) અંબાજી । તા. 31



પવિત્ર અધિક પુરુષોત્તમ માસની પૂનમનું હિન્દુ ધર્મમાં વિશેષ મહત્વ રહેલું છે. દર ત્રણ વર્ષે આવતી અધિક માસની પૂનમ અને રવિવારની રજાના અદ્ભુત સંયોગને પગલે રાજ્યના પ્રખ્યાત ધાર્મિક સ્થળોએ શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યું છે.

જગતજનની મા અંબાના ધામ અંબાજી, 'મીની અંબાજી' તરીકે ઓળખાતા ખેડબ્રહ્માના અંબિકા મંદિર, કડવા પાટીદારોની કુળદેવી ઊંઝા ઉમિયાધામ, પવિત્ર યાત્રાધામ પાવાગઢ અને ચોટીલા ખાતે વહેલી સવારથી જ લાખો ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. યાત્રાધામ અંબાજીમાં અધિક માસની પૂનમે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. મા અંબાનો પવિત્ર ચાચર ચોક ભક્તોથી ઉભરાઈ ગયો હતો. વહેલી સવારે યોજાયેલી મંગળા આરતીમાં મોટી સંખ્યામાં માઈભક્તો જોડાયા હતા, જેના કારણે સમગ્ર અંબાજી પંથક માતાજીના જયઘોષથી ગુંજી ઉઠ્યો હતો. મંદિરના ભટજી મહારાજે આજના દિવસનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, આજના પવિત્ર દિવસે બીજનું દાન કરવાથી ભક્તોને અનેકગણું પુણ્યફળ પ્રાપ્ત થાય છે. અમદાવાદના નવનિયુક્ત મેયર હિતેશ બારોટ પણ આ પાવન અવસરે મા અંબાના શરણે પહોંચ્યા હતા અને મંદિરના શિખર પર ભક્તિભાવપૂર્વક ધજા અર્પણ કરી હતી. તેમણે પોતાની અતૂટ શ્રદ્ધા પ્રગટ કરતા જણાવ્યું હતું કે, હું 1982થી દર પૂનમે અંબાજી આવું છું. જો કોઈ કારણસર હું ન આવી શકું, તો મારા પરિવારનો કોઈ એક સભ્ય પૂનમ ભરવા અચૂક આવે છે. ભૂતકાળમાં મેં પૂનમ ભરવા માટે જીપ અને બસ દ્વારા પણ યાત્રા કરી છે. હું મેયર બન્યો તે પહેલાં મા અંબાનો પરમ ભક્ત છું. તેમણે આગામી અઢી વર્ષમાં અમદાવાદના સર્વાંગી વિકાસ, નાગરિકોના કલ્યાણ અને અમદાવાદમાં યોજાનારી બે મોટી સ્પોર્ટ્સ ગેમ્સમાં વિશ્વસ્તરે શહેરનું નામ રોશન થાય તેવી મા અંબાને પ્રાર્થના કરી હતી.

# વલસાડથી સૂબેદારગંજ વચ્ચે દોડશે સમર સ્પેશિયલ ટ્રેન

(એજન્સી) વાપી । તા. 31

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને આગામી સમયમાં ટ્રેનોમાં જોવા મળતી ભારે ભીડને નિયંત્રિત કરવા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે પ્રશાસન દ્વારા વલસાડ અને સૂબેદારગંજ સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા સાથે સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદી મુજબ, મુસાફરોની વધતી માંગને પહોંચી વળવા માટે ટ્રેન સંખ્યા 04120/04119 વલસાડ-સૂબેદારગંજ સ્પેશિયલ ટ્રેનના બંને દિશામાં કુલ 14 ફેરા ચલાવવામાં આવશે.

ટ્રેન સંખ્યા 04120 (વલસાડથી સૂબેદારગંજ): આ સ્પેશિયલ ટ્રેન 31 મે, 2026 થી 12 જુલાઈ, 2026 સુધી દર રવિવારે વલસાડથી બપોરે 14:05 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સાંજે 19:00 વાગ્યે સૂબેદારગંજ પહોંચશે. ટ્રેન સંખ્યા 04119 (સૂબેદારગંજથી વલસાડ): આ પરતી ટ્રેન 30 મે, 2026 થી 11 જુલાઈ, 2026 સુધી દર શનિવારે સૂબેદારગંજથી સવારે 05:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે રવિવારે સવારે 09:40 વાગ્યે વલસાડ આવી પહોંચશે.

મુસાફરોની સુવિધા માટે આ ટ્રેન બંને દિશામાં સુરત, છાયાપુરી, ગોધરા, રતલામ, કોટા જંકશન, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી અને ફતેહપુર સ્ટેશનો પર ઊભી રહેશે.

# "સક્ષમ-2026" : નખત્રાણા નિષ્કલંકી ધામ ખાતે મહિલા મંડળના પાંચ દિવસીય સેમિનારમાં દીકરીઓએ રચ્યો નારીશક્તિનો પિરામિડ

મહેશ એલ. સોની નખત્રાણા

'શ્રદ્ધા સાથે શક્તિ, સંસ્કાર સાથે સ્વરક્ષા' ના સૂત્રને સાકાર કરવા શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન મહિલા સંઘ દ્વારા નખત્રાણા નિષ્કલંકી ધામ ખાતે તા. ૨૫ મે થી ૩૧ મે ૨૦૨૬ દરમિયાન પંચદિવસીય 'સ્વરક્ષા, શસ્ત્ર પ્રશિક્ષણ શિબિર - સક્ષમ 2026' નું આયોજન કરવામાં આવ્યું હતું.આ શિબિરમાં પ. પૂ. જગદ્ગુરુ સતપંથાચાર્ય શ્રી જ્ઞાનેશ્વરદેવાચાર્યજી મહારાજ, પ. પૂ. શાંતિપ્રિયદાસજી મહારાજ, પ. પૂ. મહામંડલેશ્વર શ્રી દિવ્યાનંદહરીજી મહારાજ, પ. પૂ. મહંતશ્રી પ્રેમસ્વરૂપદાસજી મહારાજ, પ. પૂ. સંતશ્રી રતીબાપા તથા પ. પૂ. સંતશ્રી પંકજદાસજી મહારાજ સહિતના સંતો-મહંતોની પાવન ઉપસ્થિતિ રહી હતી. શિબિરમાં શ્રીમતિ જ્યોતિબેન ગોહિલ (મહામંત્રીશ્રી કચ્છ કલાવૃંદ સાહિત્ય સંસ્થા), શ્રી હિરલબેન પટેલ (વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, મહિલા પાંખ), શ્રી ઈરાબેન જાટીયા (રાષ્ટ્રીય સેવિકા સમિતિ) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ યુવતીઓને માત્ર શિક્ષણ કે કરિયરમાં નહીં, પરંતુ પોતાની સુરક્ષા, સનાતન સંસ્કૃતિ અને રાષ્ટ્રના રક્ષણમાં પણ આત્મનિર્ભર અને સક્ષમ બનાવવાનો હતો. શિબિર દરમિયાન યુવતીઓને શારીરિક સ્વરક્ષા અને શસ્ત્ર પ્રશિક્ષણની તાલીમની સાથે સનાતન ધર્મ, કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રભક્તિના મૂલ્યોનું પણ પોષણ કરવામાં આવ્યું હતું.આ શિબિરમાં જીજ્ઞાબેન રાવલ દ્વારા રાઈફલ અને પિસ્તોલ, જ્યોતિબેન ગોહિલ દ્વારા તલવાર, ઈરાબેન જાટીયા દ્વારા દંડ અને પલવીબેન રાજપૂત દ્વારા કરાટેની તાલીમ આપવામાં આવી હતી. રાઈફલ શૂટિંગમાં હિરલબા તથા મિરલબાએ વિશેષ કૌશલ્ય દાખવ્યું હતું.પાંચ દિવસીય શિબિર દરમિયાન શ્રી ઉમા પેટ્રોલીયમ નાના અંગીયા, શ્રી કમળાબેન રવજીભાઈ સાંખલા વિગોડી, શ્રી લક્ષ્મીબેન રામજીભાઈ કેશરાણી અંગીયા ફાર્મ, શ્રી જયાબેન સોમજીભાઈ પારસીયા બેંગલોર, શ્રીમતી સાવિત્રીબેન લાલજીભાઈ રામજીભાઈ ઘોળુ દુર્ગાપુર, શ્રી ભાવનાબેન જયસુખભાઈ ગોરાણી ભુજ સહિત અનેક દાતાશ્રીઓએ ભોજન પ્રસાદની સેવા આપી હતી.સમાપન પ્રસંગે દીકરીઓ દ્વારા આત્મરક્ષા અને નારીશક્તિનું અનોખું પ્રદર્શન કરવામાં આવ્યું. સફેદ પરિધાનમાં સજ્જ 20થી વધુ દીકરીઓએ સાત સ્તરનો માનવ પિરામિડ રચીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. પિરામિડના શિખરે કરાટે



યુનિફોર્મમાં સજ્જ દીકરીએ હાથમાં લાઠી લઈ 'સ્વરક્ષણ એ જ સમાજરક્ષા' નો સંદેશ આપ્યો હતો.આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શ્રી અબજીભાઈ કરમશીભાઈ ઘોળુ, શ્રી શિવજીભાઈ કરમશીભાઈ ઘોળુ, શ્રી જયંતીભાઈ નાનજીભાઈ લીંબાણી, શ્રી હિરાલાલ વેલજીભાઈ ભીમાણી તથા શ્રી ઉમેશભાઈ મેઘજીભાઈ વાસાણી ઉપસ્થિત રહ્યા હતા.શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન મહિલા સંઘ પ્રમુખશ્રી શ્રીમતિ ચંદ્રિકાબેન કલ્પેશભાઈ રંગાણી તથા મહામંત્રીશ્રી શ્રીમતિ વનિતાબેન હરસુખભાઈ રૂડાણીએ જણાવ્યું હતું કે, 'આજની દીકરી અબળા નહીં, સબળા છે. યુવતીઓમાં આત્મવિશ્વાસ જગાડી સમાજમાં સકારાત્મક પરિવર્તનની શરૂઆત કરાવવી એ જ અમારો મુખ્ય ઉદ્દેશ છે.'દેશલપરની યુવા પ્રતિભા એવી નંદનીબેન વાસાણીએ સતપંથ સમાજની દીકરી હોવાના ગર્વ સાથે મહિલા મંડળના આ પ્રેરક કાર્યને બિરદાવ્યું હતું. તેઓએ જણાવ્યું કે આ નવતર પ્રયોગથી સમાજમાં દીકરીઓની સુરક્ષા અને સ્વાવલંબન અંગે એક નવી જાગૃતિનું મોજું ફરી વળશે.આ શિબિરને સફળ બનાવવા શ્રી નિલકંઠ ઈન્ફ્રા માઈનીંગ હ. પારૂલબેન જગદીશભાઈ ઘોળુ, જાગૃતિબેન વિનેશભાઈ ઘોળુ - રૂા. ૧,૧૧,૧૧૧/-, શ્રી રામ ભરોસે - રૂા. ૧,૧૧,૧૧૧/-, શ્રી પુષ્પાબેન દાનાભાઈ ગોરાણી ભુજ, શ્રી ભક્તિબેન જીતેશભાઈ ગોરાણી ભુજ, શ્રી બંસરીબેન કુનાલભાઈ ગોરાણી ભુજ - રૂા. ૨૧,૦૦૦/-, શ્રી કાંતાબેન ડાયાલાલ લીંબાણી દેવપર - રૂા. ૧૧,૦૦૦/- સહિત અનેક સહયોગી દાતાશ્રીઓએ આર્થિક સહયોગ આપ્યો હતો.અંતિમ દિવસે યુવતીઓ દ્વારા યોજાયેલ પિરામિડમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીએ તાળીઓના ગડગડાટથી દીકરીઓના આ સાહસને બિરદાવ્યું હતું. આ પ્રદર્શને 'બેટી બચાવો, બેટી પઢાવો' ના સૂત્રને સાર્થક કર્યું હતું.

### ખેડબ્રહ્મા અંબિકા મંદિરે અધિક જેઠ પૂનમે અન્નકૂટ ભરાયો

# મંગળા આરતીમાં ભક્તોની ભીડ, દર્શન કરી ધન્યતા અનુભવી

(એજન્સી) સાબરકાંઠા । તા. 31



સાબરકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મા સ્થિત અંબિકા માતાજીના મંદિરે અધિક જેઠ પૂનમ નિમિત્તે ભક્તોની ભીડ ઉમટી હતી. આ દિવસે એક ભક્ત દ્વારા માતાજીને ભવ્ય અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરના માણસાના એક ભક્ત દ્વારા કમળ પર બિરાજમાન અંબિકા માતાજીને અધિક જેઠ માસની પૂનમે વિશેષ અન્નકૂટ ભરવામાં આવ્યો હતો. રવિવારે અધિક જેઠ માસની પૂનમ હોવાથી દૂર દૂરથી ભક્તો માતાજીના દર્શનાર્થે આવ્યા હતા. સવારે 6:30 વાગ્યે યોજાયેલી મંગળા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા, જેના કારણે મંદિર પરિસરમાં ભીડ જોવા મળી હતી.

## દક્ષિણ ગુજરાતનું DGVCL અને GETCOની લાપરવાહી:- ડાંગ જિલ્લો અંધારપટમાં ગરકાવ

ડાંગ | દક્ષિણ ગુજરાતના એકમાત્ર પ્રાકૃતિક અને મનોહર પ્રવાસન ધામ એવા ડાંગ જિલ્લામાં વીજ કંપનીઓની ઘોર બેદરકારી સામે આવી છે.દક્ષિણ ગુજરાત વીજ કંપની (DGVCL) અને જેટકો (GETCO)ની લાપરવાહીના કારણે સમગ્ર ડાંગ જિલ્લો અંધારપટમાં ગરકાવ થઈ ગયો છે, જેને પગલે સ્થાનિક સામાન્ય જનતા સહિત પ્રવાસન ઉદ્યોગ ભારે મુશ્કેલીમાં મુકાયો છે.હાલ ઉનાળાની કાળઝાળ ગરમીનો માહોલ ચાલી રહ્યો છે,તેવામાં કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા વિના ગમે ત્યારે વીજ પુરવઠો ખોરવાઈ જતાં લોકો અકળાઈ ઉઠ્યા છે.ખાસ કરીને ગુજરાતના જાણીતા ગિરિમથક સાપુતારા સહિત જિલ્લાના રિસોર્ટ અને હોટલ સંચાલકોમાં વીજ કંપનીઓની આ પ્રકારની નીતિ સામે ભારે રોષ ફેલાયો છે.ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા તથા તેના તળેટીના વિસ્તારોમાં શનિ-રવિની રજાઓ દરમિયાન ગુજરાત અને પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાંથી હજારોની સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડે છે.

## રાજપીપલા માં મધરાતે ભારે વાવાઝોડા સાથે વરસાદ : નજીક ના લાછરસ ગામે વાવાઝોડા થી મકાન ધરાશાયી થતા એક નું મોત

રાજપીપલા | રાજપીપલા પંથક માં ગઈકાલે મધરાતે ભારેપવન સાથે વાવાઝોડું ફુંકાયું હતું અને સાથેજ વરસાદ વરસતા એક કલાક સુધી વીજ પ્રવાહ પણ ખોરવાયો હતો સાથેજ એક મકાન ધરાશયી થતા એકનું મોત નીપજ્યું હતું . પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા માં અસહ્ય ગરમી વચ્ચે ગઈરાતે મધ્યરાત્રી એ વાતાવરણ માં અચાનક પલટો આવ્યો હતો અને વાવાઝોડું ફુંકાયું હતું . તેમજ વરસાદ વરસતા વીજપ્રવાહ પણ એક કલાક સુધી ખોરવાયો હતો . દરમિયાન નજીક ના લાછરસ ગામે વાવાઝોડા ને કારણે એક મકાન ની દીવાલ જમીનદોસ્ત થતા મકાન માં સુતેલા પરિવાર નો આબાદ બચાવ. તો થયો હતો પરંતુ રહેણાંક મકાન ની ઘરવખરી ને નુકશાન પહોંચ્યું હતું જ્યારે દીવાલ પડતા હર્ષદભાઈ માથુરભાઈ પટેલ તેમજ રીંકુબેન જીગ્નેશભાઈ પટેલ ઉ. વ. 11 ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા.

# આ વિશ્વમાં "ગોપી" બની ને કૃષ્ણમય બનવું એ સામન્ય વાત નથી

હે!! ઓધાજી મારા વ્હાલા ને વઢી ને કે'જો જી,

માને તો મનાવી લેજો જી,

મથુરાના રાજા થયા છો,ગોવાળો ને ભૂલી ગયા છો,

માનીતી ને ભૂલી ગયા છો

શ્રીમદ ભાગવતજી ના દસમા સ્કંધ માં "હરિ ગીત" ગોપીઓ એ ગાયું ત્યારે ઉદ્ધવજી ને લાગ્યું કે કાશ વન ની લતા,પતા,ઝાડ બની જાવ ને નિત્ય નિરંતર શ્રી કૃષ્ણ ભક્ત ગોપીઓ ની ચરણ રજ મસ્તક પર લગાડું. આ વિશ્વ માં "ગોપી" બની ને કૃષ્ણમય બનવું એ સામન્ય વાત નથી. માણસ નું મન સતત સાંસારિક વિષયો,મોહ અને આસક્તિઓ માં રત રહેતું હોય છે માણસ ભક્તિ પણ લાભ ગેરલાભ પરખી ને કરતો હોય છે તો એના માટે સંપૂર્ણ સમર્પણ કરવું અશક્ય છે. જ્યારે ભગવાન વૃંદાવન માંથી મથુરા પધાર્યા ત્યારે ગોપીઓ નું મન વ્યથિત હતું "શ્રી કૃષ્ણ એકવાર મથુરા પ્રસ્થાન કર્યા બાદ ફરી ક્યારેય વ્રજ પધારશે નહીં" આ ભય ગોપીઓના મન હદય ને દર્દ થી ભરી દેતો હતો. અકુરજી નો રથ પ્રસ્થાન કરવા ની તૈયારી માં હતો ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ ગોપીઓ ના વિરહ ના દર્દ થી વ્યથિત ચહેરા ઓ જોતા દૂત ને મોકલી ને "હું આવીશ" સંદેશ મોકલ્યો હતો. આ સંદેશ એ ગોપીઓ નું દર્દ ઓછું કરવાના ને બદલે વધાર્યું હતું,કેમ? વૃંદાવન ની લતા, પતા,ઝાડ અને ગાયો વગેરેની આંખો માં "કૃષ્ણ વિરહ" લાગ્યો હતો. માતા યશોદા ને તો એના લાડલા લાલ થી અલગ થવાના ભય માં મૂર્છા આવ્યા કરતી હતી. ખરેખર ગોપીઓની શંકા સાચી પડી એકવાર મથુરા પધાર્યા બાદ ભગવાન શ્રી કૃષ્ણ અવતાર કાર્ય દરમિયાન પુનઃ વૃંદાવન આવ્યા નથી.

એકવાર ગોકુળ આવો,

માતાજી ને મ્હોં એ લેખાવો જી,

ગાયો ને હાંભારી જાઓ રે,

હે!!ઓધાજી મારા વ્હાલા ને વઢી ને ક'જો જી..

મામા કંસ ના આતંક નો અંત કરીને મથુરાની ગાદી ભગવાન એ એના નાનાજી ને સોંપી દીધી હતી.એક દિવસ મહેલ ની અટારી પર બિરાજેલ શ્રી કૃષ્ણ ના મુખ પર ઉદાસીનતાની લકીર જોતા એના મંત્રી અને સખા ઉદ્ધવજી એ આશ્ચર્ય વ્યક્ત કરતા પૂછ્યું કે પ્રભુ,કેમ ઉદાસ છો? ભલે મથુરા ની ગાદી પર તમારા નાનાજી બિરાજે છે પણ મથુરાના રાજા તો તમે જ છો વૈભવ અને વિલાસ થી સજ્જ મથુરા નગરી ના ખૂણે ખૂણા માં ખુશીઓ અને આનંદ બિરાજે છે છતાંય તમારા મુખ પર ઉદાસી સમજાતી નથી.ભગવાન શ્રી કૃષ્ણ એ કહ્યું કે ઉદ્ધવ,મને મારું વ્રજ યાદ આવે છે મારી ગોપીઓ ને મારા નિત્ય દર્શન કરવાની આદત છે એ મારા વિરહ માં રડતી હશે.મારી મા યશોદા ના હાથે માખણ ખાધા ના દાયકાઓ વિતિ ગયા "ઉધો,મોહે વ્રજ બિસરાત નાહીં " તમે વ્રજ જાઓ ને મારા માતા પિતા, વ્રજવાસીઓ,

રાધાજી અને ગોપીઓને મારો સંદેશ સંભળાવો.

મીઠે રસ સે ભર્યો રે રાધા રાની લાગે,

મહારાની લાગે,

મને પ્યારો પ્યારો યમુનાજી રો પાની લાગે..



હરિ ગીત

- રુપાલી દવે

ભગવાન શ્રી કૃષ્ણ નો સંદેશ લઈને ઉદ્ધવજી વ્રજ જવા નીકળ્યા ત્યારે એને મન કૃષ્ણ ની ઉદાસીનતા વ્યર્થ લાગી હતી.પ્રેમ ને સાંભળવા કરતા સમજવો અઘરો હોય છે પ્રેમ કરનાર ની વિરહ વ્યથા સમજ્યા બાદ જ પ્રેમ વિશે તર્ક વિતર્કો આપી શકાય છે. ઉદ્ધવજી એ ભગવાન શ્રી કૃષ્ણ નો સંદેશ માતા યશોદા અને નંદ બાવા ને વ્રજ પોંહચી ને સંભળાવ્યો ત્યારે એ બન્ને ને પુત્ર માં ભગવાન ના દર્શન થતા હદય ની અંદર કૃષ્ણ ને પધરાવી ને ભક્ત બન્યા હતા. સવાર સવારે નંદ બાવા ના આંગણે સોના નો રથ જોતા ગોપીઓના મન માં કૃષ્ણ મિલાપ ની આકાંક્ષા થઈ પણ ફરી ક્રૂર અક્રૂર આવ્યો હશે તો એનો ભય સતાવવા લાગ્યો. અચાનક ગોપીઓના ટોળા નજીક ઉદ્ધવજી ને જોતા ગોપીઓ એ એકઠા થઈ ને કૃષ્ણ વિરહ માં "ભ્રમર ગીત" ગાતા ગાતા ગાયું કે હે!!ભ્રમર,તું અમારા થી દૂર ભાગ અમને હવે કાળી ચીજ વસ્તુઓ બધી કૃષ્ણ જેવી કપટી દગા બાજ લાગે છે એટલે અમે કાળી વસ્તુઓ પર વિશ્વાસ કરતા નથી.

સરખી સહેલી સાથે,

કાગળ લખ્યો મારા હાથે,

વાંચ્યો નહી મારા નાથે,

હે!!ઓધાજી,મારા વ્હાલા ને વઢી ને કે' જો જી..

ગોપીઓ એ એકઠા થઈ ને આરોહ અવરોહ માં ભ્રમર ગીત ગાતા ગાતા શ્રી કૃષ્ણ ને ખૂબ સંભળાવ્યું ને અંતે એ પણ કબૂલ્યું કે ભ્રમર,તને ખબર છે એકવાર જેને કૃષ્ણ નો ચસ્કો લાગી જાય છે ને એ બાદ ત્યાંથી પાછા ફરવું મુશ્કેલ છે. ઉદ્ધવજી એ ગોપીઓની વિરહ વ્યથા વેદના જોતા કહ્યું કે હે!!ગોપીઓ,તમે આ લોક માં અતિ ભાગ્યશાળી સ્ત્રીઓ છો તમને કૃષ્ણ પ્રેમ ની પ્રાપ્તિ થઈ. યોગીઓ,સિદ્ધો આખું ને આખું આયખું તપશ્ચર્યા કરીને પસાર કરી નાખે છે છતાંય એને કૃષ્ણ દર્શન ની પ્રાપ્તિ થતી નથી. અરે!!વિદ્વાનો,જ્ઞાનિ વગેરે તો શ્લોક,પૂજા વગેરે દ્વારા પણ કૃષ્ણ ને પામી શકતા નથી.ઉદ્ધવજી એ ગોપીઓ આગળ ભગવાન શ્રી કૃષ્ણનો સંદેશો : "મારી પ્રિય ગોપીઓ,હું આત્મા છું દરેક જીવ ની અંદર અને બહાર વસુ છું ભલે હું દેખાતો નથી પણ ભક્ત ના દિલ નો ધબકાર છું એટલે તમે મને જ્યારે પણ દિલ થી યાદ કરશો ને ત્યારે તમે મને તમારા આગળ અનુભવશો" સંભળાવ્યો હતો. ભગવાન શ્રી કૃષ્ણ નો સંદેશો સાંભળી ને ગોપીઓ એ એકઠા થઈ ને પ્રસન્ન ચિતે હરિ ગીત ગાયું હતું.

પર્ણ ખરે કે પાંખ ફફડતા તને આવતી ધારે,

શયન રચે ને આતુર નયન રહે પથ નિહાળી,

જયદેવ (ગીત ગોવિંદ)

કૃષ્ણ ભક્તિ રસ માં તરબોળ થઈ ને ગોપીઓ એ વ્રજ ના જુદા જુદા સ્થાન બતાવતા ઉદ્ધવજી ને કહ્યું હતું કે ગોવર્ધન ની ટેકરી એથી કૃષ્ણ ની બાંસુરી ના સુર સંભળાય છે. ગોધુલી સમયે ગાયો ના વૃંદ વચ્ચે ધૂળ ની ડમરી વચ્ચે ગોરજ થી ઢંકાયેલ કૃષ્ણ ના મુખ ના દર્શન થતા દિલમાં કૃષ્ણ નો વિરહનો તાપ શાંત થાય છે. શિકા પર મૂકેલ માખણ ની દોણી તૂટવા નો અવાજ સાંભળીને એના પગરવ ને પામીએ છીએ.વૃંદાવન ના જંગલો માં સાદ પાડી પાડી ને ગાયો ના બોલાવવા નો અવાજ સાંભળીએ છીએ ને ત્યારે મન હાથ માંથી છટકી ને કૃષ્ણ ને શોધવા ભાગે છે. અમારા કૃષ્ણ અમારા થી દૂર ગયા છતાંય અમારા થી દૂર ગયા નથી, અમને તો એવું લાગે છે કે એણે અમને ક્ષણવાર પણ દૂર કર્યા નથી. વ્રજ માં ગોપીઓ ને ભગવાન શ્રી કૃષ્ણ નો સંદેશ આપવા આવેલ ઉદ્ધવજી એ વ્રજ છોડ્યું ત્યારે સંપૂર્ણપણે ગોપી ભક્તિ ના રંગ માં રંગાઈ ગયા હતા.શ્રીમંદ ભાગવતજી ના વક્તા શુકદેવજી એ વિરહી ગોપીઓ દ્વારા કૃષ્ણ ભક્તિ પ્રેમમાં ગવાયેલ હરિ ગીત ને આધ્યાત્મિક માર્ગની ઉન્નતિ અને શ્રી કૃષ્ણ ની કૃપા પ્રાપ્તિ નો માર્ગ કીધો છે.

તમે છો ભક્તો ના તારણ,

એવી અમને હૈયા ધારણ..

ગુણ ગાય ભગો ચારણ રે,

હે!!ઓધાજી, મારા વ્હાલા ને વઢી ને કે'જો જી,

માને તો મનાવી લેજો જી..



# જેકલીનની મુશ્કેલીમાં વધારો

## 200 કરોડની ખંડણી કેસમાં આરોપ નક્કી થશે, કોર્ટે કહ્યું- 'પૂરતા પુરાવા છે, સુકેશ-લીના સહિત 17 શખ્સો પર ચાર્જ ફ્રેમ થશે'

(એજન્સી) મુંબઇ | તા 31 200 કરોડ રૂપિયાની કથિત ઉચાપત અને તેની સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં જેકલીન ફર્નાન્ડિસની મુશ્કેલીઓ વધી ગઈ છે. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે કહ્યું કે, આરોપો ઘડવા માટે પૂરતી સામગ્રી ઉપલબ્ધ છે. કોર્ટે સુકેશ ચંદ્રશેખર, લીના મારિયા પોલ, જેકલીન ફર્નાન્ડિસ સહિત અન્ય આરોપીઓ વિરુદ્ધ મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA) કેસમાં આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે.

રેકોર્ડ પર ઉપલબ્ધ સામગ્રીના આધારે તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રથમ દૃષ્ટિએ મજબૂત શંકા ઊભી થાય છે. તેથી, તેમની વિરુદ્ધ PMLAની કલમ 3 હેઠળ આરોપો ઘડવા જોઈએ, જેની સજા કલમ 4 માં નિર્ધારિત છે.

જેકલીનને ઠગ સુકેશે કરોડો રૂપિયાની મોંઘી જ્વેલરી, ચાર પર્શિયન બિલાડીઓ, 57 લાખ રૂપિયાનો એક ઘોડો, બહેરીનમાં રહેતા જેકલીનના માતા-પિતાને 1.89 કરોડ રૂપિયાની બે ગાડીઓ (પોર્શ અને મસેરાટી),જેકલીનના ભાઈને SUV અને જેકલીનની બહેનને સવા કરોડની BMW કાર ગિફ્ટ કરી છે.

જેકલીનને ઠગ સુકેશે કરોડો રૂપિયાની મોંઘી જ્વેલરી, ચાર પર્શિયન બિલાડીઓ, 57 લાખ રૂપિયાનો એક ઘોડો, બહેરીનમાં રહેતા જેકલીનના માતા-પિતાને 1.89 કરોડ રૂપિયાની બે ગાડીઓ (પોર્શ અને મસેરાટી),જેકલીનના ભાઈને SUV અને જેકલીનની બહેનને સવા કરોડની BMW કાર ગિફ્ટ કરી છે.

કોર્ટે આરોપો પર ઔપચારિક હસ્તાક્ષર માટે કેસને 3 જૂને સૂચિબદ્ધ કર્યો છે. તમામ આરોપીઓને બપોરે 2 વાગ્યે વ્યક્તિગત રીતે કોર્ટમાં હાજર રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

આ કેસ ઉદ્યોગપતિ અદિતિ સિંહ પાસેથી કથિત 200 કરોડ રૂપિયાની ખંડણી સાથે સંબંધિત છે. દિલ્હી પોલીસે તેમની ફરિયાદ પર કેસ દાખલ કર્યો હતો. ત્યારબાદ EDએ મની લોન્ડરિંગની તપાસ શરૂ કરીને ચાર્જશીટ દાખલ કરી હતી.

સુકેશ ચંદ્રશેખર અને લીના મારિયા પોલ વિરુદ્ધ આ જ કેસમાં મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (MCOCA) હેઠળ પણ આરોપો ઘડવાનો આદેશ આપવામાં આવ્યો છે. જોકે, જેકલીન ફર્નાન્ડિસ ખંડણીના મૂળ કેસમાં આરોપી નથી, પરંતુ ED તપાસમાં નામ આવ્યા બાદ તેને મની લોન્ડરિંગ કેસમાં આરોપી બનાવવામાં આવી હતી.

સુકેશ હાલમાં દિલ્હીની મંડોલી જેલમાં બંધ છે (તેને નવેમ્બર 2023માં તિહારથી અહીં સ્થાનાંતરિત કરવામાં આવ્યો હતો). જ્યાંથી તે અવારનવાર જેકલીનને લવ લેટર મોકલતો રહે છે.

સુકેશ હાલમાં દિલ્હીની મંડોલી જેલમાં બંધ છે (તેને નવેમ્બર 2023માં તિહારથી અહીં સ્થાનાંતરિત કરવામાં આવ્યો હતો). જ્યાંથી તે અવારનવાર જેકલીનને લવ લેટર મોકલતો રહે છે.

જેકલીને સરકારી સાક્ષી બનવાની અરજી કરી હતી

આ પહેલા દિલ્હી હાઈકોર્ટે જેકલીનની તે અરજી ફગાવી દીધી હતી, જેમાં તેણે EDની સપ્લીમેન્ટરી ચાર્જશીટ રદ કરવાની માંગ કરી હતી. ચાર્જશીટ પર સંજ્ઞાન લીધા બાદ ટ્રાયલ કોર્ટે તેમને સમન્સ જારી કર્યા હતા. બાદમાં કોર્ટમાં હાજર થવા પર તેને જામીન મળી ગયા હતા.

હાલ સુકેશ ચંદ્રશેખર ન્યાયિક કસ્ટડીમાં છે. લીના મારિયા પોલને મની લોન્ડરિંગ કેસમાં જામીન મળી ચૂક્યા છે, પરંતુ MCOCA કેસમાં દિલ્હી હાઈકોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી છે. અન્ય આરોપીઓની જામીન અરજીઓ હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

તાજેતરમાં જેકલીન ફર્નાન્ડિસે આ કેસમાં સરકારી સાક્ષી (અપ્રુવર) બનવાની અરજી પાછી ખેંચી લીધી હતી. હવે 3 જૂને કોર્ટમાં આરોપો પર ઔપચારિક પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

# ઝોયા અખ્તરે પણ રણવીર સિંહ સાથે છેડો ફાડી નાખ્યો...!



(એજન્સી) મુંબઇ | તા 31

રણવીર સિંહ અને ફરહાન અખ્તર વચ્ચે 'ડોન 3' ને લઈને શરૂ થયેલો વિવાદ શાંત થાય તેવું જણાતું નથી. રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મમાંથી બહાર થયા પછી રણવીરે ફરહાન સાથે સંબંધો સુધારવા અને ભવિષ્યમાં કોઈ નવા પ્રોજેક્ટ પર સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ તેના પ્રયાસ સફળ થયા નહીં.

'ઈન્ડિયા ફોરમ્સ'ના રિપોર્ટ્સ અનુસાર, રણવીર સિંહે ફરહાન અખ્તર અને તેના પ્રોડક્શન પાર્ટનર રિતેશ સિધવાનીને કોઈ નવા પ્રોજેક્ટ પર સાથે કામ કરવાનો પ્રસ્તાવ આપ્યો હતો, જેને બંને પક્ષો મળીને પસંદ કરે. જોકે, સૂત્રો અનુસાર આ પ્રસ્તાવ તરત જ ઠુકરાવી દેવામાં આવ્યો. રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, ફરહાન અખ્તર અને તેની બહેન ઝોયા અખ્તર હાલમાં રણવીર સાથે ફરીથી કામ કરવા ઈચ્છુક નથી.

'ધુરંધર'ની સફળતા પછી રણવીર સિંહે ફરહાન અખ્તરની ફિલ્મ 'ડોન 3' અચાનક છોડી દીધી, જેની જાહેરાત 2023માં રણવીર સાથે થઈ હતી. મેકર્સનો દાવો છે કે, તેનાથી તેમને 45 કરોડનું નુકસાન થયું. પહેલા આ મામલાની ફરિયાદ પ્રોડ્યુસર ગિલ્ડમાં કરવામાં આવી, ત્યારબાદ આ મામલો FWICE પાસે પહોંચ્યો.

આ મામલાને ગંભીરતાથી લેતા, ફેડરેશને રણવીર સિંહને અલગ-અલગ પ્રસંગોએ 3 નોટિસ મોકલી, પરંતુ તેણે સ્પષ્ટ કહ્યું કે આ કાનૂની મામલો છે, જે ફેડરેશન દ્વારા નહીં પરંતુ કોર્ટ દ્વારા ઉકેલવો જોઈએ.

આખરે ફેડરેશને સોમવારે મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજીને રણવીર સિંહ પર પ્રતિબંધ મૂકી દીધો. આવી સ્થિતિમાં, રણવીર વિવાદ સમાપ્ત ન થાય ત્યાં સુધી કોઈ નવી ફિલ્મ શૂટ કરી શકશે નહીં.

રણવીર સિંહની ટીમનો દાવો- એક્ટર સમજી-વિચારીને ચૂપ છે રણવીર સિંહના પ્રવક્તાએ જણાવ્યું કે- 'રણવીર સિંહ ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને 'ડૉન' ફ્રેન્ચાઈઝી સાથે જોડાયેલી દરેક વ્યક્તિનું દિલથી સન્માન કરે છે. 'ડૉન 3' ને લઈને હાલમાં જે કંઈ પણ બન્યું છે, તેના પર તેમણે સમજી-વિચારીને મૌન રહેવું જ યોગ્ય માન્યું છે. તેમનું માનવું છે કે કામ સાથે જોડાયેલી બાબતો અને પરસ્પર સંબંધો હંમેશા ગરિમા, સમજદારી અને પરસ્પર સન્માન સાથે જ નિભાવવા જોઈએ.'

'આ દરમિયાન ઘણી બધી વાતો અને અફવાઓ સામે આવી છે, પરંતુ રણવીરે ક્યારેય પણ જાહેરમાં આ અંગે કોઈ સ્પષ્ટતા કરવી કે આ અટકળોને પ્રોત્સાહન આપવું જરૂરી નથી સમજ્યું. તેમનું પૂરું ધ્યાન સંપૂર્ણપણે તેમના કામ અને આગામી પ્રોજેક્ટ્સ પર કેન્દ્રિત છે.' 'તેઓ આ ફિલ્મ સાથે જોડાયેલા તમામ લોકો માટે પોતાના દિલમાં સન્માન રાખે છે અને ઈચ્છે છે કે આ ફ્રેન્ચાઈઝી આગળ પણ ખૂબ સફળ થાય.



# 'તે આત્મહત્યા નહોતી, મને આજે પણ શંકા છે...'

(એજન્સી) મુંબઇ | તા 31

ફિલ્મ 'છિછોરે'માં દિવંગત એક્ટર સુશાંત સિંહ રાજપૂત સાથે કામ કરી ચૂકેલા પીઢ એક્ટર શિશિર શર્માએ સુશાંતના મોત અંગે કહ્યું કે, તેમને ક્યારેય વિશ્વાસ ન થયો કે સુશાંત આત્મહત્યા કરી શકે છે.

સિદ્ધાર્થ કન્નનને આપેલા ઈન્ટરવ્યુમાં શિશિર શર્માએ જણાવ્યું કે, તેમની અને સુશાંતની ઓળખ ટીવીના દિવસોથી હતી. જ્યારે તેઓ 'યહાં મૈં ઘર ઘર ખેલી'માં કામ કરી રહ્યા હતા અને સુશાંત 'પવિત્ર રિશ્તા'માં હતા, ત્યારે બંને નજીકમાં શૂટિંગ કરતા હતા અને લંચ બ્રેકમાં સાથે જમતા હતા.

શિશિર શર્માએ જણાવ્યું કે, જ્યારે નિતેશ તિવારીએ તેમને 'છિછોરે'માં કાસ્ટ કર્યા અને કહ્યું કે સુશાંત પણ ફિલ્મનો ભાગ હશે, ત્યારે તેઓ ખૂબ જ ઉત્સાહિત થઈ ગયા હતા. એક્ટરે જણાવ્યું કે ફિલ્મના સેટ પર મુલાકાત દરમિયાન બંનેએ એકબીજાને ગળે લગાવ્યા અને જૂના દિવસોને યાદ કર્યા.

સુશાંતના મૃત્યુના સમાચારથી આઘાત લાગ્યો હતો શિશિર શર્માએ કહ્યું કે, 14 જૂન 2020ના રોજ સુશાંતના મૃત્યુના સમાચાર મળ્યા પછી તેમને ઊંડો આઘાત લાગ્યો હતો. તેમણે કહ્યું, 'જ્યારે મને સુશાંત વિશે સાંજે 4 વાગ્યે મેસેજ આવ્યો, હું મારા આંસુ રોકી શક્યો નહીં. ખૂબ મુશ્કેલ હતું. એકદમ અંદરથી આઘાત લાગ્યો... કેવી રીતે, શા માટે, આટલો શ્રેષ્ઠ અભિનેતા, આટલો સમજદાર માણસ આવું શા માટે કરશે? કંઈક તો કારણ હશે. આમ કોઈ આત્મહત્યા થોડી કરી લે છે. ખૂબ દુઃખ થયું.'

આત્મહત્યાની શક્યતા અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં શિશિર શર્માએ કહ્યું, 'ના, મને નથી લાગતું કે તે આત્મહત્યા હતી. તે એવો વ્યક્તિ નહોતો જે આવું પગલું ભરશે. તે ખૂબ જ સમજદાર માણસ હતો, ખૂબ જ સમજદાર હતો. મને શંકા છે કે તે આત્મહત્યા કરશે. આવું કરવા માટે તમને ઘણી હિંમત અને જીગર જોઈએ. તમે એવું ન કરી શકો કે બસ એક દોરડું લાવો અને પોતાને ફાંસી પર લટકાવી દો, ના.' સુશાંત સિંહ રાજપૂત 14 જૂન 2020 ના રોજ બાંદ્રા સ્થિત પોતાના ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. શરૂઆતમાં મુંબઈ પોલીસે તેને આત્મહત્યાનો મામલો ગણાવ્યો હતો.

# 'મને પૈસાદાર પતિ નથી જોઇતો'

## 'બિગ બોસ' ફેમ તાન્યા મિત્તલની અનોખી ઈચ્છા, કહ્યું- 'પતિ દરરોજ મારી પાસેથી 10-15 લાખ માંગે અને હું તેને આપું...'



(એજન્સી) મુંબઇ | તા 31

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને ભૂતપૂર્વ 'બિગ બોસ' કન્ટેસ્ટન્ટ તાન્યા મિત્તલે કહ્યું કે, તે શ્રીમંત પાર્ટનર નથી ઈચ્છતી. તે પોતે એટલી આર્થિક રીતે મજબૂત બનવા માંગે છે કે તે પોતાના પાર્ટનરની પૈસા સંબંધિત દરેક મોટી જરૂરિયાતને સરળતાથી પૂરી કરી શકે.

'પિંકવિલા'ને આપેલા ઈન્ટરવ્યુમાં તાન્યા મિત્તલે કહ્યું, 'હું જેને પ્રેમ કરું છું અથવા જેની સાથે છું, તેના માટે મારું બધું આપવા હંમેશા તૈયાર રહું છું. મેં આવું પહેલા પણ કર્યું છે અને આગળ પણ કરીશ. હું નથી ઈચ્છતી કે મને કોઈ શ્રીમંત પતિ મળે. જો મારા પતિ પાસે કંઈ પણ ન હોય, તો પણ મને કોઈ ફરક નહીં પડે.'

ઈન્ફ્લુએન્સરે આગળ કહ્યું, 'હું ઈચ્છું છું કે તે રોજ સવારે ઉઠીને મારી પાસે 10-15 લાખ રૂપિયા માંગે અને મારી એટલી ક્ષમતા હોય કે હું તેને દરરોજ 10-15 લાખ રૂપિયા આપી શકું. એટલે કે, હું આવી ગર્લફ્રેન્ડ/પત્ની બનવા માંગુ છું.'

તાન્યા મિત્તલ જલ્દી કોમેડી અને કુકિંગ રિયાલિટી શો 'મા હૈ ના'માં જોવા મળશે. આમાં તાન્યા માતા સુનીતા મિત્તલ સાથે જોડીમાં દેખાશે.

તાજેતરમાં 'મા હૈ ના' ના પ્રમોશનલ ઈવેન્ટ્સ દરમિયાન તાન્યા અને રિયાલિટી શો 'સ્પ્લિટ્સવિલા X6' વિજેતા ગુલ્લુ ઉર્ફે કુશલ તંવર વચ્ચે સામાન્ય બોલાચાલી જોવા મળી હતી.

જ્યારે ગુલ્લુ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તાન્યાએ કહ્યું કે, 'બીજાને હરાવવા માટે તેમનું ખાવાનું ખરાબ કરવું ખોટું છે. જ્યારે તમે પોતે આત્મવિશ્વાસુ ન હોવ, ત્યારે તમે બીજાઓ સાથે આવું કરો છો.' તાન્યાએ એમ પણ કહ્યું હતું કે, તે એવા લોકોને પસંદ નથી કરતી, જેઓ લાઇન ક્રોસ કરે છે. બંનેની વાતચીતનો વીડિયો વાયરલ થયો હતો.

આ પછી, કોઈનું નામ લીધા વિના, તાન્યાએ ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું, 'ફરી એકવાર પુરુષોના અહંકારને પડકારીને ખુશી થઈ. ઈર્ષ્યા થાય છે? હું સમજી શકું છું. કેટલાક પુરુષો મજબૂત અને આત્મનિર્ભર મહિલાઓનું સન્માન કરે છે, પરંતુ કેટલાક ફક્ત તેમના વિશે વાતો જ કરી શકે છે.'

# સાઉથ સ્ટાર અજિત કુમારના માતાનું નિધન

## મુખ્યમંત્રી વિજય અને ત્રિશા કૃષ્ણન એક્ટરના ઘરે પહોંચ્યા, રડતા મિત્રને ગળે લગાવીને સાંત્વના આપી

(એજન્સી) મુંબઇ | તા 31

સાઉથ સ્ટાર અજિત કુમારના માતા મોહિની મણિનું શનિવારે તમિલનાડુના ચેન્નઈ ખાતે નિધન થયું. આ દુઃખની ઘડીમાં મિત્રને સહારો આપવા તમિલનાડુના મુખ્યમંત્રી અને સાઉથ સુપરસ્ટાર થલાપતિ વિજય (જોસેફ વિજય) અને એક્ટ્રેસ ત્રિશા કૃષ્ણન અજિતના ઘરે પહોંચ્યાં હતાં.

અજિત કુમારના માતા 85 વર્ષના હતાં અને ઉંમર સંબંધિત બીમારીઓ તથા સ્વાસ્થ્ય સંબંધી જટિલતાઓથી પીડાઈ રહ્યા હતાં. મોહિનીના અંતિમ સંસ્કાર રવિવારે સવારે બેસંત નગર સ્મશાન ઘાટમાં સંપન્ન થયા. તેમનો પાર્થિવ દેહ ઈંજામબક્કમ સ્થિત નિવાસસ્થાનેથી બેસંત નગર સ્મશાન ઘાટ લાવવામાં આવ્યો.

અજિતે માતાના પાર્થિવ દેહને અંતિમ વાર પોતાના ખભા પર ઉઠાવીને સ્મશાન ઘાટ સુધી પહોંચાડ્યો. 'ન્યૂઝ 18'ના અહેવાલ મુજબ, અંતિમ સંસ્કારની વિધિઓ અજિત કુમારના ભાઈ અનિલ કુમાર દ્વારા સંપન્ન કરાવવામાં આવી. માતાના નિધનની સૂચના મળ્યા બાદ અજિત કુમાર ચેન્નઈ પહોંચ્યા અને શહેરના બહારના વિસ્તાર ઈંજામબક્કમ-પાલવક્કમ સ્થિત પોતાના નિવાસસ્થાને પહોંચ્યા.

મોહિની મણિના નિધનના સમાચાર બાદ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા સેલેબ્સે અજિત કુમાર અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. શનિવારે સાંજે તમિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજય અને એક્ટ્રેસ ત્રિશા કૃષ્ણન અજિત કુમારના નિવાસસ્થાને પહોંચ્યા.

થલાપતિ ઉપરાંત એક્ટર સરથકુમાર, નાસિર, ડિરેક્ટર શંકર, એ.એલ. વિજય, શિવા સહિત અનેક ફિલ્મ હસ્તીઓ પણ શ્રદ્ધાંજલિ આપવા પહોંચી હતી.મુખ્યમંત્રી વિજયે જણાવ્યું કે, તેમને તેમના પ્રિય મિત્ર અને અભિનેતા અજિત કુમારની માતા મોહિની અમ્મૈયારના નિધનના સમાચારથી ઊંડો આઘાત લાગ્યો છે.

તેમણે દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરતા અજિત કુમાર અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.



**અજિતના પિતાનું 2023માં નિધન થયું હતું:** અજિત કુમાર તમિલ સિનેમાના ખૂબ જ પ્રખ્યાત એક્ટર છે. તેમણે 'કાધલ કોટ્ટાઈ', 'વાલી', 'દીના', 'બિલ્લા', 'મંકથા', 'વિશ્વાસમ' અને 'વલિમૈ' જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. અજિતના પિતા પી. સુબ્રમણ્યમ કેરળના પલક્કડના રહેવાસી તમિલ બ્રાહ્મણ હતા. તેમનું અવસાન વર્ષ 2023માં થયું હતું. જ્યારે તેમની માતા મોહિની સિંધી સમુદાયમાંથી હતા અને કોલકાતાના રહેવાસી હતાં. અજિત ત્રણ ભાઈઓમાં બીજા નંબર પર છે. તેમના મોટા ભાઈ અનૂપ કુમાર ન્યૂયોર્કમાં સ્ટોકબ્રોકર છે, જ્યારે નાના ભાઈ અનિલ કુમાર એક બિઝનેસમેન છે. અજિતે વર્ષ 2000માં એક્ટ્રેસ શાલિની સાથે લગ્ન કર્યા હતા. બંનેની મુલાકાત ફિલ્મ 'અમરકલમ'ના સેટ પર થઈ હતી. તેમને બે બાળકો છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

# મ્યુનિક વર્લ્ડ કપમાં મનુ અને સમ્રાટને સિલ્વર

**● મ્યુનિકમાં ભારતીય જોડીનો સિલ્વર મેડલ, ભારત મેડલ ટેલીમાં બીજા સ્થાને રહ્યું**



(એજન્સી) મ્યુનિક | તા. 31

જર્મનીના મ્યુનિક શહેરમાં આયોજિત આઈએસએસએફ વર્લ્ડ કપમાં ભારતીય નિશાનેબાજોએ શાનદાર પ્રદર્શન કર્યું છે. ૧૦ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ભારતના મનુ ભાકર અને સમ્રાટ રાણાની જોડીએ સિલ્વર મેડલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે. અત્યંત રોમાંચક રહેલા આ મુકાબલામાં ભારતીય જોડી ચીનની વર્લ્ડ ચેમ્પિયન જોડી સામે માત્ર ૦.૩ પોઈન્ટના નજીવા અંતરથી સુવર્ણ પદક ચૂકી ગઈ હતી.

આ સિલ્વર મેડલ સાથે ભારત વર્લ્ડ કપની મેડલ ટેલીમાં બીજા ક્રમે રહ્યું છે. ભારતના ખાતામાં અત્યાર સુધી બે ગોલ્ડ અને બે સિલ્વર મેડલ આવ્યા છે. આ યાદીમાં ચીન પ્રથમ સ્થાને છે, જેણે ચાર ગોલ્ડ અને ત્રણ બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યા છે. ફાઈનલ મુકાબલામાં ભારતીય જોડીની શરૂઆત થોડી ધીમી હતી, પરંતુ બીજા રાઉન્ડમાં મનુ ભાકરે લય પકડી અને સમ્રાટ રાણાના સાથ સાથે ભારતીય જોડી બીજા સ્થાને પહોંચી ગઈ હતી. એક તબક્કે ભારતીય જોડી પાસે ૨.૨ પોઈન્ટની મહત્વની સરસાઈ પણ હતી. જોકે, સ્પર્ધાના અંતિમ તબક્કે મનુ અને સમ્રાટના કેટલાક શોટ્સમાં ચોકસાઈનો અભાવ વર્તાયો, જેનો ફાયદો ઉઠાવીને ચીનની જોડીએ લીડ મેળવી લીધી હતી. અંતિમ શોટ્સ સુધી ચાલેલા આ રસાકસીભર્યા મુકાબલામાં ચીની જોડીએ બાજી મારી લીધી હતી.

## નોર્વે ચેસમાં ગુકેશનો પ્રજ્ઞાનંદ સામે વિજય, મહિલા વર્ગમાં ડિવ્યા દેશમુખનું નેતૃત્વ

(એજન્સી) ઓસ્લો | તા. 31

નોર્વે ચેસ સ્પર્ધાના પાંચમા રાઉન્ડમાં ભારતીય ખેલાડીઓનો દબદબો જોવા મળ્યો હતો. ઓસ્લો ખાતે આયોજિત આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશે પોતાના જ દેશના આર. પ્રજ્ઞાનંદને હરાવીને પોઈન્ટ ટેબલમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વિજય બાદ ગુકેશનો આત્મવિશ્વાસ સાતમા આસમાને જોવા મળી રહ્યો છે.

વિશ્રામના દિવસ બાદ કોર્ટ પર પરત ફરેલા ગુકેશ માટે આ મુકાબલો ઘણો જટિલ હતો. રમત દરમિયાન શરૂઆતથી જ દબાણ હોવા છતાં, ગુકેશે પોતાની ચાલ અને વ્યૂહરચના દ્વારા અંતિમ તબક્કે બાજી પલટી નાખી હતી. પોતાની જીત અંગે વાત કરતા વિશ્વ ચેમ્પિયને જણાવ્યું હતું કે, "આ ખૂબ જ જટિલ રમત હતી. શરૂઆતથી જ હું ખૂબ તણાવમાં હતો, પરંતુ નસીબજોગે મારી ચાલ કામ કરી ગઈ. હું છેલ્લા કેટલાક મહિનાઓ કરતા અત્યારે ઘણો વધુ સતેજ અનુભવી રહ્યો છું." સ્પર્ધાના અન્ય એક મહત્વના મુકાબલામાં વિશ્વના નંબર ૧ ખેલાડી મેગ્નસ કાર્લસનને ફરી એકવાર પરાજયનો સામનો કરવો પડ્યો છે. અમેરિકાના વેસ્લી સોએ ક્લાસિકલ ગેમમાં કાર્લસનને હરાવીને લીડરબોર્ડમાં ઉથલપાથલ મચાવી દીધી છે. વેસ્લી સોએ આ જીતને ખૂબ જ ગૌરવપૂર્ણ ગણાવતા કહ્યું કે, મેગ્નસ દુનિયાનો સર્વશ્રેષ્ઠ ખેલાડી છે, તેને હરાવવો એ કોઈ નાના સિદ્ધિ નથી.

મહિલાઓના વિભાગમાં ભારતીય ગ્રાન્ડ માસ્ટર ડિવ્યા દેશમુખ ૮.૫ પોઈન્ટ સાથે ટોચ પર છે. તેમણે ઝુ જીનરને ક્લાસિકલ ગેમમાં પરાજય આપી પોતાની સ્થિતિ મજબૂત કરી છે. બીજી તરફ, કોનેરુ હમ્પીએ પણ જીતનો સ્વાદ ચાખ્યો છે. તેમણે ચીનની વિશ્વ ચેમ્પિયન જુ વેનજુનને આર્માગેડનમાં હરાવીને મહત્વની જીત મેળવી હતી.








### કોરિયાને ૩-૧ થી પરાજય આપ્યો, પોલ-એમાં ભારત હવે સૌથી ટોચ પર

# ભારતની મહિલા હોકી ટીમનો કોરિયા સામે શાનદાર વિજય

(એજન્સી) કાકામિગાહારા, જાપાન | તા. 31

જાપાનમાં રમાઈ રહેલા મહિલા અંડર-૧૮ એશિયા કપ ૨૦૨૬માં ભારતીય મહિલા હોકી ટીમે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. રવિવારે રમાયેલી પોલ-એની અત્યંત મહત્વપૂર્ણ મેચમાં ભારતે કોરિયાને ૩-૧ ના સ્કોરથી પરાજય આપીને ટૂર્નામેન્ટમાં પોતાની વિજયી કૂચ જારી રાખી છે. અગાઉ મલેશિયા સામેની જીત બાદ આ ભારતીય ટીમનો સતત બીજો વિજય છે, જેના કારણે ભારત હવે ૬ પોઈન્ટ સાથે પોલ-એ સ્ટેન્ડિંગમાં સૌથી ટોચના સ્થાને બિરાજમાન છે.

### મેચનો ઘટનાક્રમ: ભારતીય ખેલાડીઓનું આક્રમક પ્રદર્શન

મેચની શરૂઆતથી જ ભારતીય ટીમે આક્રમક રમત દાખવી હતી. મેચની ચોથી જ મિનિટમાં ભારતને પેનલ્ટી સ્ટ્રોક મળ્યો હતો, જેને નૌશીન નાઝે ખૂબ જ શાંતિપૂર્વક ગોલમાં ફેરવીને ટીમને ૧-૦ ની પ્રારંભિક લીડ અપાવી હતી. ભારતીય ટીમનો દબદબો બીજા ક્વાર્ટરમાં પણ યથાવત રહ્યો હતો. ૨૧મી મિનિટમાં શ્રુતિ કુમારીએ સુંદર ફિલ્ડ ગોલ કરીને ભારતની લીડને ૨-૦ સુધી પહોંચાડી દીધી હતી. હાફ ટાઈમ સુધી ભારતે આ મજબૂત સરસાઈ જાળવી રાખી હતી.

ત્રીજા ક્વાર્ટરમાં કોરિયાએ વાપસી કરવાનો પ્રયાસ કર્યો હતો. ૪૧મી મિનિટમાં કોરિયાની



ખેલાડી ગ્યોંગમિન યુંએ ગોલ કરીને સ્કોર ૨-૧ કર્યો હતો અને મેચમાં રોમાંચ જગાવ્યો હતો. જોકે, ભારતીય ટીમે ગભરાયા વગર તરત જ વળતો જવાબ આપ્યો હતો. માત્ર બે જ મિનિટ બાદ ૪૩મી મિનિટમાં કિરણ એકકાએ પેનલ્ટી કોર્નરને ગોલમાં પરિવર્તિત કરી ભારતની લીડ ફરીથી ૩-૧ કરી દીધી હતી. કિરણ એકકાને આ શાનદાર પ્રદર્શન બદલ 'પ્લેયર ઓફ ધ મેચ' તરીકે પસંદ કરવામાં આવી હતી.

### શિસ્તબદ્ધ રમત અને આગળનું લક્ષ્ય

મેચના અંતિમ ક્વાર્ટરમાં ભારતીય ટીમે અત્યંત શિસ્તબદ્ધ રમત દાખવી હતી. ભારતીય રક્ષણાત્મક પંક્તિએ કોરિયાને સ્કોર કરવાની કોઈ પણ તક આપી ન હતી. સમગ્ર મેચ દરમિયાન ભારતે ચાર પેનલ્ટી કોર્નર અને એક પેનલ્ટી સ્ટ્રોક મેળવ્યા હતા, જે તેમની રમતની આક્રમકતા દર્શાવે છે. આ જીત સાથે ભારતીય ટીમ હવે ખૂબ જ આત્મવિશ્વાસથી ભરેલી છે. ટૂર્નામેન્ટમાં પોતાની અજેય સફરને આગળ ધપાવતા ભારત હવે ૨ જૂનના રોજ સિંગાપોર સામે પોતાની અંતિમ પોલ-એ ફિક્સ્ચર રમશે.

આ જીતે ભારત માટે નોકઆઉટ રાઉન્ડના દરવાજા લગભગ ખોલી દીધા છે. ભારતીય ટીમનો ઉત્સાહ જોતા એવું લાગે છે કે તેઓ આ એશિયા કપમાં ખિતાબ જીતવા માટે પ્રબળ દાવેદાર છે. સમગ્ર દેશની નજર હવે આગામી મેચો પર છે, જેમાં ભારતીય દીકરીઓ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન ચાલુ રાખશે તેવી અપેક્ષા છે.

# પેરિસમાં ફૂટબોલની ઉજવણી હિંસામાં ફેરવાઈ, 400ની ધરપકડ



(એજન્સી) નવી દિલ્હી | તા. 31

ચેમ્પિયન્સ લીગ ફાઈનલમાં પેરિસ સેન્ટ-જર્મેન (PSG) ની આર્સેનલ સામેની ભવ્ય જીત બાદ પેરિસમાં ખુશીના માહોલને બદલે અંધાધૂંધી અને હિંસાનો માહોલ જોવા મળ્યો છે. જીતની ઉજવણી કરવા ઉતરેલા ફૂટબોલ ચાહકોએ શહેરના મુખ્ય વિસ્તારોમાં આતંક મચાવતા ૧૨ કલાકથી વધુ સમય સુધી સ્થિતિ તંગ રહી હતી. આ હિંસક પ્રદર્શનોમાં સામેલ ૪૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અનેક પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

### ચેમ્પ્સ-એલીસીસમાં અરાજકતા

મેચ પૂરી થયા બાદ પેરિસના પ્રખ્યાત ચેમ્પ્સ-એલીસીસ વિસ્તારમાં હજારોની સંખ્યામાં ચાહકો એકઠા થયા હતા. શરૂઆતમાં આ જશ્ન શાંતિપૂર્ણ હતો, પરંતુ ટૂંક સમયમાં જ તે હિંસક વળાંકમાં ફેરવાઈ ગયો. ટોળા દ્વારા ફટાકડા અને ફ્લેર્સનો આડેધડ ઉપયોગ કરવામાં આવ્યો હતો. અરાજકતા એટલી વધી ગઈ હતી કે શહેરની જાહેર પરિવહન સેવાઓ જેવી કે બસ, ટ્રેન અને રેલ સેવાઓ ખોરવાઈ ગઈ હતી. સ્થિતિને કાબૂમાં લેવા માટે પેરિસ પોલીસે ટીયર ગેસના સેલ છોડવા પડ્યા હતા.

### ગત વર્ષનું પુનરાવર્તન

નોંધપાત્ર છે કે પેરિસમાં ફૂટબોલની જીત બાદ હિંસાની આ ઘટના સતત બીજા વર્ષે બની છે. ગત વર્ષે પણ જીતની ઉજવણી જીવલેણ અને હિંસક બની હતી, જેના પગલે આ વખતે પોલીસ તંત્ર પહેલેથી જ એલર્ટ હતું. મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત હોવા છતાં ચાહકોના તોફાનને રોકવામાં પોલીસને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે આ પ્રકારની હિંસા પેરિસ જેવા શાંતિપ્રિય શહેર માટે ગંભીર ચિંતાનો વિષય છે.

આ ઘટના બાદ શહેરના વહીવટી તંત્રએ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવાનો નિર્ણય લીધો છે. જીતની આ ઉજવણી જે રીતે આફતમાં ફેરવાઈ ગઈ છે, તેનાથી સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ અને ડરનો માહોલ છે.

**સળગતા વાહનો અને તોડફોડ**

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા દ્રશ્યો ખૂબ જ ચોંકાવનારા છે. તેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે રસ્તાઓ પર ઈલેક્ટ્રિક બાઈકો સળગાવવામાં આવી રહી છે અને આસપાસની દુકાનોના કાચ તોડી પાડવામાં આવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ હિંસામાં બે વ્યવસાયિક એકમો, એક બસ શેલ્ટર અને છ વાહનોને સંપૂર્ણપણે સળગાવી દેવામાં આવ્યા છે. પેરિસના 'પાર્ક ડેસ પ્રિન્સેસ' સ્ટેડિયમથી લઈને શહેરના મુખ્ય ચોક સુધી પોલીસ અને ઉશ્કેરાયેલા ચાહકો વચ્ચે સતત ઘર્ષણ જોવા મળ્યું હતું.

# વિનેશ ફોગાટની એશિયન ગેમ્સ ટ્રાયલ્સમાં હાર



(એજન્સી) નવી દિલ્હી | તા. 31

ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટ માટે એશિયન ગેમ્સ માટેની પસંદગી ટ્રાયલ્સ નિરાશાજનક સાબિત થઈ છે. નવી દિલ્હીના કે.ડી. જાધવ ઈન્ડોર સ્ટેડિયમમાં યોજાયેલી આ ટ્રાયલ્સની સેમીફાઈનલમાં વિનેશને મીનાક્ષી હુડ્ડા સામે ૩-૬ ના સ્કોરથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ હાર સાથે જ વિનેશની એશિયન ગેમ્સમાં ભાગ લેવાની આશા પર હાલ પૂરતું પૂર્ણવિરામ મુકાયું છે. વિનેશ ફોગાટ માટે આ પરાજય એટલા માટે પણ આઘાતજનક છે કારણ કે છેલ્લા ૧૪ વર્ષમાં તે ક્યારેય ઘરેલું સ્પર્ધામાં હારી નથી. મીનાક્ષી સામેની આ મેચમાં વિનેશે અંતિમ સેકન્ડો સુધી પૂરો પ્રયાસ કર્યો હતો. મેચ દરમિયાન પ્રતિસ્પર્ધી મીનાક્ષી પર નિયમોના ઉલ્લંઘન અને આંગળીઓ મરોડવા જેવા આરોપો પણ લાગ્યા હતા, જેના કારણે વિવાદ સર્જાયો હતો. વિનેશે રેફરી સમક્ષ પડકાર પણ ફેંક્યો હતો, પરંતુ તે સ્કોર સુધારીને ૪-૬ કરવા છતાં મેચ જીતવામાં નિષ્ફળ રહી હતી.

### વાપસીનો કપરો માર્ગ

પેરિસ ઓલિમ્પિક્સમાં વજનના વિવાદ બાદ અયોગ્ય ઠર્યા પછી વિનેશ માટે આ વાપસી ખૂબ જ મહત્વની હતી. માતૃત્વની જવાબદારી નિભાવ્યા બાદ પણ તેણે જે રીતે ફરીથી કુસ્તીના મેદાનમાં ઝંપલાવ્યું તે તેની મક્કમતા દર્શાવે છે. જોકે, નેશનલ ફેડરેશન સાથેના વિવાદો અને ટ્રાયલ્સમાં મળેલી આ હારે તેના કરિયર સામે પ્રશ્નાર્થ ચિન્હો ઊભા કર્યા છે. વર્ષ ૨૦૨૩માં રેસલિંગ ફેડરેશનના તત્કાલીન પ્રમુખ સામેના વિરોધ અને કાયદાકીય લડાઈને કારણે પણ તેનું ધ્યાન સતત ભટકતું રહ્યું હતું.

### ભવિષ્ય અંગે અનિશ્ચિતતા

કુસ્તીના નિષ્ણાતો માને છે કે આ હાર વિનેશના કરિયરનો અંત નથી, પરંતુ તેની વાપસીની રાહમાં રહેલા અવરોધો સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. બજરંગ પૂનિયા સહિતના અન્ય કુસ્તીબાજોએ વિનેશના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો છે અને કહ્યું છે કે એક માત્ર ટ્રાયલ તેના વર્ષોના યોગદાનને ઓછું આંકી શકતી નથી. હાલમાં વિનેશનું ભવિષ્ય શું હશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી, પરંતુ આ ઘટનાક્રમે ભારતીય કુસ્તી જગતમાં ચર્ચાઓનો દોર શરૂ કરી દીધો છે. મીડિયા અહેવાલ મુજબ, ફેડરેશનના આંતરિક રાજકારણની અસર પણ આવી પસંદગી પ્રક્રિયાઓ પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે.

# પીએસજીએ આર્સેનલને હરાવી ખિતાબ જાળવી રાખ્યો

### પેનલ્ટી શૂટઆઉટમાં પીએસજીની રોમાંચક જીત

(એજન્સી) બુડાપેસ્ટ | તા. 31




ફ્રેન્ચ ફૂટબોલ ક્લબ પીએસજી (પેરિસ સેન્ટ-જર્મેન) એ ચેમ્પિયન્સ લીગનો ખિતાબ સફળતાપૂર્વક જાળવી રાખીને યુરોપિયન ફૂટબોલમાં પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. બુડાપેસ્ટના પુસ્કાસ એરેના ખાતે રમાયેલી અત્યંત રોમાંચક ફાઈનલમાં પીએસજીએ આર્સેનલને પેનલ્ટી શૂટઆઉટમાં ૪-૩ થી પરાજય આપ્યો હતો. નિર્ધારિત ૯૦ મિનિટ અને વધારાના સમયમાં બંને ટીમો ૧-૧ થી બરાબરી પર હતી.

મેચની શરૂઆત આર્સેનલ માટે શાનદાર રહી હતી, જ્યારે છઠ્ઠી મિનિટમાં જ કાઈ હાવર્ટ્ઝે ગોલ કરીને ટીમને ૧-૦ ની સરસાઈ અપાવી હતી. જોકે, પીએસજીએ હિંમત ન હારી અને બીજા હાફમાં વળતો પ્રહાર કર્યો. ૬૫મી મિનિટમાં ખ્વીચા ક્વારાત્સખેલિયાને ફાઉલનો શિકાર બનાવવામાં આવતા પીએસજીને પેનલ્ટી મળી હતી, જેને ઉસ્માન ડેમ્બેલેએ ગોલમાં ફેરવીને સ્કોર ૧-૧ થી બરાબર કરી દીધો હતો.

મેચ પેનલ્ટી શૂટઆઉટમાં પહોંચતા તણાવ ચરમસીમા પર હતો. પીએસજી તરફથી નૂનો મેન્ડેસ એકમાત્ર ખેલાડી હતા જે ગોલ કરવામાં નિષ્ફળ રહ્યા હતા, જ્યારે આર્સેનલના એબરેચી એઝ અને ગેબ્રિયલ ગોલ કરવામાં ચૂકી ગયા હતા. પીએસજીના કોચ લુઈસ એનરિક માટે આ ત્રીજું ચેમ્પિયન્સ લીગ ટાઈટલ છે, જેની સાથે તેઓ કાર્લો એન્સેલોટી, પેપ ગાર્ડિયોલા જેવા દિગ્ગજોની હરોળમાં સામેલ થયા છે.

પીએસજી વર્ષ ૨૦૧૬-૨૦૧૮ વચ્ચે રિયલ મેડ્રિડ બાદ ખિતાબ જાળવી રાખનાર પ્રથમ ટીમ બની છે. કેપ્ટન માર્કિન્હોસે જીત બાદ જણાવ્યું હતું કે, "કોચે શરૂઆતમાં જ કહ્યું હતું કે ટાઈટલ જીતવું અઘરું છે, પણ તેને સતત બીજીવાર જીતવું વધુ અઘરું છે. અમે તે જ માનસિકતા સાથે આજે મેદાનમાં ઉતર્યા હતા." ઉસ્માન ડેમ્બેલે, જેઓ બેલોન ડી'ઓર હોલ્ડર છે, તેમણે આ સિઝનમાં કુલ ૨૦ ગોલ કરીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે.

આ વિજય સાથે પીએસજીએ આ સિઝનમાં પાંચ ટ્રોફી પોતાના નામે કરી છે, જેમાં લિગ વન ટાઈટલ અને અન્ય ઘરેલું તથા આંતરરાષ્ટ્રીય ટ્રોફીનો સમાવેશ થાય છે.

**વિવાદ** // કોચના અહંકારી સ્વભાવ પર સુમિતના પ્રહાર, જૂની તાલીમ પદ્ધતિ અને અહંકારથી ખેલાડી પરેશાન

# સુમિત અંતિલે કોચના વર્તન સામે સવાલ ઉઠાવ્યા




(એજન્સી) નવી દિલ્હી | તા. 31

પેરાલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ સુમિત અંતિલે ભારતીય રમતગમત ક્ષેત્રના કોચિંગ સ્તર અંગે ચોંકાવનારા આક્ષેપ કર્યા છે. સુમિતે દાવો કર્યો છે કે લગભગ એક તૃતીયાંશ કોચ અહંકારી, જિદ્દી અને અપમાનજનક વ્યવહાર ધરાવતા હોય છે. બેંગલુરુમાં તાજેતરમાં જ પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડનાર સુમિતે પોતાના અંગત અનુભવોને ટાંકીને આ વાત કરી છે. સુમિતે જણાવ્યું હતું કે કેટલાક કોચ પોતાની જાતને બદલવા કે નવી ટેકનિક શીખવા તૈયાર નથી. તેમણે કહ્યું, "આ પ્રમાણ કુલ કોચના લગભગ ૩૦ ટકા જેટલું છે. નવા કોચ જેઓ ૨૦૧૦-૧૧ પછી આવ્યા છે, તેઓ શીખવા માટે વધુ તત્પર છે, પરંતુ જૂના કોચમાં અહંકારનું પ્રમાણ વધુ જોવા મળે છે." સુમિતના મતે, કોઈ પણ ખેલાડી પોતાના કોચને છોડવા માંગતો નથી, પરંતુ જ્યારે કોચ ખેલાડીની પ્રગતિમાં અવરોધ બને અથવા તેમનું વર્તન ખરાબ હોય ત્યારે ખેલાડી મજબૂર બને છે. સુમિત અંતિલે પોતાની સફળતાનો શ્રેય ખોટી રીતે લેતા ભૂતપૂર્વ કોચ સામે પણ અવાજ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, "ખેલાડી કોઈ કોચની મિલકત નથી. કોઈ જાદુઈ લાકડીથી ખેલાડી ચેમ્પિયન બનતો નથી, તે એક લાંબી પ્રક્રિયા છે. જો એક જ કોચ પાસે ૨૦ ખેલાડી તાલીમ લેતા હોય અને તેમાંથી માત્ર એક જ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચે, તો બાકીના ૧૯નું શું?" સુમિતના મતે, ઈનામી રકમ અને પ્રસિદ્ધિ મેળવવા માટે કોચ ઘણીવાર ખેલાડીની સફળતાનો ખોટો દાવો કરે છે. સુમિતે ખુલાસો કર્યો હતો કે તેમણે પોતે તાલીમ માટે લાખો રૂપિયાની 'ગુરુ દક્ષિણા' આપી હતી, પરંતુ જ્યારે વાતાવરણ અનુકૂળ ન લાગ્યું ત્યારે તેમણે કોચ બદલવાનો નિર્ણય લીધો હતો.

**ફ્રેન્ચ ઓપનમાંથી કોકો ગોફ બહાર**

# ફ્રેન્ચ ઓપનમાંથી કોકો ગોફની આશ્ચર્યજનક વિદાય, પોટાપોવા સામે રોમાંચક મુકાબલામાં હાર

(એજન્સી) પેરિસ | તા. 31

ફ્રેન્ચ ઓપન ૨૦૨૬માં શનિવારે એક મોટો ઉલટફેર જોવા મળ્યો છે. વર્તમાન ચેમ્પિયન અને ચોથા ક્રમની ખેલાડી કોકો ગોફ ત્રીજા રાઉન્ડમાં જ હારીને બહાર થઈ ગઈ છે. ૨૮મી ક્રમની ઓસ્ટ્રિયન ખેલાડી અનાસ્તાસિયા પોટાપોવાએ ત્રણ સેટ સુધી ચાલેલા સંઘર્ષપૂર્ણ મુકાબલામાં ગોફને ૪-૬, ૭-૬ (૭/૧), ૬-૪ થી હરાવીને આગેકૂચ કરી છે. આ પરાજય સાથે ગોફના રોલાન્ડ ગેરોસ ટાઈટલ ડિફેન્સનું સપનું તૂટી ગયું છે. મેચની શરૂઆત કોકો ગોફ માટે સારી રહી હતી. પ્રથમ સેટમાં પાછળ રહ્યા બાદ તેણે શાનદાર વાપસી કરી અને આઠમી તેમજ દસમી ગેમમાં બ્રેક મેળવીને પ્રથમ સેટ પોતાના નામે કર્યો હતો. જોકે, બીજા સેટમાં પોટાપોવાએ આક્રમક રમત દાખવીને ૩-૦ ની લીડ મેળવી લીધી હતી. ત્યારબાદ બંને ખેલાડીઓ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી અને સેટ ટાઈ-બ્રેક સુધી પહોંચ્યો હતો, જેમાં પોટાપોવાએ સ્પષ્ટ વિજય મેળવીને મેચને અંતિમ સેટમાં ધકેલી દીધી હતી. ત્રીજા સેટમાં ગોફ એક સમયે બ્રેક સાથે આગળ હતી, પરંતુ પોટાપોવાએ હિંમત ન હારી અને મેચમાં ફરીથી પ્રભુત્વ જમાવ્યું. લાંબી રેલીઓમાં પોટાપોવાનું નિયંત્રણ વધુ સારું હતું, જેના કારણે તે ગોફને થકવવામાં સફળ રહી હતી. અંતે, છઠ્ઠી ગેમમાં બ્રેક મેળવીને પોટાપોવાએ ૬-૪ થી ત્રીજો સેટ અને મેચ જીતી લીધી હતી. મેચ બાદ પોટાપોવાએ કોર્ટ પર પોતાની ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, "મેં ભૂતકાળમાં કેટલીક મોટી જીત મેળવી છે, પરંતુ આ જીત મારી કારકિર્દીની ટોચની ત્રણ જીતમાં ચોક્કસપણે ગણાય." રશિયામાં જન્મેલી અને હાલમાં ઓસ્ટ્રિયાનું પ્રતિનિધિત્વ કરતી ૨૫ વર્ષીય આ વર્ષની ક્લે કોર્ટ સીઝનમાં શાનદાર ફોર્મમાં છે.



વૈશ્વિક તાપમાન વધતા ચિંતામાં મુકાયા દેશના નિષ્ણાતો, પરમાણુ સુરક્ષા બાબતે વધ્યો આંતરરાષ્ટ્રીય ચિંતાનો માહોલ

# યુરોપના પરમાણુ મથક પર હુમલાથી વિશ્વમાં ફફડાટ

(એજન્સી) અમદાવાદ । તા. 31

યુરોપના સૌથી વિશાળ અને સંવેદનશીલ એવા ઝાપોરિઝ્ઝયા ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ પર તાજેતરમાં થયેલા ડ્રોન હુમલાના દાવાઓએ સમગ્ર વિશ્વમાં ચિંતાનું મોજું ફેલાવી દીધું છે. રશિયાની સરકારી ન્યૂક્લિયર કંપની દ્વારા કરવામાં આવેલા આ ગંભીર દાવા મુજબ, શનિવારે યુક્રેનના એક કામિકાઝે ડ્રોને પ્લાન્ટના ટર્બાઈન હોલની ઈમારતને નિશાન બનાવી હતી. આ ઘટનાએ ફરી એકવાર પરમાણુ દુર્ઘટનાનો જૂનો ભય જીવંત કર્યો છે, જેના કારણે વૈશ્વિક સ્તરે સુરક્ષા અને પર્યાવરણ જાગૃતિ બાબતે પ્રશ્નો ઉભા થયા છે. આ ઘટનાસ્થળ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષનું કેન્દ્ર બન્યું છે.

મીડિયા અહેવાલ અનુસાર, રશિયાની ન્યૂક્લિયર કંપની રોસાટોમના વડા એલેક્સી લિખાચેવે જણાવ્યું હતું કે, બપોરના સમયે યુક્રેનના એક કામિકાઝે ડ્રોન દ્વારા પાવર યુનિટ નંબર ૬ની ટર્બાઈન હોલની ઈમારત પર હુમલો કરવામાં આવ્યો હતો. આ આક્રમણના પરિણામે ત્યાં વિસ્ફોટ થયો અને ઈમારતની દીવાલમાં મોટું ગાબડું પડ્યું હતું. રશિયાનો સ્પષ્ટ આરોપ છે કે આ હુમલો હેતુપૂર્વક કરવામાં આવ્યો હતો. જોકે, રાહતની વાત એ છે કે આ ઘટનામાં પરમાણુ મથકના કોઈ પણ મુખ્ય કે સંવેદનશીલ સાધનોને નુકસાન થયું નથી, જે મોટી હોનારતને ટાળવામાં સફળ રહ્યું છે. તેમ છતાં, આવી ઘટનાઓ પરમાણુ સુરક્ષા માટે ખૂબ જ જોખમી માનવામાં આવે છે.



### યુક્રેનનો પલટવાર અને સ્પષ્ટતા

બીજી તરફ, યુક્રેનની સેનાએ રશિયા દ્વારા લગાવવામાં આવેલા તમામ આરોપોને સદંતર પાયાવિહોણા અને ખોટા ગણાવી ફગાવી દીધા છે. યુક્રેનિયન સેનાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેઓ આંતરરાષ્ટ્રીય માનવીય કાયદાઓનું સખત પાલન કરે છે અને પરમાણુ સુવિધાઓ પર હુમલાના જોખમો વિશે સંપૂર્ણ સજાગ છે. યુક્રેનનું કહેવું છે કે, જે વિસ્તારની વાત થઈ રહી છે, ત્યાં હાલ કોઈ સક્રિય લડાઈ ચાલુ નથી અને કોઈપણ પ્રકારના હથિયાર કે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. યુક્રેને આ આક્ષેપોને માત્ર રશિયન પ્રોપેગન્ડા ગણાવ્યો છે, જેથી આંતરરાષ્ટ્રીય દબાણ વધારી શકાય.

### પરમાણુ દુર્ઘટનાનો કાયમી ડર

ઝાપોરિઝ્ઝયા પ્લાન્ટ માર્ચ ૨૦૨૨થી રશિયાના નિયંત્રણ હેઠળ છે અને તે યુદ્ધ મોરચાની અત્યંત નજીક આવેલો હોવાથી છેલ્લા ચાર વર્ષથી સતત તણાવનું કેન્દ્ર રહ્યો છે. આ વિસ્તારમાં વારંવાર થતા હુમલા અને વિસ્ફોટના અહેવાલો વૈશ્વિક સમુદાય માટે ગંભીર ચિંતાનો વિષય છે.

પરમાણુ મથક પાસે બન્યું સૈન્ય મથક

# ચીનનું પરમાણુ મથક પાસે ગુપ્ત સૈન્ય મથકનું નિર્માણ



(એજન્સી) બેજિંગ । તા. 31

જ્યારે સમગ્ર વિશ્વ ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચેના તણાવમાં વ્યસ્ત છે, ત્યારે ચીને પોતાની પરમાણુ ક્ષમતા વધારવા માટે એક ચોંકાવનારું પગલું ભર્યું છે. તાજેતરમાં સામે આવેલી સેટેલાઇટ તસવીરો પરથી જાણવા મળ્યું છે કે ચીન પોતાના પરમાણુ પ્લાન્ટની બાજુમાં જ એક વિશાળ અને અત્યાધુનિક સૈન્ય મથક તૈયાર કરી રહ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે, ભવિષ્યમાં જો કોઈ પરમાણુ સંઘર્ષ થાય, તો પોતાના હથિયારોને સુરક્ષિત રાખવા અને આક્રમક વળતો જવાબ આપવા માટે ચીન આ સુવિધા ઉભી કરી રહ્યું છે. આ ઘટસ્ફોટે આંતરરાષ્ટ્રીય સુરક્ષા સમીકરણોમાં હલચલ મચાવી દીધી છે.

### અંતરિયાળ વિસ્તારમાં ગુપ્ત બાંધકામ

એક આંતરરાષ્ટ્રીય એજન્સીના અહેવાલ મુજબ, ચીન શિનઝિયાંગ પ્રાંતના રણપ્રદેશમાં આ વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરી રહ્યું છે. અહીં મિસાઈલ બેઝની નજીક લોન્ચિંગ પેડ, બંકરો અને અદ્યતન કોમ્યુનિકેશન સુવિધાઓ બનાવવામાં આવી રહી છે. આ એ જ સ્થળ છે જ્યાં ચીને પોતાની લાંબી રેન્જની મિસાઈલો તૈનાત કરી છે, જે અમેરિકાના કોઈપણ શહેરને નિશાન બનાવવા માટે સક્ષમ છે. આ મિસાઈલોની રેન્જમાં ભારત પણ આવતું હોવાથી સુરક્ષાની દ્રષ્ટિએ આ એક ગંભીર બાબત માનવામાં આવે છે. સેટેલાઇટ તસવીરોમાં ૮૦થી વધુ એવી જગ્યાઓ ચિહ્નિત કરવામાં આવી છે, જેનો ઉપયોગ મોબાઈલ મિસાઈલ લોન્ચર અને એર ડિફેન્સ સિસ્ટમ માટે થઈ શકે છે.

ફેડરેશન ઓફ અમેરિકન સાયન્ટિસ્ટના સભ્ય હંસ ક્રિસ્ટેંસને આ બાબતે આશ્ચર્ય વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેમણે અગાઉ ક્યારેય આટલી વિશાળ સૈન્ય સુવિધા જોઈ નથી. આ બાંધકામ ખરેખર અસાધારણ છે. આ સમગ્ર સંકુલમાં કર્મચારીઓના રહેઠાણ, સૈન્ય વાહનો રાખવા માટેની સુવિધાઓ, હથિયારોનું સ્ટોરેજ, એરપોર્ટ અને રેલ ટર્મિનલ જેવી અત્યાધુનિક સુવિધાઓનો સમાવેશ થાય છે. હજારો વર્ગ કિલોમીટરમાં ફેલાયેલી આ સુવિધા ચીનની પરમાણુ ક્ષમતાને અનેકગણી મજબૂત બનાવશે. હવાઈના પેસિફિક ફોરમની થિંક ટેન્કના એલેક્ઝાન્ડર નીલના મતે, આટલી વિશાળ જગ્યા પર ચાલી રહેલું આ બાંધકામ ભવિષ્યના યુદ્ધ માટેની ચીનની ગંભીર તૈયારીઓ દર્શાવે છે.

અગાઉ ઈરાને પણ આ જ રીતે પાતાળમાં મોટું પરમાણુ મથક બનાવીને વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું, અને હવે ચીનનું આ ગુપ્ત પ્લાનિંગ પ્રથમ વખત સપાટી પર આવ્યું છે. ચીનના આ પગલાથી માત્ર અમેરિકા જ નહીં, પરંતુ સમગ્ર એશિયા-પેસિફિક વિસ્તારમાં સુરક્ષાનું જોખમ વધી ગયું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે હવે આ મુદ્દે વધુ તપાસ અને ચર્ચા થવાની શક્યતાઓ છે, કારણ કે ડ્રેગનની આ ગુપ્ત તૈયારીઓ ભવિષ્યના વૈશ્વિક સંઘર્ષમાં પરિવર્તન લાવી શકે છે.

### ચીનની બદલાતી રણનીતિ અને ચિંતા

સામાન્ય રીતે ચીન 'પહેલા પરમાણુ હથિયારનો ઉપયોગ નહીં કરવાની' નીતિ ધરાવે છે, પરંતુ તાઈવાન પર કબજો મેળવવાના તેના ઈરાદાઓ અમેરિકા અને અન્ય પાશ્ચાત્ય દેશો માટે ચિંતાનું કારણ બન્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે તાઈવાનના મુદ્દે કોઈપણ સંઘર્ષમાં ચીન આ સૈન્ય મથકનો ઉપયોગ કરીને આક્રમક રીતે વળતો જવાબ આપવાની તૈયારી કરી રહ્યું છે. ઈલેક્ટ્રોનિક વોરફેર, સેટેલાઇટ કોમ્યુનિકેશન અને કમાન્ડ કંટ્રોલ જેવી ફેસિલિટીઝ ચીનને યુદ્ધની પરિસ્થિતિમાં એક મોટી

## ન્યૂઝ બ્રીફ

### ઈરાનનું આરાશ શસ્ત્ર અમેરિકી ડ્રોન માટે કાળ



નવી દિલ્હી | મધ્ય પૂર્વના દેશોમાં વધી રહેલા તણાવ વચ્ચે ઈરાને એક નવું અને ઘાતક શસ્ત્ર બનાવીને દુનિયાને ચોંકાવી દીધી છે. ઈરાની સેનાએ હોર્મુઝની ખાડી પાસે અમેરિકાના કરોડો રૂપિયાના 'એમ-ક્યુ-૯ રીપર' ડ્રોનને તોડી પાડીને પોતાની રક્ષણાત્મક ક્ષમતાનો પરચો આપ્યો છે. આ કામગીરીમાં ઈરાને તેમના નવા પ્રક્ષેપ શસ્ત્ર 'આરાશ-એ-કમાનગીર'નો ઉપયોગ કર્યો હોવાના અહેવાલો છે. ઈરાની ભાષામાં 'આરાશ-એ-કમાનગીર'નો અર્થ 'તીરંદાજ' થાય છે. ઈરાની પૌરાણિક કથાઓમાં આરાશ એક એવો વીર ધનુષધારી હતો જેણે દેશના રક્ષણ માટે સર્વસ્વ હોમી દીધું હતું. આ નવા શસ્ત્રનું નામ આ મહાન નાયક પરથી રાખવામાં આવ્યું છે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ માત્ર એક સામાન્ય શસ્ત્ર નથી, પરંતુ આધુનિક યુદ્ધતંત્ર માટે એક ગેમ-ચેન્જર છે. આ સિસ્ટમ એટલી લવચીક છે કે તેને હવામાં ઉડતા પ્લેટફોર્મ અથવા જમીન પરના ટૂંકા અંતરના મિસાઈલ લોન્ચર પરથી પણ આસાનીથી છોડી શકાય છે.

### ડોનાલ્ડ ટ્રમ્પનો પોપ સામે આકરો પ્રહાર અને નિશાન



વોશિંગ્ટન | અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેટિકન ખાતે પોપ લિયો ચૌદમા અને ચિકાગોના મેયર બ્રાન્ડન જોન્સન વચ્ચે થયેલી તાજેતરની મુલાકાતને લઈને આકરા શબ્દોમાં પ્રહાર કર્યો છે. આ રાજદ્વારી બેઠક બાદ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોતાની નારાજગી વ્યક્ત કરતા ચિકાગોના મેયરને "નકામા" ગણાવ્યા હતા અને પોપ પર નિશાન સાધ્યું હતું. પોતાના સોશિયલ મીડિયા મંચ પર ટ્રમ્પે લખ્યું હતું કે, "કોઈએ પોપને સમજાવવું જોઈએ કે ચિકાગોના મેયર નકામા છે અને ઈરાન પાસે પરમાણુ હથિયાર ન હોઈ શકે!" ટ્રમ્પે મેયર જોન્સનની વેટિકન મુલાકાતની તસવીરો પણ શેર કરી હતી, જેમાં મેયર પોપને ચિકાગોનો મ્યુનિસિપલ ધ્વજ ભેટ આપતા જોવા મળે છે. વળી, એક તસવીરમાં તેઓ ચિકાગો કબ્સ ટીમની ટોપી સાથે પોઝ આપતા પણ દેખાયા હતા. મહત્વનું છે કે પોપ લિયો ચૌદમા પોતે ચિકાગોમાં જન્મેલા પ્રથમ અમેરિકન પોપ છે. આ આકરા વલણ સાથે ટ્રમ્પ અને પોપ વચ્ચેનો લાંબા સમયથી ચાલતો વિવાદ ફરી એકવાર તાજો થયો છે. ટ્રમ્પે અગાઉ પણ પોપની ઈરાન સાથેના લશ્કરી સંઘર્ષના વિરોધ કરવાના વલણ અંગે ટીકા કરી હતી. ટ્રમ્પના મતે, પોપનું વલણ ઈરાનને પરમાણુ ક્ષમતા મેળવવા માટે અનુકૂળ જણાય છે, જે તેમણે સ્વીકાર્ય નથી.

મિસાઈલથી એન્જિન રૂમ નષ્ટ

# ઓમાનની ખાડીમાં જહાજ પર US નું મિસાઈલ હુમલો, ચેતવણી ન માનતા જહાજ થયું ઠપ

(એજન્સી) ઓમાનની ખાડી । તા. 31

ઓમાનની ખાડીમાં હાલ તણાવપૂર્ણ સ્થિતિ જોવા મળી રહી છે, જ્યાં અમેરિકન સેનાએ દરિયાઈ નાકાબંધીના નિયમોનું ઉલ્લંઘન કરનાર એક વ્યાવસાયિક જહાજ વિરુદ્ધ મોટી સૈન્ય કાર્યવાહી હાથ ધરી છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ગાંબિયાના ધ્વજ હેઠળ આગળ વધી રહેલું 'એમ/વી લિયાન સ્ટાર' નામનું જહાજ ઈરાનના બંદર તરફ જઈ રહ્યું હતું, જેને અમેરિકન દળોએ આંતરરાષ્ટ્રીય જળસીમામાં રોકીને નિષ્ક્રિય કરી દીધું છે. આ ઘટનાએ ક્ષેત્રમાં ચાલી રહેલી સુરક્ષા વ્યવસ્થા અને અમેરિકાની કડક નાકાબંધીની નીતિને ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં મૂકી દીધી છે.




### ચેતવણીઓની અવગણના અને જવાબદારી

સૂત્રોના જણાવ્યા મુજબ, અમેરિકન સુરક્ષા દળોએ જહાજની શંકાસ્પદ હિલચાલ પારખી લીધી હતી. જહાજને રોકવા માટે સેન્ટકોમ દ્વારા રેડિયો સંદેશાના માધ્યમથી ૨૦ થી વધુ વખત કડક ચેતવણીઓ આપવામાં આવી હતી. જહાજના ક્રૂ મેમ્બર્સને સ્પષ્ટ શબ્દોમાં ચેતવવામાં આવ્યા હતા કે તેમનો આ પ્રવાસ અમેરિકા દ્વારા લાદવામાં આવેલી દરિયાઈ નાકાબંધીનું સીધું ઉલ્લંઘન છે. તેમ છતાં, જહાજના સંચાલકોએ આ ચેતવણીઓને સતત નજરઅંદાજ કરી અને જહાજને ઈરાન તરફ આગળ વધારવાનું ચાલુ રાખ્યું હતું.

### મિસાઈલ હુમલા દ્વારા જહાજ નિષ્ક્રિય

અમેરિકન સેનાએ જહાજને રોકવાના અંતિમ પ્રયાસ તરીકે સૈન્ય કાર્યવાહીનો આદેશ આપ્યો. અમેરિકન વાયુસેનાના એક ફાઈટર વિમાન દ્વારા અત્યંત ઘાતક 'હેલફાયર મિસાઈલ' દાગવામાં આવી હતી. આ મિસાઈલે સીધા જહાજના એન્જિન રૂમને નિશાન બનાવ્યું હતું. આ હુમલાને કારણે એન્જિન રૂમ સંપૂર્ણપણે નાશ પામ્યો છે અને જહાજ સમુદ્રની અધવચ્ચે જ ખોરવાઈ ગયું છે. નિષ્ણાતોના મતે, આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય જહાજને આગળ વધતું અટકાવવાનો અને નાકાબંધીના નિયમોનો ભંગ કરનારાઓ માટે દાખલો બેસાડવાનો હતો.

### યુદ્ધવિરામ છતાં કડક સિક્યોરિટી

વર્તમાન સ્થિતિ અંગે સ્પષ્ટતા કરતા અમેરિકન અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈરાન સાથે સીઝફાયર (યુદ્ધવિરામ) લાગુ હોવા છતાં, સમુદ્રમાં સુરક્ષાના નિયમોનું કડક પાલન કરાવવું અત્યંત જરૂરી છે. અમેરિકન નૌકાદળ અને વાયુસેના આ વિસ્તારમાં ચોતરફ કડક નજર રાખી રહી છે. આંકડાઓ દર્શાવે છે કે આ મિશન હેઠળ અત્યાર સુધીમાં નિયમો તોડનારા કુલ ૫ કોમર્શિયલ જહાજોને આ જ રીતે મિસાઈલ કે અન્ય સૈન્ય કાર્યવાહી દ્વારા નિષ્ક્રિય કરવામાં આવ્યા છે. વધુમાં, નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહેલા ૧૧૬ જેટલા અન્ય જહાજોને અટકાવીને તેમનો દરિયાઈ માર્ગ બદલવાની ફરજ પાડવામાં આવી છે.

આ ઘટના સાબિત કરે છે કે ઓમાનની ખાડીમાં અમેરિકા પોતાની વ્યૂહાત્મક પકડ જાળવી રાખવા મક્કમ છે. જહાજો દ્વારા થતી ગેરકાયદેસર હિલચાલ પર લગામ લગાવવા માટે અમેરિકન સેના કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવા તૈયાર નથી. હાલમાં નિષ્ક્રિય થયેલા જહાજને લઈને વધુ વિગતોની તપાસ કરવામાં આવી રહી છે. આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર વધતી જતી આ સૈન્ય ગતિવિધિઓ વૈશ્વિક વેપાર અને દરિયાઈ સુરક્ષા માટે એક ગંભીર અને ચિંતાનો વિષય બની રહી છે.

## ગ્રીન કાર્ડ મેળવવા હવે વતન પરત ફરવું નહીં પડે, ભારતીય કુટુંબોને રાહત મળવાની નવી આશા જાગી

(એજન્સી) વોશિંગ્ટન । તા. 31

અમેરિકામાં કાયમી વસવાટનું સપનું જોતા લાખો ઈમિગ્રન્ટ્સ માટે ઈમિગ્રેશન વિભાગે મોટી રાહતના સમાચાર આપ્યા છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (ડીએચએસ) એ સ્પષ્ટતા કરી છે કે ગ્રીન કાર્ડ મેળવવા ઈચ્છુક તમામ ઈમિગ્રન્ટે પોતાની અરજી માટે તેમના મૂળ વતન દેશમાં પરત જવાની ફરજ નહીં પડે. આ જાહેરાત બાદ ઈમિગ્રેશન સમુદાયમાં ફેલાયેલી ચિંતાના મોજાં શાંત થયા છે.

તાજેતરમાં જ ઈમિગ્રેશન વિભાગના એક મેમોને લઈને ભારે હોબાળો થયો હતો, જેમાં એવી ચર્ચા હતી કે પરમેનન્ટ રેસિડેન્સી ઈચ્છતા લોકોએ ફરીથી વતન જઈને ગ્રીન કાર્ડ માટે રાહ જોવી પડશે. જોકે, હવે ડીએચએસના પ્રવક્તાએ આ સ્પષ્ટતા કરી છે કે આ કોઈ નવી નીતિ નથી, પરંતુ ઈમિગ્રેશન ઓફિસરોને તેમની સત્તા અને વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવા માટે અપાયેલું માત્ર એક રિમાઈન્ડર હતું. પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ઓફિસર હંમેશા દરેક કેસના ગુણ-દોષના આધારે જ નિર્ણય લે છે.

વિભાગે વધુમાં જણાવ્યું હતું કે આ મેમો વિઝા માળખામાં કોઈ મોટું પરિવર્તન લાવતો નથી. આ નિર્ણયની અસર માત્ર એવા લોકો પર જ પડી શકે છે જેઓએ વિઝાની મુદત પૂરી થયા પછી પણ ગેરકાયદેસર રીતે વધુ સમય રોકાણ કર્યું હોય અથવા જેઓ મોટાપાયે જાહેર સહાય કે સરકારી ગ્રાન્ટ પર નિર્ભર હોય. બાકીના સામાન્ય અરજદારો માટે પ્રક્રિયા પહેલાની જેમ જ યથાવત રહેશે. હોમલેન્ડ સિક્યોરિટીના ડેટા મુજબ, ૨૦૨૪માં ૧૪ લાખ લોકોને ગ્રીન કાર્ડ મળ્યા હતા, જેમાંથી ૮.૨ લાખ લોકોએ અમેરિકામાં રહીને જ 'સ્ટેટસ એડજસ્ટમેન્ટ' પ્રક્રિયા દ્વારા ગ્રીન કાર્ડ મેળવ્યું હતું.

## પાકિસ્તાનમાં ઈંધણના ભાવમાં રૂ.૨૨નો મોટો ઘટાડો, ભૂતકાળના તોતિંગ વધારા સામે રાહત નહીવત

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 31

પાકિસ્તાન સરકારે ઈંધણના ભાવમાં સતત બીજા સપ્તાહે મોટો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલા કડાકાને પગલે પાકિસ્તાન સરકારે પેટ્રોલ અને હાઈ-સ્પીડ ડીઝલ બંનેના ભાવમાં પ્રતિ લિટર ૨૨ રૂપિયાનો ઘટાડો કર્યો છે. આ પગલા બાદ પાકિસ્તાનની જનતાને મોંઘવારીમાં સામાન્ય રાહતની આશા બંધાઈ છે, પરંતુ સ્થિતિ હજુ પણ ગંભીર છે.

પાકિસ્તાનના પેટ્રોલિયમ વિભાગના જણાવ્યા અનુસાર, નવી કિંમતો ૩૦ મેથી અમલી બની છે. આ ઘટાડા બાદ હવે પાકિસ્તાનમાં એક લિટર પેટ્રોલની કિંમત ૩૮૦ પાકિસ્તાની રૂપિયા અને હાઈ-સ્પીડ ડીઝલની કિંમત ૩૮૧ પાકિસ્તાની રૂપિયા થઈ ગઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઓઈલ એન્ડ ગેસ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ, કેરોસીનના ભાવમાં પણ મોટો ઘટાડો કરાયો છે. કેરોસીનનો ભાવ પ્રતિ લિટર ૩૧૩.૪૪ રૂપિયાથી ઘટાડીને ૨૭૨ રૂપિયા કરવામાં આવ્યો છે. આ અગાઉ ગયા સપ્તાહે પણ સરકારે ભાવમાં ૬ થી ૭ રૂપિયાનો ઘટાડો કર્યો હતો.



નિષ્ણાતોના મતે, વૈશ્વિક સ્તરે બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવમાં એક જ સપ્તાહમાં ૧૧ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે. ઈરાન અને અમેરિકા વચ્ચે શાંતિ સમજૂતી માટેની હિલચાલ શરૂ થતાં અને અમેરિકા આ પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યું હોવાના અહેવાલોને પગલે વૈશ્વિક બજાર શાંત પડ્યું છે. જોકે, હોર્મોઝની ખાડી મામલે હજુ પણ બંને દેશો વચ્ચે તણાવ યથાવત છે, જેના કારણે ભવિષ્યમાં ઈંધણના ભાવમાં અનિશ્ચિતતા રહેવાની શક્યતા છે.

પાકિસ્તાન સરકારે ભલે છેલ્લા બે સપ્તાહમાં આ આંશિક રાહત આપી હોય, પરંતુ ગત માર્ચ અને એપ્રિલ મહિનામાં જનતા પર મોંઘવારીનો જે માર ઝીંકવામાં આવ્યો હતો તેની સામે આ રાહત 'ઊંટના મોંમાં જીરું' સમાન છે. ઈરાન-ઈઝરાયલ સંઘર્ષ શરૂ થતાં ગત ૬ માર્ચે પાકિસ્તાન સરકારે એક ઝાટકે પેટ્રોલ-ડીઝલમાં ૫૫ રૂપિયાનો તોતિંગ વધારો કર્યો હતો. ત્યારબાદ ૨ એપ્રિલે ફરી પેટ્રોલમાં ૪૩ ટકા અને ડીઝલમાં ૫૫ ટકાનો અસહ્ય ભાવવધારો ઝીંકી દેવાયો હતો. પરિણામે, હાલના ૨૨ રૂપિયાના ઘટાડા છતાં સામાન્ય નાગરિકો માટે ઘરખર્ચ ચલાવવો હજુ પણ એક પડકારરૂપ કાર્ય બની રહ્યું છે.

ફિલ્મ | માત્ર ૨૦૦૦ ડોલરમાં તૈયાર થઈ ફિલ્મ, ઈરાની ભાઈઓની અનોખી એઆઈ કળાનું પ્રદર્શન

## ટ્રાઈબેકા ફેસ્ટિવલમાં એઆઈ ફિલ્મનો દબદબો વધ્યો

(એજન્સી) ન્યૂ યોર્ક । તા. 31

વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ મહોત્સવોમાંના એક ગણાતા 'ટ્રાઈબેકા ફિલ્મ ફેસ્ટિવલ'માં આ વર્ષે એક અનોખી ફિલ્મે સૌનું ધ્યાન ખેંચ્યું છે. 'ડ્રીમ્સ ઓફ વાયોલેટ' નામની ૭૫ મિનિટ લાંબી આ ફિલ્મ સંપૂર્ણપણે કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે એઆઈ (AI) દ્વારા નિર્મિત છે. ૨૦૦૨માં જાણીતા અભિનેતા રોબર્ટ ડી નીરો અને નિર્માતા જેન રોસેન્થલ દ્વારા સ્થાપિત આ ફેસ્ટિવલમાં આ પ્રકારના પ્રયોગને સ્થાન મળવું તે સિનેમા જગત માટે એક નવી દિશા સૂચવે છે. આ ફિલ્મ ઈરાનમાં થયેલા નાગરિક વિરોધ અને દમનની હૃદયદ્રાવક ઘટનાઓ પર આધારિત છે, જેણે દર્શકો અને વિવેચકોમાં ભારે ઉત્સુકતા જગાડી છે.

આ ફિલ્મનું નિર્માણ ઈરાનમાં જન્મેલા બે ભાઈઓ એશ કુશા અને પુયા કુશા દ્વારા કરવામાં આવ્યું છે. તેઓ જણાવે છે કે આ ફિલ્મ બનાવવાની પ્રક્રિયા પરંપરાગત સિનેમા કરતા સાવ અલગ હતી. આ ફિલ્મમાં કોઈ કેમેરાનો ઉપયોગ થયો નથી, કોઈ અભિનેતાને હાયર કરવામાં આવ્યા નથી અને કોઈ શૂટિંગ સેટની પણ જરૂર પડી નથી. કુશા ભાઈઓએ સૌપ્રથમ પાત્રોના અવાજ રેકોર્ડ કર્યા અને ત્યારબાદ વિવિધ એઆઈ સાધનોનો ઉપયોગ કરીને ચહેરા, દ્રશ્યો અને વીડિયો તૈયાર કર્યા. ખાસ વાત એ છે કે આખી ફિલ્મ માત્ર ૨,૦૦૦ ડોલરના અલ્પ ખર્ચે અને માત્ર બે થી ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં તૈયાર કરવામાં આવી છે. આ માટે ગૂગલના ઈમેજ જનરેશન ટૂલ્સ, ક્લિંગ એઆઈ અને એન્થ્રોપિકના ક્લોડ જેવા આધુનિક પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.



એશ કુશા અને પુયા કુશાએ ૨૦૦૯માં ઈરાન છોડ્યું હતું અને ત્યારબાદ તેમણે ટેકનોલોજી તેમજ એઆઈ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. તેમણે પોતાની કંપની 'ફાઉન્ટેન ૦'ની સ્થાપના કરી હતી. જાન્યુઆરી ૨૦૨૬માં તહેરાનમાં થયેલા વિરોધ પ્રદર્શનો પર તેઓ એક ફિલ્મ બનાવવા માંગતા હતા, પરંતુ ઈરાનમાં પ્રવેશ પ્રતિબંધિત હોવાથી અને ત્યાં શૂટિંગ કરવું અશક્ય હોવાથી તેમણે એઆઈનો સહારો લીધો. તેમના માટે વાસ્તવિક સ્થળોએ શૂટિંગ કરવું અશક્ય હતું, પરંતુ એઆઈ ટેકનોલોજીએ તેમને તે દ્રશ્યો જીવંત કરવાની તક આપી. આ અનોખા સર્જનનું પ્રીમિયર આગામી ૧૦ જૂનના રોજ યોજાવા જઈ રહ્યું છે. આ ફિલ્મ માત્ર એક કલાત્મક કૃતિ નથી, પરંતુ તે સિનેમા નિર્માણના ભવિષ્યની એક ઝલક છે. સામાન્ય રીતે લાખો ડોલરનો ખર્ચ અને સેંકડો લોકોની ટીમ જે કામ કરે છે, તે કામ હવે એઆઈ સાધનોની મદદથી ખૂબ જ ઓછા ખર્ચે શક્ય બની રહ્યું છે.

## રશિયા અને તાલિબાનની સૈન્ય સમજૂતીથી હલચલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

દક્ષિણ એશિયાના ભૂ-રાજકીય નકશા પર એક મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. રશિયા અને તાલિબાન વચ્ચે થયેલી ઐતિહાસિક સૈન્ય સમજૂતીએ સમગ્ર ક્ષેત્રની રાજનીતિમાં મોટી હલચલ પેદા કરી દીધી છે. અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારના આગમનના ટૂંકા ગાળામાં જ રશિયાનું આ પગલું અનેક તર્ક-વિતર્ક જગાવી રહ્યું છે. આ સમજૂતીને કારણે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સ્તરે એકલું પડી ગયું હોય તેમ જણાય છે, જ્યારે ભારત માટે આ બદલાતી પરિસ્થિતિ વ્યૂહાત્મક રીતે મહત્વની બની શકે છે.

મીડિયા અહેવાલ મુજબ, બુધવારે મોસ્કોમાં આયોજિત ઈન્ટરનેશનલ સિક્યોરિટી ફોરમ દરમિયાન આ મહત્વપૂર્ણ કરાર થયો હતો. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રી મોહમ્મદ યાકુબ અને રશિયાની સુરક્ષા પરિષદના સચિવ સર્ગેઇ શોઇગુ વચ્ચે આ સૈન્ય સહયોગ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જોકે, આ કરારની વિગતો હજુ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી, પરંતુ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ સમજૂતી સૈન્ય તાલીમ અને સંરક્ષણ ક્ષેત્રે પરસ્પર સહયોગ વધારવા પર કેન્દ્રિત છે.

રશિયાનું આ પગલું પાકિસ્તાન માટે એક મોટો આંચકો છે. વર્ષોથી અફઘાનિસ્તાન પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખનાર પાકિસ્તાન હવે આ નવી પરિસ્થિતિમાં 'ક્લીન બોલ્ડ' થઈ ગયું હોય તેવી સ્થિતિ છે. અફઘાનિસ્તાન અને રશિયા વચ્ચેના સીધા સૈન્ય જોડાણને કારણે પાકિસ્તાનની પ્રાદેશિક સુરક્ષા ચિંતાઓ વધી ગઈ છે. આ કરારથી સાબિત થાય છે કે અફઘાનિસ્તાન હવે પાકિસ્તાનની મર્યાદાઓથી બહાર નીકળીને સ્વતંત્ર વ્યૂહાત્મક ભાગીદારી કરી રહ્યું છે.

## વાતાવરણમાં પલટો : - ઉત્તર પ્રદેશ, બિહારમાં વીજળી ઠપ, ઉત્તર ભારતમાં અનેક ટ્રેનો રદ્

# રાજસ્થાનમાં રેતીનું તોફાન, દિલ્હીમાં આંધી : દેશમાં વરસાદે 21નો ભોગ લીધો

### વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઉત્તર, મધ્ય ભારતમાં લૂથી રાહત : પ.ભારતમાં વાદળછાયું વાતાવરણ રહેતાં દિવસો પછી ગરમી ઘટી



**(એજન્સી) નવી દિલ્હી | તા.31**

દેશમાં અનેક રાજ્યોના વાતાવરણમાં પલટો આવ્યો હતો. રાજસ્થાનમાં રેતીનું તોફાન ત્રાટક્યું હતું અને ૧૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. દિલ્હીમાં આંધી સાથે વરસાદ પડ્યો હતો. પંજાબ અને હરિયાણામાં કેટલાય સ્થળોએ કરાં પડયા હતા. ઉત્તર પ્રદેશમાં સાત, બિહારમાં સાત, ઝારખંડમાં પાંચ અને ઉત્તરાખંડમાં રના મોત થયા હતા. મોટાભાગના મોત વીજળી પડવાથી થતાં સરકારે લોકોને બહાર ન નીકળવાની તાકીદ કરી હતી. અનેક રાજ્યોમાં ગરમીથી લોકોને રાહત મળી હતી.રાજસ્થાનમાં એકાએક વાતાવરણ બદલાયું હતું અને રેતીનું તોફાન ત્રાટક્યું હતું. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ચુરુ, બિકાનેર, હનુમાનગઢ, શ્રીગંગાનગર, અલ્વર જેવા કેટલાય જિલ્લાઓમાં આંધીની અસર થઈ હતી. કેટલાક સ્થળોએ ૭૦થી ૯૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. તો કેટલાક વિસ્તારોમાં તો હવાની તીવ્રતા ૧૦૦ નોંધાઈ હતી. કેટલાય શહેરોમાં ધૂળની ડમરી ઉઠતા જનજીવનને વ્યાપક અસર થઈ હતી.આ આંધીની અસર દિલ્હીમાં પણ જોવા મળી હતી. ભલે એની તીવ્રતા રાજસ્થાન જેવી ન હતી છતાં વરસાદ સાથે આંધી ઉઠતા રેડ અને ઓરેન્જ એલર્ટ અપાયો હતો. દિલ્હીમાં પણ ૭૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ જેવા કેટલાય રાજ્યોમાં વરસાદ પડયો હતો. ઘણાં રાજ્યોમાં કરા પણ પડયા હતા. ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી અને વરસાદના કારણે થયેલા અકસ્માતોમાં વધુ સાતના મોત થયા હતા. બિહારમાં પણ વીજળી પડવાથી સાત લોકોનો ભોગ લેવાયો હતો, જ્યારે ઝારખંડમાં વીજળી પડતાં પાંચનાં મોત થયા હતા. ઉત્તરાખંડમાં રૂદ્રપ્રયાગમાં બે સગા ભાઈઓના મોત થયા હતા.ઉત્તર ભારતમાં ભારે વરસાદના કારણે ઘણી ટ્રેનો રદ્ કરવાની ફરજ પડી હતી તો ઘણી ટ્રેનોને ડીલે કરવામાં આવી હતી. લખનઉનું વાતાવરણ ખરાબ હોવાથી ઘણી ફ્લાઈટ્સ ડાઈવર્ટ કરવી પડી હતી. વૃક્ષો ધરાશાયી થતાં ઘણાં રસ્તાઓ પણ બંધ થયા હતા.

# બંગલો ખાલી નહીં કરું, થાય તે કરી લો રાબડીની ધમકી બાદ પોલીસ પહોંચી



પટણા : બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીએ સરકારી બંગલો ખાલી કરવાની ના પાડી દીધી હતી સાથે જ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને ખુલ્લી ચેલેન્જ આપતા કહ્યું હતું કે જેટલા દળો કે પોલીસને મોકલવી હોય એટલી મોકલો હું આ મકાન ખાલી નહીં કરું. રાબડી દેવીના આ વલણ બાદ મોટી સંખ્યામાં પોલીસ તેમના નિવાસ સ્થાને પહોંચી ગઇ હતી. જેથી હવે આ મુદ્દે બિહારનું રાજકારણ ગરમાયું છે. બિહાર વિધાનસભા પરિષદમાં વિપક્ષના નેતા રાબડી દેવી, આરજેડીના વડા લાલુ પ્રસાદ યાદવ, તેજસ્વી યાદવ સહિત પુરો પરિવાર પટનાના ૧૦ સર્ક્યુલર રોડ સ્થિત બંગલામાં બે દસકાથી રહે છે. જેને ખાલી કરવા માટે સરકાર તરફથી નોટિસ ફટકારવામાં આવી હતી, જોકે આ બંગલો ખાલી કરવાની રાબડી દેવીએ સ્પષ્ટ ના પાડી દીધી છે સાથે જ જેટલી ફોર્સ બોલાવવી હોય બોલાવી લોની ધમકી પણ આપી છે. રાબડી દેવી અને તેમનો પુરો પરિવાર હાલ જે સરકારી બંગલામાં રહે છે તેને વર્તમાન રાજ્ય સરકારના મંત્રી નંદકિશોર રામને ફાળવવામાં આવ્યો છે. રાબડી દેવીને નિયમ મુજબ અન્ય સ્થળે મકાન ફાળવવામાં આવ્યું છે જેનો સ્વીકાર કરવાની તેમણે ના પાડી દીધી છે. બીજી તરફ બિહારમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સંજય સરાવગીએ કહ્યું હતું કે સરકારી મકાન કોઇ ખાનગી સંપત્તિ નથી, બિહારમાં કાયદાનું શાસન છે, એવામાં કોઇ પૂર્વ મુખ્યમંત્રી જ કેમ ના હોય નિયમોનું પાલન તેમણે પણ કરવું જ પડે. રાબડી દેવી ૧૯૯૭થી ૨૦૦૫ સુધી એટલે કે આઠ વર્ષ સુધી બિહારના મુખ્યમંત્રી રહ્યા, આ બંગલો અગાઉની નિતિશ કુમારની સરકાર દ્વારા રાબડી દેવીને ફાળવવામાં આવ્યો હતો. હવે બિહારમાં ભાજપના મુખ્યમંત્રી છે એવામાં આ બંગલો ખાલી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. હાલ મોટી સંખ્યામાં આ બંગલામાં પોલીસે પ્રવેશ કર્યો છે, રાબડી દેવીને મનાવવા પ્રયાસ થઇ રહ્યો છે. જો તેઓ નહીં માને તો બળજબરીથી તેમને મકાન ખાલી કરાવવામાં આવી શકે છે.

## News Brief

### કર્ણાટકમાં નદીમાં ડૂબતી બાળકીનો જીવ બચી ગયો, પણ તેને બચાવવા કૂદેલા 5 યુવકોના મોત



**(એજન્સી) કર્ણાટક | તા.31**

તુંગભદ્રા નદીના કિનારે લોકોની અવરજવર હતી. આ દરમિયાન એક સગીર વયની બાળકી નદીના કિનારે પોતાના પગ ધોઈ રહી હતી. અચાનક તેનું સંતુલન બગડતાં તે લપસીને નદીના ઊંડા પાણીમાં પડી ગઈ હતી અને જોતજોતામાં નદીના તેજ પ્રવાહમાં વહેવા લાગી હતી. બાળકીને ડૂબતી જોઈને કિનારે હાજર લોકોમાં ભારે અફરાતફરી અને ચીસાચીસ મચી ગઈ હતી. બાળકીનો જીવ જોખમમાં જોઈને ત્યાં હાજર લોકો પાસે વિચારવાનો બિલકુલ સમય નહોતો. તેને બચાવવા માટે પહેલા એક વ્યક્તિએ નદીમાં છલાંગ લગાવી હતી. ત્યારબાદ તેને સહકાર આપવા અને બાળકીને ખેંચવા માટે બીજો, ત્રીજો એમ જોતજોતામાં કુલ પાંચ લોકો નદીના ધસમસતા પ્રવાહમાં કૂદી પડ્યા હતા. આ લોકોની ભારે જહેમત બાદ બાળકીને તો સહીસલામત નદીમાંથી બહાર કાઢી લેવામાં આવી હતી, પરંતુ નદીનો તેજ પ્રવાહ આ પાંચેય લોકો પર ભારે પડી ગયો હતો. નદીના ઊંડાણ અને જોરદાર કરંટમાં ફસાઈ જવાને કારણે પાંચેય જણા પાણીમાં લાપતા થઈ ગયા હતા.આ ઘટનાની જાણ વાયુવેગે પંથકમાં ફેલાઈ જતાં આસપાસના ગામના લોકો મોટી સંખ્યામાં નદી કિનારે ઉમટી પડ્યા હતા અને પીડિત પરિવારોમાં ભારે ચીસાચીસ અને રૂદન મચી ગયું હતું.

## ભાજપના દબાણમાં ડિસ્ચાર્જ કરવાનો આક્ષેપ, 'લોકશાહીની હત્યા': મમતા બેનરજી

# 'ભગવાન તમને માફ નહીં કરે, અમે જોઈ લઈશું...': હોસ્પિટલ પ્રશાસન પર ભડક્યા મમતા બેનરજી

**(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.31**

પશ્ચિમ બંગાળમાં રાજકીય હિંસા અને નિવેદનબાજી રોકાવાનું નામ નથી લઈ રહી. શનિવારે ટીએમસી નેતા અભિષેક બેનરજી પર સોનારપુરમાં ઉગ્ર ભીડ દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને ઈંડા ફેંકવામાં આવ્યા હતા, જેમાં તેઓ ઘાયલ થયા હતા. સુરક્ષાકર્મીઓએ માંડ-માંડ તેમને હેલ્મેટ પહેરાવીને ભીડમાંથી બહાર કાઢ્યા હતા. આ ઘટના બાદ અભિષેક બેનરજીને કોલકાતાની 'બેલ વ્યુ' હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હવે આ હોસ્પિટલના વહીવટી સ્ટાફ સાથે પૂર્વ સીએમ મમતા બેનરજીની વાતચીતનો એક કથિત ઓડિયો વાયરલ થતાં હલચલ મચી ગઈ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા કથિત ઓડિયોમાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજી હોસ્પિટલના સીઈઓ મિસ્ટર ટંડનને બાંગ્લા અને અંગ્રેજી મિક્સ ભાષામાં ધમકાવતા સાંભળવા મળી રહ્યા છે. ઓડિયો અનુસાર મમતા બેનરજી કહી રહ્યા છે કે, "મિસ્ટર ટંડન, આઈ એમ સોરી, પણ તમે ખોટું કામ કર્યું છે.



યાદ રાખો કે અમે તમારી કેટલી મદદ કરી છે. ભગવાન તમને ક્યારેય માફ નહીં કરે. તમે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છો, તમને શરમ આવવી જોઈએ. દરેક વ્યક્તિ તમારા આ અહંકારને યાદ રાખશે." આગળ તેઓ કહે છે કે, "તમે હોસ્પિટલ ચલાવી રહ્યા છો અને અત્યારે કેન્દ્રમાં ભાજપની સરકાર છે. કાલે જો કેન્દ્ર સરકાર નહીં હોય, તો અમે આ બાબતનું ધ્યાન રાખી લઈશું (We will take care of it)."આ ઓડિયો સામે આવ્યા પહેલા પણ મમતા બેનરજીએ મીડિયા સમક્ષ હોસ્પિટલ પ્રશાસન અને કાયદો-વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપના દબાણમાં આવીને હોસ્પિટલે અભિષેક બેનરજીને અધૂરી સારવારે ડિસ્ચાર્જ કરી દીધા છે. મમતા બેનરજીએ સવાલ કર્યો કે, "જો અભિષેકની હાલત ગંભીર નહોતી તો તેમને આઈટીયુ (ITU) માં કેમ રાખવામાં આવ્યા હતા? અને જો તેઓ ગંભીર હતા, તો આટલી ઉતાવળમાં કેમ છોડી દેવાયા?"

પૂર્વ મુખ્યમંત્રીએ આ સમગ્ર ઘટનાને લોકશાહીની હત્યા ગણાવી છે. તેમણે જણાવ્યું કે અભિષેક બેનરજીના શરીરમાં લોહીના ગંઠાવા (Blood Clots) જામી ગયા છે. જો હુમલા સમયે તેમણે હેલ્મેટ ન પહેર્યું હોત તો તેમનું મોત પણ થઈ શકત. હવે અભિષેકની સારવાર ઘરે જ હોસ્પિટલની જેમ ઓક્સિજન સિલિન્ડર અને જરૂરી તબીબી સાધનો ગોઠવીને કરવામાં આવશે અને જો તેમને કંઈ પણ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી હોસ્પિટલ પ્રશાસનની રહેશે. મમતા બેનરજીએ બંગાળના સ્થાનિક ભાજપ નેતાઓ પર નિશાન સાધતા કહ્યું કે દિલ્હીના નેતાઓ કરતાં બંગાળના નેતાઓ વધુ ખરાબ છે, સાથે જ તેમણે રાજ્યની સીઆઈડી (CID) ને પણ ડરપોક ગણાવી છે.

## દિલ્હીમાં આઇએસઆઇ-અન્ડરવર્લ્ડ માટે કામ કરતા 9 આતંકી ઝડપાયા

નવી દિલ્હી : રાજધાની દિલ્હીમાં સુરક્ષા એજન્સીઓએ એક મોટા આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કરીને નવ આતંકીઓની ધરપકડ કરી છે. આતંકવાદીઓ સામે આ કાર્યવાહીને મોટી સફળતા માનવામાં આવે છે. ધરપકડ કરાયેલા આ આતંકવાદીઓ પાકિસ્તાન સ્થિત આઈએસઆઈ અને આંતરરાષ્ટ્રીય અન્ડરવર્લ્ડ નેટવર્કના આદેશ પર કામ કરતા હતા. ધરપકડ કરાયેલા આતંકીઓ દેશમાં વીજ પુરવઠો ખોરવવા માટે વીજળી ઉત્પાદન અને વિતરણ કેન્દ્રોને નિશાન બનાવવાની તૈયારીમાં હતા. ધરપકડ કરાયેલા આતંકીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે આ આતંકીઓના નેટવર્કનો એક હિસ્સો દાઉદ ઈબ્રાહિમના ઈશારા પર કામ કરતો હતો. જ્યારે નેટવર્કનું બીજુ જૂથ પાકિસ્તાનમાં સક્રિય શહઝાદ ભટ્ટીના ઈશારા પર કામ કરતું હતું. આ પુરા કાવતરા પાછળ માસ્ટરમાઈન્ડ તરીકે પાક.ની જાસૂસી સંસ્થા આઈએસઆઈનો હાથ હોવાનું પણ સામે આવ્યું છે. આ મામલામાં એક જસવીર ચૌધરી નામનો પાકિસ્તાની એજન્ટ પણ સામેલ છે. તેણે પોતાના સાથીઓ સાથે મળીને પાક. માંથી ડ્રોનની મદદથી હથિયારો ભારતમાં મંગાવ્યા હતા. તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ તમામ આરોપીઓની ધરપકડ દિલ્હી, મુંબઇ, રાજસ્થાન અને પંજાબમાંથી કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આ આતંકીઓની પાસેથી આધુનિક વિદેશી હથિયારો, ગ્રેનેડ અને વિસ્ફોટક સામગ્રી જપ્ત કરવામાં આવી છે.

## 240 કિ.મી. દૂરથી આવેલી વિદ્યાર્થિની 20 મિનિટ મોડી પડતાં પરીક્ષામાં એન્ટ્રી ન મળી, ધ્રુસકે-ધ્રુસકે રડી



**(એજન્સી) નવી દિલ્હી | તા.31**

સ્પર્ધાત્મક પરીક્ષાઓના કડક નિયમો ક્યારેક વિદ્યાર્થીઓ માટે કેટલા આકરા સાબિત થાય છે તેનો એક જીવંત અને આઘાતજનક વીડિયો જયપુરથી સામે આવ્યો છે. રાજસ્થાન લોક સેવા આયોગ (RPSC) દ્વારા આયોજિત સ્કૂલ લેક્ચરર (શિક્ષક) ભરતી પરીક્ષાના પ્રથમ દિવસે જયપુરના ગાંધીનગર સ્થિત એક પરીક્ષા કેન્દ્રની બહાર એક વિદ્યાર્થિની ધ્રુસકે-ધ્રુસકે રડતી જોવા મળી હતી. આ વિદ્યાર્થિની છેલ્લા એક વર્ષથી આ ભરતી પરીક્ષાની રાત-દિવસ તૈયારી કરી રહી હતી. પીડિત વિદ્યાર્થિનીએ જણાવ્યું કે તે આ પરીક્ષા આપવા માટે આશરે 240 કિમી દૂર ઉત્તરીય રાજ્યના આગ્રાથી જયપુર પહોંચી હતી. પરંતુ કેન્દ્ર પર પહોંચવામાં તેને આશરે 20 મિનિટ જેટલું મોડું થઈ ગયું હતું.

## અભિષેક બેનરજી પર હુમલા મામલે 5 ની ધરપકડ, ભાજપ નેતાએ કહ્યું - હીરો બનવા કેમ ગયા?

**(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.31**



તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી પર સોનારપુરમાં થયેલા કથિત હુમલા અને ગેરવર્તણૂકના મામલામાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. સોનારપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ કાર્યવાહી કરતા પોલીસે હુમલો કરનારા અને ઘેરાવ કરનારા 5 સ્થાનિક લોકોની ધરપકડ કરી લીધી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ લોકોએ અભિષેક બેનરજીની મુલાકાત દરમિયાન તેમનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને અપશબ્દો બોલ્યા હતા.બીજી તરફ, આ ઘટનાના વિરોધમાં ટીએમસીના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હુગલી જિલ્લાના ચુંચુડામાં પાર્ટીના પૂર્વ ધારાસભ્ય અસિત મજુમદારની આગેવાનીમાં કાર્યકરોએ પીપુલપાતી મોડ પર રસ્તા ચક્કાજામ કરીને જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પ્રદર્શનના કારણે આ વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી, જેને પાછળથી પોલીસે આવીને સામાન્ય કરાવી હતી. અસિત મજુમદારે આક્ષેપ કર્યો હતો કે અત્યાચારનો સામનો કરી રહેલા કાર્યકરોને મળવા ગયેલા અભિષેક બેનરજી પર ઈંડા અને પગરખાં ફેંકીને તેમનું અપમાન કરવામાં આવ્યું છે, જે બિલકુલ સહન નહીં કરવામાં આવે.

## બંગાળમાં અભિષેક બેનરજી બાદ વધુ એક મોટા નેતા પર હુમલો, માથામાં ક્યૂઝ બોલ વાગતાં લોહીલુહાણ

**(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.31**



પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલો ભારે રાજકીય તણાવ હવે હિંસક વળાંક લઈ રહ્યો છે. શનિવારે તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી અભિષેક બેનરજી પર થયેલા હુમલા બાદ, હવે રવિવારે ટીએમસીના વધુ એક વરિષ્ઠ નેતા અને સાંસદ કલ્યાણ બેનરજી પર હુગલી જિલ્લામાં કથિત રીતે હુમલો અને મારપીટ કરવામાં આવી છે. આ ઘટના ત્યારે બની જ્યારે તેઓ એક પ્રતિનિધિમંડળ સાથે ચંડિતલા પોલીસ સ્ટેશનમાં આવેદનપત્ર સોંપવા જઈ રહ્યા હતા.પ્રાપ્ત માહિતી અનુસાર, કલ્યાણ બેનરજી જ્યારે રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કેટલાક પ્રદર્શનકારીઓએ તેમનો ઉગ્ર વિરોધ શરૂ કર્યો હતો. પ્રદર્શનકારીઓએ ટીએમસી સાંસદને કાળા ઝંડા બતાવ્યા હતા અને તેમના વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. આ વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થિતિ અચાનક વધુ તણાવપૂર્ણ બની ગઈ હતી અને ભીડે સાંસદને ચારેય તરફથી ઘેરી લીધા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, ત્યાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને સાંસદ સાથે ધક્કામુક્કી તેમજ મારપીટ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા જોતાં જ તુરંત સુરક્ષાકર્મીઓ અને સ્થાનિક પોલીસે હસ્તક્ષેપ કરીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

# લખનૌમાં મહિલા પર હુમલાના આરોપીની પોલીસ એન્કાઉન્ટરમાં ધરપકડ

લખનૌ : ઉત્તર પ્રદેશના લખનૌમાં ગુનાખોરી ડામવા માટે પોલીસ સતર્ક બની છે. રવિવારે સવારે કુક્રેલ બ્રિજ પાસે પોલીસ અને એક આરોપી વચ્ચે થયેલી અથડામણમાં મહિલા પર હુમલો કરનાર ૩૪ વર્ષીય આરોપી સની યાદવની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો હતો અને પોલીસની ગાડીને નિશાન બનાવી હતી. આત્મરક્ષણ માટે પોલીસે કરેલા વળતા ફાયરિંગમાં આરોપીના જમણા પગમાં ઈજા થઈ હતી, ત્યારબાદ તેને ઝડપી લઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

ડીસીપી દીક્ષા શર્માએ જણાવ્યું કે, વિકાસ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક યુવતી સાથે છેડતી અને નિર્દયતાથી હુમલો થયાની ઘટના બની હતી. પોલીસે તરત જ સખત કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ઓળખ કરી હતી અને તેને પકડવા માટે ખાસ ટીમો બનાવી હતી. આરોપી સની યાદવને પકડવા માટે અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. હાલમાં આરોપીની કડક પૂછપરછ ચાલી રહી છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.બીજી તરફ, લખનૌના વિભૂતિખંડ વિસ્તારમાં ભાજપના યુવા નેતા શિવમ સિંહની હત્યાના કેસમાં પોલીસે મોટી સફળતા મેળવી છે. ક્રાઈમ બ્રાન્ચ, સ્વાત (SWAT) અને વિભૂતિખંડ પોલીસની સંયુક્ત ટીમે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. શિવમ સિંહ પર ૨૫-૨૬ મેની રાત્રે પથ્થરો વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવાથી તેમનું મૃત્યુ થયું હતું.

# ભારતે હોર્મુઝમાં બાકીના 13 જહાજોને પરત લાવવા ઓપરેશન શરૂ કર્યું

નવી દિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચેના વિવાદનો અંત ન આવતા ભારતે હોર્મુઝમાં બાકી રહેલા ૧૩ જહાજોને બહાર કાઢવા માટે ઓપરેશન શરૂ કર્યુ છે. આ પગલું ભારતીય ખલાસીઓ, નાગરિકો અને કોમર્સિયલ હિતોની સુરક્ષા માટે ઘણા મંત્રાલયોના તાલમેળથી ચલાવવામાં આવેલા સરકારી પ્રયત્નોનું પરિણામ છે. વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને ઈરાન યાત્રાથી બચવાની સલાહ આપી છે.મંત્રાલયે ઈરાનમાં ઉપલબ્ધ લોકોને ભારતીય રાજદૂતાવાસની મદદ લઈને બહાર નીકળી જવાની સલાહ આપી છે. પોર્ટ, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયમાં ડાયરેક્ટર ઓપેશ કુમાર શર્માએ જણાવ્યું હતું કે હોર્મુઝની ખાડીમાંથી પસાર થઈ રહેલા ભારતીય જહાજોની મદદ માટે પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે અમારી અગ્રતા પોતાના જહાજોને ત્યાંથી સલામત નીકાળવાની છે. ભારતીય ઝંડાવાળા લગભગ ૧૩ જહાજ ત્યાં હાજર છે. તેમા એલપીજી ટેન્કર, પાંચ ક્રૂડ ઓઈલના ટેન્કર, એક કેમિકલ કે પ્રોડક્ટ ટેન્કર, ત્રણ કન્ટેનર જહાજ, બે બલ્ક કેરિયર અને એક ડ્રેજર સામેલ છે. અધિકારીઓના જણાવ્યા મુજબ આ જહાજોમાં ક્રૂડ ઓઈલના ટેન્કર, કન્ટેનર શિપ, બલ્ક કેરિયર અને ડ્રેજર સામેલ છે. ખાડી ક્ષેત્રમાં સમુદ્રની સુરક્ષા ચિંતાઓને લઈને સરકાર તેના આવનજાવન પર ખાસ નજર રાખી રહી છે. શર્માએ એમ પણ જણાવ્યું હતું કે માર્શલ આઈલેન્ડ્સના ઝંડાવાળુ ક્રૂડ ઓઈલ ટેન્કર નિસોસ કેરોસ ૨૫ અને ૨૬ મેના રોજ સુરક્ષિત રીતે હોર્મુઝ પાસ કરી ચૂક્યું છે. આ જહાજ લગભગ ૨.૭ લાખ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ લઈ આવી રહ્યું છે. તે ત્રણ જૂને વિશાખાપટ્ટનમ પહોંચવાની આશા છે. તેમણે જણાવ્યું હતું કે આ જહાજ પર ચાલક દળના બધા સભ્યો વિદેશી છે. આ ક્ષેત્રમાં હાજર બધા ભારતીય ખલાસી સલામત છે. ભારતીય કે વિદેશી ઝંડાવાળા કોઈપણ કોમર્સિયલ જહાજ પર ભારતીય નાગરિકો સાથે જોડાયેલી ઘટનાની કોઈ સૂચના મળી નથી. મંત્રાલયોના જણાવ્યા મુજબ ભારતીય અને વિદેશી ઝંડાવાળા જહાજો પર બધા નાગરિકો સલામત છે.


## જના સ્મોલ ફાઈનાન્સ બેંક (શેડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

**રજિસ્ટર્ડ ઓફિસ:** ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં. 10/1, 11/2 અને 12/2B, ડોમલુર ઓફ, કોરમંગલા ઈનર રિંગ રોડ, E GL બિઝનેસ પાર્ક પાસે, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-560071.

### સોનાના ઘરેણાંની હરાજી માટે જાહેર સૂચના

નીચે દર્શાવેલ ઋણગ્રાહકોએ અનેક યાદ અપાવ્યા છતાં નિર્ધારિત સમયમર્યાદામાં લોનની ચુકવણી કરી નથી તથા ગીરવે મુકાયેલા સોનાના આભૂષણો છોડાવ્યા નથી. તેથી નીચે દર્શાવેલ લોન ખાતાઓ હેઠળ ગીરવે મુકાયેલા સોનાના આભૂષણોની જાહેર / ઓનલાઈન / ખાનગી હરાજી અમારી શાખા કચેરી ખાતે તારીખ 23.06.2026 ના રોજ સવારે 10.30 વાગ્યે યોજવામાં આવશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક વ્યક્તિઓએ સંબંધિત શાખાનો સંપર્ક કરવો. બેંક કોઈપણ કારણ આપ્યા વગર કોઈપણ બોલી સ્વીકારવા અથવા નામંજૂર કરવાનો સંપૂર્ણ અધિકાર રાખે છે. કૃપા કરીને નોંધ લો કે જો હરાજી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો તે પછીના દિવસોમાં પણ સમાન નિયમો અને શરતો હેઠળ ચાલુ રહેશે. જો ગ્રાહકનું અવસાન થયું હોય તો હરાજી સંબંધિત તમામ નિયમો અને શરતો નોમિની / કાનૂની વારસદારોને લાગુ પડશે. ઋણગ્રાહકોને આ દ્વારા સૂચિત કરવામાં આવે છે કે હરાજીની તારીખ પહેલાં બાકી વ્યાજ તથા અનુસંગિક ખર્ચની ચુકવણી કરી દેવી. અન્યથા ગીરવે મુકાયેલા સોનાના આભૂષણો વેચી દેવામાં આવશે અને બાકી રકમ હોય તો તે વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. વધુ માહિતી તથા નિયમો અને શરતો માટે સંબંધિત શાખાનો સંપર્ક કરો. શાખાના સરનામાની વિગતો માટે www.janabank.com ની મુલાકાત લો.

| ક્રમ | લોન એકાઉન્ટ નંબર | દેવાદાર/સહ-દેવાદારનું નામ | ગીરો સોનાના દાગીનાનું કુલ વજન (ગ્રામમાં) |
|---|---|---|---|
| 1 | 45168740000825 | ગજ્જર અમૃત | 62.59 |
| 2 | 45168730002637 | નિરુબેન કનોજીયા | 3.01 |
| 3 | 45168730001992 | કપિલાબેન મનહરભાઈ રાઠોડ | 5.9 |
| 4 | 45168730001890 | પરમાર પ્રભુદાસ | 8.76 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 101, 1સ્ટ ફ્લોર, સિગ્મા આર્કેડ, ચાંદખેડા, અમદાવાદ. | |
| 5 | 36528160000312 | ઠક્કર જીગર ઉપેન્દ્રભાઈ | 520.92 |
| 6 | 36528740001630 | સૈયદ અહેમદઅલી | 8.12 |
| 7 | 36528730012668 | પરમાર રતિલાલભાઈ | 15.7 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 1સ્ટ ફ્લોર, નં. 101, 102, 103, શિવ સુંદરમ કોમ્પ્લેક્સ, એક્સિસ બેંકની સામે, દીપ ચેમ્બર્સ ક્રોસ રોડ, માંજલપુર. | |
| 8 | 33468740002783 | ઝાલોરા કૈલાશકુમાર | 71.95 |
| 9 | 33460670000697 | અન્સારીજુલાહા મો રાશિદ | 359.3 |
| 10 | 33460670000671 | બ્રજમોહન સિંહ | 239.53 |
| 11 | 33468740002671 | ગરાંગે અંકુરભાઈ | 56.65 |
| 12 | 33468740004023 | અખિલેશ કે. ચૌહાણ | 115.52 |
| 13 | 33468740003190 | પ્રજાપતિ રવિભાઈ રાજકિશોર | 20.2 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 1સ્ટ ફ્લોર, શોપ નં. 115 & 116, નમસ્કાર સર્કલ પાસે, સ્વામી નારાયણ મંદિરની સામે, શાહીબાગ, ગુજરાત. | |
| 14 | 36498740000826 | પરમાર સુરજબા ભવસિંહ | 7.5 |
| 15 | 45228730003138 | માધવાણી બ્રિજેશભાઈ હસમુખભાઈ | 4.7 |
| 16 | 45228740000912 | અમીપરા અરવિંદભાઈ છગનભાઈ | 3.49 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ફર્સ્ટ ફ્લોર, બિઝનેસ એવન્યુ, કે.કે.વી સર્કલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ-360005. | |
| 17 | 33998740002870 | ઢુકરે ચેતન પ્રમોદભાઈ | 10.07 |
| 18 | 33998740003321 | વિમલ ગજાનંદ શર્મા | 54.7 |
| 19 | 32108730007430 | ગીતાબેન ભારદ | 8.2 |
| 20 | 33368740000751 | ખાન હુમાયુ | 21.51 |
| 21 | 32148730005913 | ખાંટ દીપકકુમાર ભારતભાઈ | 6.1 |
| 22 | 33368730026780 | સલમાની શાહેજાદે મસીઉદ્દીન | 49.4 |
| 23 | 33028740001378 | સરોજબેન રાણા | 35.22 |
| 24 | 33998740003334 | કુસુમબેન રમેશભાઈ | 36.42 |
| 25 | 33368740000774 | ચૌહાણ સુરજ | 17.99 |
| 26 | 45170670000033 | શેખ ફુરકાન અબ્દુલ કયુમ | 190.21 |
| 27 | 32108730007364 | પાટણી સરોજબેન | 4 |
| 28 | 33998740003308 | ખાટવા સોનલબેન પ્રકાશભાઈ | 19.15 |
| 29 | 32148730005787 | બારિયા નિકુલકુમાર | 9.7 |
| 30 | 31808730018629 | વાઘેલા સાહિલ | 15.59 |
| 31 | 45178740000100 | પિલ્લાઈ પ્રવીણકુમાર | 13.97 |
| 32 | 33028730014907 | પર્વતીબેન સુરેશભાઈ | 3.75 |
| 33 | 33998740002041 | પાર્થકુમાર ડોબરિયા | 43.7 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, જીએફ, ઓરમ એવન્યુ (સન સિટી હાઉસ), કોટક મહિન્દ્રા બેંકની સામે, ગૃહ ફાઈનાન્સ પાસે, મિઠાખળી, અમદાવાદ-380006. | |
| 34 | 45258740000125 | જિયાણી હાર્દિક મુકેશભાઈ | 16.69 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ગ્રાઉન્ડ ફ્લોર, પ્રોટોન પ્લસ, એલ પી સવાણી રોડ, અડાજણ, સુરત-395009 | |
| 35 | 48368730007042 | પ્રકાશકુમાર ગિરીશભાઈ ઠાકરાડા | 7.06 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 3, પ્લોટ નં. 1, ગેલેક્સી-2 કોમ્પ્લેક્સ, સાબરકાંઠા બેંક પાસે, રેલવે સ્ટેશન રોડ, મૌજે વડાલી, તા. વડાલી, જી. સાબરકાંઠા, પિન કોડ-383235. | |
| 36 | 30748730010252 | જાડેજા રવિરાજસિંહ | 17.73 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 101-102, રિદ્ધિ સિદ્ધિ કોમ્પ્લેક્સ, પટેલ કોલોની 1, મહિલા કોલેજ પાસે, જામનગર-361001. | |
| 37 | 30978740001446 | ભરત સિંહ | 19.88 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 1સ્ટ ફ્લોર, શિવાલિક કોમ્પ્લેક્સ, શોપ નં. F-1 & F-2, નારાયણપુરામાં સ્થિત, અમી કુંજ ક્રોસ રોડ, નારણપુરા પોસ્ટ ઓફિસ પાસે, અમદાવાદ-380013. | |
| 38 | 31498730017062 | નેહાબેન પ્રતાપ | 4.89 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 201/202, શ્રી અષ્ટવિનાયક સિટી મોલ, માધવ દર્શનની સામે, વાઘાવાડી રોડ, ભાવનગર-364001. | |
| 39 | 31998730009871 | વણકર ભાનુભાઈ | 22.36 |
| 40 | 31998730009868 | વણકર ભાનુભાઈ | 8.27 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 2જો ફ્લોર, "સાઈ દર્શન કોમ્પ્લેક્સ, પ્લોટ નં. 5 પૈકી, રિલાયન્સ પેટ્રોલ પંપની સામે, લુણાવાડા હાઈવે, ભુરવાવ રોડ, ગોધરા-389001. | |
| 41 | 31028740000434 | ગજેરા સહજ લાલજીભાઈ | 87.02 |
| 42 | 31028740000319 | જસાણી શૌનક વલ્લભભાઈ | 40.95 |
| 43 | 31028740000447 | ડેનિશા કિશોરકુમાર જાદવ | 17.83 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, પ્લોટ નં. 407, 408, 4થો ફ્લોર, સ્વાસ્તિક પ્લાઝા, વોર્ડ નં. 356, યોગી ચોક, વરાછા, સુરત, ગુજરાત-395006. | |
| 44 | 31798730011422 | રાશિદાબેન મહેમૂદ હુસેન | 3.49 |
| 45 | 31798730011419 | સોલંકી પારુલબેન | 4.2 |
| 46 | 31798730011406 | પટેલ આશિષકુમાર રમેશભાઈ | 3.27 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, આર.એસ. નં. 87111/, પ્લોટ નં. 51 થી 73, રત્નસાગર કોમ્પ્લેક્સ, 2જો ફ્લોર, શોપ નં. 51 થી 55, સહકાર જીન રોડ, કંકણોલ ગામ, હિંમતનગર-383001. | |
| 47 | 33540670000045 | મહેન્દ્ર મોહનલાલ પુરસ્વાણી | 171.51 |
| 48 | 33548740000533 | રોહિત રમેશભાઈ ભવનભાઈ | 43.89 |
| 49 | 33548740001180 | વૈશાલી નિર્ભાન | 19.55 |
| 50 | 33548740001217 | ચૌહાણ નિર્મળસિંહ | 9.81 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, શોપ નં. 1, ટાવર A, સિગ્નેટ પ્લાઝા, કુણાલ ચાર રસ્તા, ગોત્રી રોડ, વડોદરા-390021. | |
| 51 | 49730670000114 | કાપડિયા દેવલકુમાર બચુભાઈ | 89.29 |
| 52 | 49730670000012 | ચાવડા ખમીશા અહમદ | 193.69 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, સિંધુ-2, ઓફિસ નં. 1, ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નંબર 302, વોર્ડ નં. 12-B, આદિપુર-ગાંધીધામ, કચ્છ, ગુજરાત-370201. | |
| 53 | 40438730000268 | ભરવાડ ભરતભાઈ ગોવિંદભાઈ | 54.53 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, સર્વે નંબર 541/1, મિલકત નં. 474, મુ. નવાગામ, પ્રાથમિક શાળાની સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, મુ. નવાગામ, તા. કપડવંજ, જી. ખેડા, પિન-387620. | |
| 54 | 30718740000043 | કિશોર સકડિયા | 15.08 |
| 55 | 45248730001801 | સરવૈયા હાર્દિક વનમાળીભાઈ | 19.58 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, શોપ નં. 1 & 2, ગ્રાઉન્ડ & 1સ્ટ ફ્લોર, શ્લોક બિઝનેસ સેન્ટર, રિંગ રોડ, ઉધના દરવાજા, સુરત, પિન-395002, ગુજરાત. | |
| 56 | 45188740000230 | પઠાણ આકિબ | 74.79 |
| 57 | 45188740000256 | પઠાણ મોહમ્મદ અમન | 37.64 |
| 58 | 45180670000048 | ચિંતન એન. બંધારા | 330.75 |
| 59 | 45188740000220 | મોહમ્મદ ઉમરખાન શ્રી સાગિર અહેમદ ખાન | 66.22 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, યુનિટ નં. 2 અને ગ્રાઉન્ડ ફ્લોર, પંચમ હાઈસ્ટ્રીટ, ઓપી રોડ, વડોદરા-390024. | |

સ્થળ: ગુજરાત
તારીખ: 01.06.2026

Sd/- અધિકૃત અધિકારી
જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ

સિટી એક્સપ્રેસ
MONDAY 01 JUNE-2026
AHMEDABAD

### MSU હેડ ઓફિસનો મુખ્ય ગેટ કચ્ચરઘાણ

વડોદરા | વડોદરાની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU)ની હેડ ઓફિસના મુખ્ય ગેટ પાસે ગત મોડી રાત્રે ભારે પવન અને સામાન્ય વરસાદના કારણે એક વર્ષો જૂનું મહાકાય વૃક્ષ અચાનક ધરાશાયી થયું હતું. આ ઘટના રાત્રિના સમયે ઘટી હોવાથી એક બહુ મોટી જાનહાનિ ટળી ગઈ છે, પરંતુ વૃક્ષ તૂટી પડવાના કારણે યુનિવર્સિટીના મુખ્ય ગેટનો સંપૂર્ણ કચ્ચરઘાણ વળી ગયો છે. આ અકસ્માત બાદ સ્થાનિક તંત્ર અને યુનિવર્સિટી પ્રશાસનની પ્રી-મોન્સૂન (માનસૂન પૂર્વેની) કામગીરીના દાવાઓ પર ગંભીર સવાલો ઊભા થયા છે.

### RBIના નામે વોટ્સએપમાં નકલી મેસેજ અને ZIP ફાઈલ મોકલીને છેતરપિંડી

વડોદરા | આજ કાળ ડિજિટલ યુગમાં સાયબર છેતરપિંડીના કિસ્સાઓમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના નામે વોટ્સએપ પર નકલી મેસેજ મોકલીને લોકોને ફસાવવાની નવી તરકીબ અપનાવવામાં આવી રહી છે. સ્કેમર્સ RBIના અસલી લોગોનો ઉપયોગ કરીને બેંક એકાઉન્ટ બંધ કરવાની ધમકી આપે છે અને .ZIP ફાઈલ ડાઉનલોડ કરવા માટે લલચાવે છે, જે ખોલતાની સાથે જ ખાતું હેક થઈ શકે છે.સાયબર ગુનેગારો વિશ્વાસ જીતવા માટે RBIનો લોગો પ્રોફાઈલ પિક્ચર તરીકે વાપરે છે.



# ગુજરાતમાં મેઘરાજાની ધડબડાટી, મહીસાગરમાં વૃક્ષો ધરાશાયી

## સુરત, અમદાવાદ, અરવલ્લી, સાબરકાંઠામાં ભારે પવન સાથે વરસાદ; આજે રાજ્યમાં ધોધમારની ચેતવણી



અમદાવાદ | હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી સત્તાવાર આગાહી વચ્ચે ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો આવ્યો છે. 31 મેની મધરાતે 12 વાગ્યા બાદ મહીસાગર, સાબરકાંઠા, અરવલ્લી, અમરેલી, ગીર સોમનાથ અને અમદાવાદ સહિતના જિલ્લાઓમાં ભારે પવન, તીવ્ર વાવાઝોડું અને વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાના કારણે રાજ્યમાં આ પ્રી-મોન્સૂન સિસ્ટમ ઊભી થઈ છે. છેલ્લા કેટલાક સમયથી અસહ્ય ઉકળાટ અને કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારી ગયેલી જનતાને તાપમાનમાં 3થી 5 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાતા મોટી રાહત મળી છે, પરંતુ તોફાની પવનના કારણે અનેક શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ જતાં અંધારપટ છવાયો હતો.

સવારે સુરતના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વરસાદ શરૂ થયો છે. ભારે વરસાદને કારણે રોડ પર પાણી વહેતાં થયા હતાં. ઘણા સમયથી થતી અસહ્ય ગરમી અને અકળામણથી લોકોને રાહત મળી છે. આ ઉપરાંત જૂનાગઢના દાતાર પર્વત ઉપર વરસાદી માહોલમાં પ્રવાસીઓએ આનંદ માણતા જોવા મળ્યાં હતાં.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ટ્રફ અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને કારણે ગુજરાતમાં આગામી 7 દિવસ સુધી વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન આશરે 40 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. જોકે દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થયા બાદ સાંજ અને રાત્રિના સમયે હળવાથી મધ્યમ વરસાદ વરસવાની શક્યતા છે, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી શકે છે. આ સાથે જ રાજ્યમાં પવનની ગતિમાં પણ વધારો જોવા મળી શકે છે. આગામી 3 દિવસ દરમિયાન અનેક વિસ્તારોમાં પવનની ગતિ 50થી 60 કિલોમીટર પ્રતિ કલાક સુધી રહેવાની આગાહી કરવામાં આવી છે. ત્યારબાદના દિવસોમાં પવનની ગતિ 40થી 50 કિલોમીટર પ્રતિ કલાક વચ્ચે રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજસ્થાન અને મધ્યપ્રદેશને અડીને આવેલા વિસ્તારોમાં આજે ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અરવલ્લી, મહીસાગર, દાહોદ અને પંચમહાલમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે બાકીના જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા શહેર ઉપરાંત ખાનપુર, સંતરામપુર, ગોધર અને કડાણા સહિતના તમામ તાલુકા વિસ્તારોમાં મધરાત બાદ તોફાની વરસાદ વરસ્યો હતો. ભારે પવનના કારણે કડાણા થી લીંબોડા ગામ વચ્ચેના માર્ગ પર એક વિશાળ ઝાડ રસ્તાની વચ્ચોવચ ધરાશાયી થતાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે અટકી પડ્યો હતો.

બીજી તરફ, મલેકપુર-કડાણા હાઈવે માર્ગ પર પણ એક વિશાળ વૃક્ષ ધરાશાયી થઈ ગયું હતું. આ ઘટનાની જાણ થતાં જ મહીસાગર પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ની ટીમ તુરંત એક્શનમાં આવી હતી. SOG પીઆઈ વી.ડી. ધોરડા અને તેમના સ્ટાફે જેસીબીની રાહ જોયા વિના, જાતે જ ભારે જહેમત ઉઠાવીને રસ્તા પરથી વૃક્ષના તૂટેલા ભાગોને હટાવ્યા હતા. પોલીસની આ ઝડપી અને પ્રશંસનીય કામગીરીને કારણે હાઈવે પર વાહન વ્યવહાર ટૂંક સમયમાં ફરી કાર્યરત થઈ શક્યો હતો, જેને સ્થાનિકોએ ભારે બિરદાવી હતી.

આ આકાશી આફતની સૌથી મોટી અસર રમત જગત પર પડવાની આશંકા છે. આજે (31 મે) અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત અને બેંગલુરુ વચ્ચે IPLની મહાફાઈનલ મેચ યોજાવા જઈ રહી છે. જોકે, હવામાન વિભાગે મેચના દિવસે અમદાવાદમાં તેજ પવન અને થન્ડરસ્ટોર્મ એક્ટિવિટી સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જો મેચ દરમિયાન વરસાદ વિઘ્ન બનશે તો કરોડો ક્રિકેટ રસિયાઓની મજા બગડી શકે છે. હવામાન વિભાગ દ્વારા 4 જૂન સુધી સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલની જાહેરાત કરાઈ હોવાથી સ્ટેડિયમ સત્તાધીશો પણ એલર્ટ મોડ પર છે. સુરક્ષાના ભાગરૂપે માછીમારોને આગામી 5 દિવસ સુધી દરિયો ન ખેડવાની કડક સૂચના અપાઈ છે.

# ચૂંટણીમાં નબળા પ્રદર્શન બાદ કોંગ્રેસની બે દિવસ રિવ્યૂ બેઠક:જિલ્લાદીઠ 40 આગેવાનોને બેઠકમાં બોલાવાયા, પક્ષ વિરોધી પ્રવૃતિ કરનારની યાદી મંગાવાઈ; સંગઠનમાં ફેરફાર થઈ શકે

અમદાવાદ | સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અપેક્ષા મુજબનું પ્રદર્શન ન કરી શકેલી ગુજરાત કોંગ્રેસ હવે આત્મમંથનના મોડમાં આવી ગઈ છે. ચૂંટણી પરિણામોની સમીક્ષા કરવા માટે પ્રદેશ નેતૃત્વ બે દિવસીય(31 મે અને 1 જૂન) રિવ્યૂ બેઠકોનું આયોજન કર્યું છે. પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની હાજરીમાં શહેર પ્રમુખો, જિલ્લા પ્રભારીઓ અને સંગઠનના આગેવાનો સાથે બેઠક યોજાશે.

ચૂંટણીમાં ક્યાં ખામી રહી, સંગઠનનો કેટલો સહયોગ મળ્યો અને ધાર્યું પરિણામ કેમ ન આવ્યું તે મુદ્દે મંથન કરશે. તેમજ ચૂંટણીમાં નિષ્ક્રિય રહેનાર અને પક્ષ વિરોધી પ્રવૃતિ કરનાર નેતાઓની પણ યાદી મંગાવવામાં આવી છે. જેથી રિવ્યૂ બેઠક બાદ પક્ષ વિરોધી પ્રવૃતિ કરનાર નેતાઓની હકાલપટ્ટી કરી સંગઠનમાં મોટા ફેરફાર પણ થઈ શકે છે. કોંગ્રેસની બે દિવસની રિવ્યૂ બેઠકમાં પોલિટિકલ અફેર્સ કમિટી અને ઈલેક્શન કમિટી દ્વારા વિવિધ વિસ્તારોના ચૂંટણી પરિણામોનું વિશ્લેષણ કરવામાં આવશે. આજે(31 મે) પ્રથમ તબક્કામાં અમદાવાદના રાજીવ ગાંધી ભવન ખાતે મધ્ય ગુજરાતના જિલ્લાઓના પરિણામોને લઈને ચર્ચા થશે. જ્યારે આવતીકાલે મહેસાણા ખાતે ઉત્તર ગુજરાતના ચૂંટણી પરિણામોની સમીક્ષા કરવામાં આવશે. જે માટે પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક પણ બે દિવસ માટે ગુજરાત પ્રવાસે આવ્યા છે. જેથી રિવ્યૂ બેઠકમાં પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત સંગઠનના નેતાઓ ઉપસ્થિત રહેવાના છે.

### આંતરિક જૂથબંધી અને સ્થાનિક નેતાઓ વચ્ચેના મતભેદોની સમીક્ષા

દરેક જિલ્લામાંથી શહેર પ્રમુખ, જિલ્લા પ્રમુખ, ચૂંટણી લડનારા ઉમેદવારો તેમજ સંગઠનમાં જવાબદારી સંભાળતા આશરે 40 આગેવાનોને બેઠકમાં હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી છે. બેઠક દરમિયાન ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રદેશ નેતૃત્વ તરફથી કેટલો સહયોગ મળ્યો, સ્થાનિક સ્તરે કઈ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો અને મતદારો સુધી પક્ષનો સંદેશ પહોંચાડવામાં ક્યાં ખામી રહી તેમજ ઉમેદવારોની પંસદગી પ્રક્રિયામાં શું ખામી રહી ગઈ તે મુદ્દાઓ પર ચર્ચા થશે. સાથે જ કેટલાક વિસ્તારોમાં આંતરિક જૂથબંધી, સંકલનના અભાવ અને સ્થાનિક નેતાઓ વચ્ચેના મતભેદોની પણ સમીક્ષા કરવામાં આવશે.



દરેક જિલ્લામાંથી શહેર પ્રમુખ, જિલ્લા પ્રમુખ, ચૂંટણી લડનારા ઉમેદવારો તેમજ સંગઠનમાં જવાબદારી સંભાળતા આશરે 40 આગેવાનોને બેઠકમાં હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી છે. બેઠક દરમિયાન ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રદેશ નેતૃત્વ તરફથી કેટલો સહયોગ મળ્યો, સ્થાનિક સ્તરે કઈ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો અને મતદારો સુધી પક્ષનો સંદેશ પહોંચાડવામાં ક્યાં ખામી રહી તેમજ ઉમેદવારોની પંસદગી પ્રક્રિયામાં શું ખામી રહી ગઈ તે મુદ્દાઓ પર ચર્ચા થશે. સાથે જ કેટલાક વિસ્તારોમાં આંતરિક જૂથબંધી, સંકલનના અભાવ અને સ્થાનિક નેતાઓ વચ્ચેના મતભેદોની પણ સમીક્ષા કરવામાં આવશે. પ્રદેશ નેતૃત્વએ ચૂંટણી દરમિયાન નિષ્ક્રિય રહેલા અને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા નેતાઓના નામ પણ માંગ્યા છે. રિવ્યૂ બેઠક દરમિયાન શહેર પ્રમુખ સહિતના 40 લોકોનો અભિપ્રાય લેવામાં આવશે. જેથી બેઠક પૂર્ણ થયા બાદ શિસ્તભંગની કાર્યવાહી પણ થઈ શકે છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર અથવા ચૂંટણી દરમિયાન જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહેલા નેતાઓની હકાલપટ્ટી પણ થઈ શકે છે. ઝોનની સમીક્ષા બેઠકો પૂર્ણ થયા બાદ પ્રદેશ સંગઠનમાં પણ મોટા ફેરફારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# તારાપુર હાઈવે પર ઝાડીઓમાંથી દારૂ કટીંગનું રેકેટ ઝડપાયું

## રૂ.5.66 લાખથી વધુના મુદ્દામાલ સાથે ત્રિપુટીની ધરપકડ, ગુપ્ત ખાનામાં જથ્થો છૂપાવ્યો'તો



ગાંધીનગર | ગાંધીનગરના તારાપુર ગામથી ઉવારસદ તરફ જતા હાઈવે પર રાત્રિના અંધારાનો લાભ લઈ વિદેશી દારૂનું કટીંગ કરી રહેલા ત્રણ શખ્સોને અડાલજ પોલીસે પૂર્વ બાતમીના આધારે રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી દારૂ, વાહનો અને મોબાઈલ ફોન મળી કુલ 5.66 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરના અડાલજ પોલીસ મથકની હદ વિસ્તારમાં દારૂ જુગારની પ્રવૃતિઓ પર સતત વોચ રાખવા પીઆઈ એસ. જી. દેસાઈની સૂચનાથી સ્ટાફના માણસો પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે તારાપુર બ્રિજ નજીક આવેલી ખુલ્લી ઝાડીઓમાં કેટલાક શખ્સો લોડિંગ રિક્ષાઓમાં છુપાવેલો વિદેશી દારૂનું કટીંગ રહ્યા છે.

આ માહિતીને આધારે પોલીસે અત્રેના વિસ્તારને કોર્ડન કરી આરોપીઓ ભાગે તે પહેલા જ ઘેરાબંધી કરીને ત્રણ ઈસમોને દબોચી લીધા હતા. બાદમાં પોલીસે સ્થળ પરથી બે લોડિંગ રિક્ષા, બે બાઈક અને એક જ્યુપીટર સ્કૂટર કબજે કર્યા હતા. જ્યારે રિક્ષાઓની તલાશી લેવામાં આવી ત્યારે તેના બેઝમાં બનાવેલા ગુપ્ત ખાનાઓમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ, બીયરના ટીન અને ક્વાર્ટર મળી કુલ 821 નંગ જથ્થો મળી આવી હતી. જેની કુલ કિંમત 2,06,227 રૂપિયા થાય છે.

આ મામલે પોલીસ પૂછપરછ દરમિયાન આરોપી કમલેશભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ (રહે. મેઘાણીનગર, અમદાવાદ) અને પંકજ ગોવિંદભાઈ કશ્યપ (રહે. મેઘાણીનગર, અમદાવાદ) એ કબૂલાત કરી હતી કે તેઓ આ દારૂનો જથ્થો રાજસ્થાનના સાંચોર ખાતેથી લાવ્યા હતા. આ દારૂનો અમુક જથ્થો તેઓ આરોપી ભાર્ગવ પ્રદીપભાઈ રાઠોડ (રહે. નિકોલ, અમદાવાદ) ને આપવા માટે ઉભા હતા તે દરમિયાન જ પોલીસ ત્રાટકી હતી.

આ કાર્યવાહીમાં પોલીસે દારૂ ઉપરાંત બે લોડિંગ રિક્ષા, બે બાઈક, એક જ્યુપીટર અને બે મોબાઈલ ફોન મળી કુલ 5,66,227 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી દારૂના નેટવર્કના જડમૂળ સુધી પહોંચવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# કલોલમાંથી દારૂનું મસમોટું નેટવર્ક ઝડપાયું : છત્રાલ GIDCમાં દારૂના ગોડાઉનમાંથી રાજસ્થાની ગેંગના સાગરીતની ધરપકડ

(એજન્સી) ગાંધીનગર | તા. 31

કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની ટીમે છત્રાલ GIDC વિસ્તારમાં ચાલતા વિદેશી દારૂના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પૂર્વ બાતમીના આધારે પોલીસે એરાઈશ એસ્ટ્રેટમાં આવેલા એક ગોડાઉનમાં દરોડો પાડી વિદેશી દારૂની 2640 બોટલ સાથે રાજસ્થાની ગેંગના એક સાગરીતને ઝડપી લીધો છે. આ સમગ્ર કાર્યવાહીમાં પોલીસે દારૂ, કાર અને મોબાઈલ મળી કુલ રૂ. 11,59,708નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલ તાલુકા પોલીસ મથકના પીઆઈ જે.જે. ગઢવીની ટીમને બાતમી મળી હતી કે છત્રાલ GIDCના એરાઈશ એસ્ટ્રેટમાં આવેલ પ્લોટ નં. સી/51 ના ગોડાઉનમાં માંગીલાલ બિશ્નોઈ નામના શખ્સે ગોડાઉન ભાડે રાખી તેમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રાખ્યો છે. આ બાતમીના પોલીસે ગોડાઉનમાં ત્રાટકીને તપાસ કરતા પ્લાસ્ટિકના પીપ અને પીપ કાપવાના મશીનો જોવા મળ્યા હતા. અને પ્લાસ્ટિકના પીપની પાછળ ખાખી રંગના પૂંઠાના બોક્સમાં વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની પેટીઓ છુપાવીને રાખવામાં આવી હતી. પોલીસે સ્થળ પરથી ચુનારામ ઉર્ફે સુનીલ પુખરાજ મેઘવાલ (રહે. જાલોર, રાજસ્થાન) ને ઝડપી પાડ્યો હતો. જેની પૂછપરછમાં સામે આવ્યું હતું કે આ ગોડાઉન માંગીલાલ ઉર્ફે શ્યામસિંગ રામલાલ શાહુ બિશ્નોઈએ ભાડે રાખ્યું હતું. આ દારૂનો જથ્થો તેણે પોતાની બ્રેઝા ગાડીમાં લાવીને ગોડાઉનમાં ઉતાર્યો હતો. જોકે દરોડા દરમિયાન મુખ્ય સૂત્રધાર માંગીલાલ મળી આવ્યો નહોતો. જેના પગલે પોલીસે રૂ.4.44 લાખ થી વધુની કિંમતનો દારૂનો જથ્થો, કાર, ત્રણ મોબાઈલ મળીને કુલ રૂ.11,59,708 નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બુટલેગર કિશોરસિંહ લંગડા અને તેના પુત્ર સામે 307 રદ્દ : વરઘોડામાં હવામાં ફાયરિંગ કર્યું હતુ...

(એજન્સી) અમદાવાદ । તા. 31

ગુજરાત હાઈકોર્ટમાં બુટલેગર કિશોર લંગડો અને તેના પુત્ર સહિત કુલ 6 જેટલા આરોપીઓએ અરજી દાખલ કરી હતી. તેઓની સામે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વર્ષ 2015 માં પોલીસ ફરિયાદ નોધાઈ હતી. 16 ફેબ્રુઆરી, 2015ના રોજ એક લગ્ન પ્રસંગમાં હવામાં રિવોલ્વર અને પિસ્તોલમાંથી ફાયરિંગ કરવાનો ગુન્હો તેઓની સામે નોંધાયો હતો. આરોપીઓ પર IPC 307- હત્યાનો પ્રયાસ, ઉપરાંત આર્મ્સ એક્ટની કલમો લાગી હતી.

ટ્રાયલ કોર્ટે આરોપીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી ડિસ્ચાર્જ અરજીને ફગાવી દીધી હતી. આ ઓર્ડર વિરુદ્ધ અરજદારોએ હાઈકોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે નોંધ્યું કે, આરોપીઓ પર લગ્નમાં હવામાં ફાયરિંગ કરવાનો ગુન્હો છે, પરંતુ કોઈને ઈજા પહોંચાડવાના ઈરાદા



વગર માત્ર હવામાં ફાયરિંગ કરવાથી હત્યાના પ્રયાસનો ગુનો બનતો નથી.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે હતું કે, મિસફાયર થવાની સ્થિતિમાં કોઈને ઈજા થઈ શકી હોત તેવી માત્ર આશંકા કે ધારણાના આધારે આરોપીઓ પર હત્યાના પ્રયાસનો કેસ ચલાવી શકાય નહીં. તેના માટે કોઈ કાનૂની પુરાવા કે ઈરાદો હોવો જરૂરી છે.

# 33 ગુન્હામાં આરોપી ધમો બારડ 5 દિવસના રિમાન્ડ પર : પગમાં ગોળી વાગી હતી...

અમદાવાદ | અમદાવાદના કૃષ્ણનગર પોલીસ મથકે કુખ્યાત આરોપી ધમા બારડ સામે BNSની કલમો અંતર્ગત ગુનો નોંધાયો હતો. આરોપી નાસતો ફરતો હતો ત્યારે તે સાયન્સ સિટી સ્થિતિ એક હોટલમાં રોકાયો હોવાની પોલીસને જાણ થતા તેને ઝડપી લેવા માટે પોલીસને પહોંચી હતી. પોલીસ તેને ઝડપીને લઈ જઈ રહી હતી ત્યારે તેને પોલીસ કર્મચારી પાસેથી પિસ્તોલ છીનવવા પ્રયત્ન કર્યો હતો. જેમાં ગોળી છુટતા તેના પોતાના પગે વાગી હતી. ધમા બારડને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જેને ડિસ્ચાર્જ અપાતા ક્રાઈમ બ્રાન્ચે તેને 7 દિવસના રિમાન્ડની માંગ સાથે અમદાવાદ મેટ્રો કોર્ટમાં રજૂ કર્યો હતો. મેટ્રો કોર્ટે તેના પાંચ દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે. ધમા બારડ સામે કુલ 33 જેટલા ગુના નોંધાયેલા છે.

આરોપીના રીમાન્ડ માંગતા રજૂઆત કરવામાં આવી હતી કે, તેની સામે ખૂન, ધમક, આર્મ્સ એક્ટ, ગુજસીટોક વગેરે જેવા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. તે હથિયાર રાખવાની ટેવ વાળો છે. ત્યારે હથિયાર ક્યાંથી લાવતો હતો તે જાણવાનું છે. તે ઓર્ગેનાઈઝ કામ સિન્ડિકેટ નો સભ્ય છે કે લીડર છે, તેની તપાસ કરવાની છે. તેને અન્ય કયા પ્રકારના ગુના કર્યા છે તે જાણવાનું છે.

# અમદાવાદમાં 'લા મિલાનો'ના પિઝામાંથી નીકળી જીવાત : "ભૂલ થઈ ગઈ, રિફંડ લઈ લો"

(એજન્સી) અમદાવાદ | તા. 31

સ્માર્ટ સિટી અમદાવાદમાં ખાવા-પીવાની ચીજવસ્તુઓની ગુણવત્તા અને સ્વચ્છતા સામે ફરી એકવાર મોટા સવાલો ઊભા થયા છે. શહેરમાં ખાસ કરીને આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરની ફૂડ બ્રાન્ડ્સના આઉટલેટ્સમાં અવારનવાર જીવાતો નીકળવાના કિસ્સાઓ સામે આવતા રહે છે. આવો જ એક આઘાતજનક કિસ્સો નિકોલ વિસ્તારમાંથી પ્રકાશમાં આવ્યો છે, જ્યાં પ્રખ્યાત પિઝા આઉટલેટ 'લા મિલાનો પિઝેરિયા' (La Milano Pizzeria) માંથી ઓનલાઈન મંગાવવામાં આવેલા પિઝામાંથી જીવાત નીકળતા ગ્રાહકે હોબાળો મચાવ્યો છે.

ઘટનાની વિગતો મુજબ અમદાવાદના



નિકોલ વિસ્તારમાં રસપાન ચાર રસ્તા પાસે 'લા મિલાનો પિઝેરિયા'નો સ્ટોર આવેલો છે. સ્થાનિક યુવક ધ્રુવિલ સોજીત્રાએ આ પિઝા સ્ટોરની સત્તાવાર એપ્લિકેશન પરથી ગાર્લિક બ્રેડ, પિઝા અને કોલ્ડ્રિંક્સ (કોક)નો ઓનલાઈન ઓર્ડર આપ્યો હતો. ઓર્ડર ડિલિવર થયા બાદ જ્યારે ધ્રુવિલે ભોજન શરૂ કર્યું અને પિઝાનો એક ટુકડો અડધો ખાધો, ત્યારે અચાનક તેની નજર પિઝાના બેઝ પર પડી હતી.

ધ્રુવિલે પિઝાને ધ્યાનથી જોતા તેના પર એક શંકાસ્પદ મરેલી જીવાત ચોંટેલી જોવા મળી હતી. જાણીતી બ્રાન્ડના પિઝામાં આ પ્રકારની ગંદકી જોઈને ગ્રાહક સ્તબ્ધ થઈ ગયો હતો. પિઝામાં જીવાત હોવાની ખાતરી થતાં જ તેણે તુરંત જ આ બાબતે નિકોલ સ્થિત લા મિલાનો પિઝેરિયાના સ્ટોર પર ફોન કરીને કડક શબ્દોમાં ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે પીડિત ગ્રાહકે જીવાત અંગે સ્ટોર પર હાજર કર્મચારીને જાણ કરી, ત્યારે જવાબદાર વ્યક્તિએ પોતાની ગંભીર બેદરકારી છુપાવવા માટે અત્યંત બેજવાબદાર વલણ અપનાવ્યું હતું. સ્ટોરના કર્મચારીએ ગ્રાહકના સ્વાસ્થ્યની ચિંતા કરવાને બદલે માત્ર એટલું જ કહ્યું કે, 'સર, અમારાથી ભૂલ થઈ ગઈ છે, અમે તમને આ ઓર્ડરનું રિફંડ (પૈસા પાછા) આપી દઈએ છીએ.' આ સાંભળી ગ્રાહક ધ્રુવિલ વધુ રોષે ભરાયો હતો અને આક્રોશપૂર્વક પૂછ્યું હતું કે, 'જો આ પિઝા કોઈ નાનું બાળક કે અન્ય વ્યક્તિ અંધારામાં આખો ખાઈ ગયું હોત અને તેની તબિયત બગડી હોત તો તેની જવાબદારી કોણ લેત? શું રિફંડ આપવાથી તમારી જવાબદારી પૂરી થઈ જાય છે?'

ગ્રાહક ધ્રુવિલ સોજીત્રાને તે જ સમયે તાકીદના કામ અર્થે તાત્કાલિક બહારગામ જવાનું હોવાથી, તેમણે તે નશાકારક અને દૂષિત ખોરાકને ફેંકી દીધો હતો. જોકે, તેમણે મીડિયા સમક્ષ સ્પષ્ટતા કરી છે કે આ પ્રકારની બ્રાન્ડ્સ ગ્રાહકોના જીવ સાથે રમત રમી રહી છે અને તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફૂડ વિભાગમાં આ સ્ટોર વિરુદ્ધ કડક કાનૂની કાર્યવાહી કરવા માટે સત્તાવાર ઓનલાઈન ફરિયાદ નોંધાવશે, જેથી અન્ય નાગરિકોના આરોગ્યનું રક્ષણ થઈ શકે.

તપાસ દરમિયાન સંસ્થા પાસે પેસ્ટ કંટ્રોલનું પ્રમાણપત્ર અને FSSAI (ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) નું લાયસન્સ હોવાનું માલૂમ પડ્યું હતું.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...